દૈનિક
# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. 1563/1957

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 190 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ શ્રાવણ વદ - 3 ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 August 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26

મંગળવાર, ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ , કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




# અમદાવાદમાં કારચાલકે ટૂ-વ્હિલરને ટક્કર મારી, બે યુવકનાં મોત, નબીરો ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં બેફામ કારચાલકો રાહદારીઓ અને નાના વાહનચાલકો માટે જીવલેણ બન્યા છે. અમદાવાદના નહેરુનગર વિસ્તારમાં ઝાંસીની રાણી બીઆરટીએસ બસ સ્ટેશન પાસે ૧૦ ઓગસ્ટની મોડી રાતે દોઢ વાગ્યે ગમખ્વાર અકસ્માત થયો હતો. જેમાં સ્કૂટર પર સવાર અકરમ કુરેશી અને અશફાક અજમેરી નામના બે યુવકનાં મોત થયાં હતાં.

કારચાલક રોહન સોની નામના યુવકે પૂરપાટ ઝડપે ટક્કર મારી હતી, જેના કારણે એક્ટિવાચાલક અને તેની પાછળ બેઠેલો યુવક ૧૦૦ ફૂટ સુધી ફંગોળાયા હતા. અકસ્માતમાં બંને યુવકનાં મોત થયાં છે. પોલીસે અકસ્માત મામલે તાત્કાલિક ગુનો નોંધી કોલેજિયન એવા કારચાલકની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી છે. આરોપી કારચાલક રોહન સોની વિરુદ્ધ અગાઉ પણ ઓવરસ્પીડ, કારમાં ડાર્ક ફિલ્મ, ડોક્યુમેન્ટ વિના વાહન ચલાવવું અને પોલીસ સાથે ઘર્ષણ જેવા અનેક મેમો નોંધાઈ ચૂક્યા છે. અકસ્માતના સીસીટીવી ફૂટેજના આધારે પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. મૃતકો અંગે મળતી વિગત મુજબ, બન્ને મિત્ર અશફાક અજમેરી (ઉં.વ.૨૨ રહે જમાલપુર) અને અકરમ કુરેશી(ઉં.વ. ૩૫ રહે જમાલપુર) સ્કૂટરમાં નહેરુનગરથી શિવરંજની તરફ જઈ રહ્યા હતા. કારચાલકે એટલી જોરથી ટક્કર મારી કે એક્ટિવા બીઆરટીએસ રેલિંગમાં ઘૂસી ગયું હતું, જેમાં અકરમનું ઘટનાસ્થળે જ મોત થઈ ગયું હતું, જ્યારે અશફાક અજમેરીને સોલા સિવિલમાં ફરજ પરના ડોક્ટરે ૫:૨૦ વાગ્યે મૃત જાહેર કર્યો હતો. બન્નેના મૃતદેહ પોસ્ટમોર્ટમ અર્થે મોકલી આપવામાં આવ્યા હતા. ■

# પાટીદારોની વસ્તી વધારવા દરેક પરિવારમાં ‘ચાર બાળક’ની ઉમિયાધામના પ્રમુખની હાકલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં પાટીદાર સમાજની અગ્રણી સંસ્થા વિશ્વ ઉમિયાધામના પ્રમુખ આર પી પટેલે મોટું નિવેદન આપ્યું હતું. તેમણે સમાજના લોકોને પરિવારમાં ત્રણથી ચાર બાળક પેદા કરવાની અપીલ કરીને કહ્યું, જો આમ નહીં થાય તો આગામી દિવસોમાં પાટીદાર સમાજની તાકાત ઘટી જશે. સંખ્યાબળ ઘટશે તો સામાજિક અને રાજકીય તાકાત પણ ઘટી જશે. આર પી પટેલે કહ્યું, જો રાજકીય તાકાત ઘટશે તો સનાતન ધર્મની તાકાત પણ ઘટશે. વિશ્વ ઉમિયાધામના પ્રમુખે કહ્યું, આ સ્થિતિમાં ઓછામાં ઓછા ત્રણથી ચાર બાળકો હોવા જરૂરી છે.

આર. પી. પટેલે કહ્યું હતું કે પાટીદારોમાં ‘વન ચાઈલ્ડ નો ચાઈલ્ડ’નો ટ્રેન્ડ ઘાતક છે. સુખી સંપન્ન પરિવારના એક બાળકને વધુ પ્રાધાન્ય આપી રહ્યા છે. આ સ્થિતમાં મારી તેઓને ત્રણથી ચાર બાળકો પેદા કરવાની અપીલ છે. એક બાળકના નિવેદન બાદ આર પી પટેલ ફરી એક વખત વિવાદમાં આવ્યા હતા. આ પહેલા તેમણે કહ્યું કે દીકરીઓના પ્રમ લગ્ન માટે પરિવારજનો દોષી છે. દીકરીઓને ઘરમાં પ્રેમ અને સ્નેહ મળતો નથી, તેથી તેઓ ઘરેથી ભાગી જાય છે અને બીજા સમુદાયમાં પ્રેમ લગ્ન કરે છે. આ સ્થિતિમાં દીકરીઓને ખૂબ પ્રેમ કરો.

તેમણે લોકોને દીકરીઓની ઉપેક્ષા નહીં કરવાની અપીલ કરી હતી. તેમણે પ્રેમ લગ્નમાં માતા-પિતાની મંજૂરી ફરજિયાત કરવાની માગ ઉઠાવી હતી.

આર. પી. પટેલના નિવેદન મુદ્દે પ્રતિક્રિયા આપતા અલ્પેશ કથીરિયાએ જણાવ્યું હતું કે આર પી પટેલનું નિવેદન ખૂબ સૂચક છે. ‘વન ચાઈલ્ડ, નો ચાઈલ્ડ’ની પોલિસીના કારણે ભવિષ્યમાં કાકા, મામા, ફઈ, માસી જેવી કુટુંબ વ્યવસ્થા નહીં રહે, તેનાથી સમાજની સંખ્યા પર ગંભીર અસર થશે. આપણે આ મુદ્દે ગંભીરતાથી વિચારવું જોઈએ.

રેશ્મા પટેલે જણાવ્યું, વધુ બાળકો હોવાથી સામાજિક કે રાજકીય પ્રગતિ ન થઈ શકે. ૩ બાળકો હોવા એ વાત સાથે હું સહમત નથી. લોકોમાં જાગૃતતા હોવી જરૂરી , વધુ બાળકો હોવા એ પરિવાર પર આધાર છે. યુવાનોમાં બેરોજગારી વધી છે, પરિવારનું પાલન કરવું મુશ્કેલ બન્યું છે. મોંઘવારીમાં ત્રણચાર બાળકો પાલવવા અઘરા છે.

ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં વિશ્વ ઉમિયાધામ પાટીદારોની અગ્રણી સંસ્થા છે. રાજ્યના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ તેની સાથે જોડાયેલા છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન છે. ગુજરાતમાં પાટીદાર સમાજ રાજકીય રીતે પણ ખૂબ સશક્ત છે. ■

# મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા સામે ડિરેક્ટરોમાં રોષ, પરિવારવાદના આક્ષેપો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગાંધીનગરની મધુર ડેરીમાં ચૂંટણી પહેલા વિવાદ સર્જાયો છે, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા સામે પરિવારવાદના ગંભીર આક્ષેપો થતા સંસ્થાની આંતરિક રાજનીતિ ગરમાઈ છે. કેટલાક ડિરેક્ટરોએ કર્યો હતો કે, શંકરસિંહ રાણાએ ફરી ચેરમેન બનવા માટે પોતાના જ પરિવારના પાંચ સભ્યોને અલગ-અલગ મંડળોમાં ચેરમેન બનાવ્યા છે. આ મુદ્દે ડિરેક્ટરોમાં ભારે રોષ છે અને તેઓ હવે આ મામલે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ સમક્ષ રજૂઆત કરશે.

ડિરેક્ટરોએ આક્ષેપ લગાવ્યો હતો કે, રાણા પરિવારના સભ્યોને અલગ-અલગ ગામો અને મંડળોમાં મહત્ત્વપૂર્ણ હોદ્દા પર બેસાડી તેમની પોઝિશન મજબૂત કરવામાં આવી છે. આ પગલાંને કારણે સંસ્થામાં આંતરિક અસંતોષ ફેલાયો છે.

જો કે, શંકરસિંહ રાણાએ આ આક્ષેપોને નકારી કાઢ્યા છે. તેમણે સ્પષ્ટતા કરી હતી કે, હું જે ગામમાંથી ચેરમેન છું, તે ગામમાંથી મારા પરિવારના સભ્યો ચેરમેન બની શકે નહીં. મારા પરિવારના સભ્યો જુદા-જુદા ગામોમાં રહે છે. જો તેઓ ચેરમેન બનવા માંગે, તો પોતાના ગામમાંથી નામ નોંધાઈ શકે છે. આમાં કશુ ખોટું નથી અને આ કાનૂની રીતે પણ ચેલેન્જ કરી શકાય એવું નથી.

રાણાએ વધુમાં જણાવ્યું હતું કે આ પ્રથા ૨૦૧૨થી ચાલતી આવી છે અને તેને ખોટી રીતે રજૂ કરવામાં આવી રહી છે. તેમના મતે, નિયમો અનુસાર કોઈપણ વ્યક્તિ પોતાના ગામ અથવા મંડળમાંથી ચૂંટણી લડી શકે છે, ભલે તે કોઈના કુટુંબનો સભ્ય કેમ ન હોય. ■

# સંસ્કારી નગરી વડોદરા દેશનું બીજા નંબરનું સલામત શહેર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સંસ્કારી નગરી તરીકે જાણીતું વડોદરા દેશનું બીજા ક્રમનું સૌથી સલામત શહેર જાહેર થયું છે. ઇન્ટરનેશનલ લેવલે જેમનું નામ ખૂબ પ્રતિષ્ઠિત છે તેવી વૈશ્વિક લેવલની સંસ્થા નિમ્બિયો દ્વારા જે શહેરનું સંચાલન મુશ્કેલીભર્યું ગણાય છે તેવા વડોદરા શહેરને ભારતનું બીજા નંબરનું સલામત શહેર જાહેર કર્યું હતું.

દેશના સૌથી સલામત શહેરમાં વડોદરાનું સ્થાન ટોચ પર રહ્યું છે. નિમ્બિયો સેફટી ઇન્ડેક્સ બાય સિટી-૨૦૨૫ દ્વારા જાહેર કરાયેલા તાજેતરના આ અહેવાલમાં દેશના સૌથી સલામત શહેર તરીકે મેંગ્લોર બાદ વડોદરા બીજા, અમદાવાદ ત્રીજા અને સુરત ચોથા ક્રમાંકે છે.

આ અહેવાલમાં પોલીસની હાજરી, ગુનાહિત પ્રવૃત્તિઓમાં ઘટાડો, રાત્રે બહાર નીકળવામાં નાગરિકોની નિર્ભયતા, ટ્રાફિક વ્યવસ્થા અને મહિલા સુરક્ષા જેવા માપદંડને આધારે ક્રમાંક અપાયો છે. શહેરના નાગરિકોએ શહેરમાં રહેતા સમયે પોતાને વધુ સલામત અને વિશ્વાસભર્યું અનુભવ્યું છે. ■

# અમદાવાદથી દિલ્હી જતી વિસ્તારાની ફ્લાઈટમાં ટૅકનિકલ ખામી સર્જાતા ટૅક-ઑફ રદ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં ગત ૧૨મી જૂને લંડન જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ ટૅક-ઑફ થયાની થોડીક જ ક્ષણોમાં ક્રેશ થઈ હતી. આ દુર્ઘટનામાં ૨૭૦ જેટલા લોકોનાં મોત થયાં હતાં. અમદાવાદ એરપોર્ટ પર આ દુર્ઘટના બાદ ફરી વાર એક ફ્લાઈટમાં ટેકનિકલ ખામી સર્જાતા ટેક ઓફ રદ કરી દેવાયુ હતું, જેના કારણે મુસાફરોને ફ્લાઈટમાંથી નીચે ઉતારી દેવાયા હતાં. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદ એરપોર્ટથી દિલ્હી જતી વિસ્તારાની ફ્લાઈટમાં ટૅક-ઑફની થોડીક ક્ષણો પહેલા જ ખામી સર્જાઈ હતી, જેના કારણે ફ્લાઈટમાં બેઠેલા મુસાફરોને નીચે ઉતારી દેવાયા હતાં. ટેકનિકલ ખામીને કારણે એરપોર્ટથી દિલ્હી જતી વિસ્તારાની ફ્લાઈટનું ટેકઓફ રદ કરી દેવાયું હતું, જેના કારણે મુસાફરો રઝળી પડ્યા હતાં. મુસાફરો એરપોર્ટ પર અટવાઈ પડતાં અનેક સવાલો ઊભા થયા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગત જુલાઈમાં અમદાવાદ એરપોર્ટ પર એક મોટી દુર્ઘટના ટળી હતી. અમદાવાદથી દીવ જતી ઈન્ડિગો એરલાઈન્સની ફ્લાઈટમાં ટેકનિકલ ખામી સર્જાઈ હતી. જેના કારણે મુસાફરોના જીવ તાળવે ચોંટ્યા હતાં. પાયલટે મૅ-ડે કોલ આપતાં જ ફ્લાઈટને ટૅક-ઑફ કરતાં અટકાવી દેવાઈ હતી. મુસાફરોને ફ્લાઈટમાંથી નીચે ઉતારી દેવાયા હતાં અને ફ્લાઈટ કેન્સલ કરાઈ હતી. ■

# આસારામની તબિયત લથડી, ઇન્દોરની હૉસ્પિટલમાં દાખલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: આસારામની તબિયત લથડી હતી, તેને ઈન્દોરની હૉસ્પિટલમાં આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો. સુરત દુષ્કર્મ કેસમાં ગુજરાત હાઇ કોર્ટે આસારામના હંગામી જામીન ૨૧ ઓગસ્ટ સુધી લંબાવ્યા હતા. રેપિસ્ટ ગુજરાત હાઈ કોર્ટ દ્વારા જારી કરાયેલા આદેશમાં જણાવાયું છે કે આસારામનું ‘ટ્રોપોનિન લેવલ’ ખૂબ જ ઊંચું છે. આ ચિંતાનો વિષય છે. તેમની સારવાર કરી રહેલા ડોક્ટરના મતે આસારામની હાલત ગંભીર છે. તેઓ હાલમાં ઈન્દોરની જ્યુપિટર હૉસ્પિટલના આઈસીયુમાં દાખલ છે.

થોડા દિવસ પહેલા આસારામે કોર્ટ સમક્ષ મેડિકલ ગ્રાઉન્ડ પર જામીન લંબાવવા માગ કરી હતી તેમ જ આ માટે તેણે હૉસ્પિટલ અને ડોક્ટરના પ્રમાણપત્રો રજૂ કર્યાં હતાં. આ પ્રમાણપત્રોને ચકાસવા માટે સરકારી વકીલે સમય માંગ્યો હતો અને આથી હવે આ અંગે વધુ સુનાવણી ૨૧મી ઓગસ્ટે યોજાશે, એટલે ત્યાં સુધી હંગામી જામીન લંબાવ્યા હતા.

અત્રે નોંધનીય છે કે કોર્ટે ત્રીજી વખત આસારામના જામીનને લંબાવ્યા હતા, આ પૂર્વે ૨૭ જૂને હાઇ કોર્ટે ૦૭ જુલાઈ સુધી જામીન લંબાવી આપ્યા હતા. ત્યાર બાદ ૦૩ જુલાઈએ હાઇ કોર્ટે આસારામના જામીન ૦૧ મહિનો સુધી વધાર્યા હતા ત્યારે આ ત્રીજીવાર જામીન લંબાવ્યા હતા. ■

# મનરેગા કૌભાંડ ભારે પડ્યું: પ્રધાન બચુ ખાબડને વધુ એક સરકારી કાર્યક્રમમાંથી પડતા મુકાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: દાહોદ જિલ્લામાં મનરેગા યોજનામાં આચરવામાં આવેલા રૂ. ૭૧ કરોડના કથિત કૌભાંડમાં અનેક મોટાં માથાંની સંડોવણી સામે આવી હતી. આ કેસમાં પ્રધાન બચુભાઈ ખાબડના બંને પુત્રો, બળવંત ખાબડ અને કિરણ ખાબડ, સહિત અનેક આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી. આ ઘટના બાદ મોટાભાગના રાજકીય કાર્યક્રમોમાં બચુ ખાબડની અવગણના કરવામાં આવી રહી છે. આ ઉપરાંત પ્રધાન મંડળનું વિસ્તરણ થશે ત્યારે તેમને પડતા મુકાશે તે નક્કી છે.

આ દરમિયાન પ્રધાન બચુ ખાબડની વધુ એક સરકારી કાર્યક્રમમાંથી બાદબાકી કરવામાં આવી હતી. ગુજરાત સરકાર દ્વારા ૧૫મી ઓગસ્ટના ધ્વજવંદન કાર્યક્રમો માટે બહાર પાડવામાં આવેલી યાદીમાં પ્રધાન બચુ ખાબડનું નામ સામેલ નથી. રાજ્યના તમામ પ્રધાનોને જિલ્લાવાર જવાબદારીઓ સોંપવામાં આવી છે, પરંતુ બચુ ખાબડને કોઈ પણ જિલ્લામાં ધ્વજવંદન માટે મોકલવામાં આવ્યા નથી.

સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા લિસ્ટ મુજબ, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ પોરબંદરમાં, વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી મહેસાણામાં, કનુભાઈ દેસાઈ નવસારીમાં, ઋષિકેશ પટેલ સાબરકાંઠામાં, રાઘવજી પટેલ જામનગરમાં, બલવંતસિંહ રાજપૂત વલસાડમાં, કુંવરજી બાવળીયા ગીર સોમનાથમાં, મૂળુભાઈ બેરા દેવભૂમિ દ્વારકામાં, કુબેર ડીંડોર પંચમહાલમાં, ભાનુબેન બાબરીયા રાજકોટમાં, જેઠાભાઈ ભરવાડ મહીસાગરમાં, હર્ષ સંઘવી ગાંધીનગરમાં, જગદીશ વિશ્વકર્મા મોરબીમાં, મુકેશભાઈ પટેલ ભરૂચમાં, ભીખુસિંહ પરમાર ખેડામાં, કુંવરજી હળપતિ તાપીમાં ધ્વજવંદન કરશે.

દાહોદમાં મનરેગા કૌભાંડમાં રાજ્ય પ્રધાન બચુ ખાબડના બંને પુત્રની સંડોવણી બહાર આવતાં તેમની ધરપકડ કરવામાં આવી હતી. ત્યાર બાદ બંને જણને જામીન પર મુક્ત કરાયા હતા. પરંતુ અન્ય કેસમાં ફરીવાર તેમની ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન રાજ્ય પ્રધાન બચુ ખાબડ કેબિનેટની બેઠકમાં સતત ગેરહાજર જોવા મળ્યા હતાં. તેમને દાહોદ ખાતે યોજાયેલા વડા પ્રધાન મોદીના કાર્યક્રમમાં પણ આમંત્રિત કરાયા નહોતા. તેઓ છેલ્લે ગોધરામાં શિક્ષણ મંત્રી કુબેર ડીંડોર સાથે એક કાર્યક્રમમાં જોવા મળ્યા હતા. ■

# ભારતીય બૅંકો બચત ખાતા જાળવવા માટે લઘુત્તમ બેલેન્સ નક્કી કરવા સ્વતંત્ર છે: આરબીઆઈ ગવર્નર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ભારતીય રિઝર્વ બૅંકના ગવર્નર સંજય મલ્હોત્રાએ સોમવારે જણાવ્યું હતું કે બૅંકો બચત ખાતાઓ માટે લઘુત્તમ બેલેન્સ નક્કી કરવા માટે સ્વતંત્ર છે અને તે આરબીઆઈના નિયમનકારી ક્ષેત્રમાં આવતું નથી. આરબીઆઈ ગવર્નર ગુજરાતના મહેસાણા જિલ્લાના ગોઝારિયા ગ્રામ પંચાયતમાં આયોજિત ‘ફાઇનાન્સિયલ ઇન્ક્લુ-ઝન સેચ્યુરેશન ડ્રાઇવ’ પરના એક કાર્યક્રમ દરમિયાન મીડિયાકર્મીઓ સાથે વાત કરી રહ્યા હતા.

ખાનગી બૅંક દ્વારા બચત ખાતાઓ માટે જરૂરી લઘુત્તમ બેલેન્સ વધારવા અંગે પૂછવામાં આવતા, મલ્હોત્રાએ કહ્યું, હતું કે,“આરબીઆઈએ તે અંગનો નિર્ણય લેવાનું બૅંકો પર છોડી દીધું છે કે તેઓ કેટલું લઘુત્તમ બેલેન્સ સેટ કરવા માંગે છે. કેટલીક બૅંકોએ તેને ૧૦,૦૦૦ રૂપિયા રાખ્યું છે, કેટલીકએ ૨,૦૦૦ રૂપિયા રાખ્યા છે અને કેટલીકએ (ગ્રાહકોને) મુક્તિ આપી છે. તે (આરબીઆઈ)ના નિયમનકારી ક્ષેત્રમાં નથી. આઈસીઆઈસીઆઈ બૅંકે તાજેતરમાં ૧ ઓગસ્ટથી ખોલવામાં આવેલા નવા બચત ખાતાઓ માટે લઘુત્તમ બેલેન્સની આવશ્યકતામાં પાંચ ગણો વધારો કર્યો છે.

નિયમિત બચત ખાતાઓ માટે, લઘુત્તમ સરેરાશ માસિક બેલેન્સ (એમએબી) ૧૦,૦૦૦ રૂપિયાથી વધીને ૫૦,૦૦૦ રૂપિયા થઈ ગયું છે. અર્ધ-શહેરી શાખાઓમાં, મિનિમમ બેલેન્સ વધારીને ૨૫,૦૦૦ રૂપિયા કરવામાં આવ્યું છે, જ્યારે ગ્રામીણ શાખાઓમાં તે હવે ૧૦,૦૦૦ રૂપિયા છે. તેનાથી વિપરીત, સ્ટેટ બૅંક ઓફ ઈન્ડિયાએ જાહેરાત કરી છે કે તે લઘુત્તમ બેલેન્સ જાળવવામાં નિષ્ફળ રહેવા બદલ બચત ખાતા ધારકોને કોઈ દંડ કરશે નહીં. જાહેર ક્ષેત્રની બૅંકોમાં સામાન્ય રીતે ખાનગી ધિરાણકર્તાઓ કરતા ઓછી બેલેન્સ આવશ્યકતાઓ હોય છે, જેમાં જન ધન ખાતાઓ આવા ધોરણોથી મુક્ત હોય છે. ઘણી જાહેર ક્ષેત્રની બૅંકોએ પહેલાથી જ લઘુત્તમ બેલેન્સ શરતો સંપૂર્ણપણે દૂર કરી દીધી છે, જેથી ગ્રાહકોને જાળવણી ન કરવા બદલ કોઈ દંડ ન થાય. આ કાર્યક્રમમાં બોલતા ગવર્નર મલ્હોત્રાએ કહ્યું હતું કે નવા યુગમાં સફળ થવા માટે ડિજિટલ સાક્ષરતા ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. પહેલા તેઓ કહેતા હતા કે જો તમે અભ્યાસ નહીં કરો તો તમે સમૃદ્ધ થશો નહીં.

આજના યુગમાં, ડિજિટલ સાક્ષરતા માટે પણ આવું જ છે. જો તમારી પાસે ડિજિટલ સાક્ષરતા નહીં હોય તો તમે પ્રગતિ નહીં કરી શકો. તે ઉપરાંત ગવર્નરે ભારપૂર્વક જણાવ્યું હતું કે લેવામાં આવતા તમામ નિર્ણયો એ સુનિશ્ચિત કરવા જોઈએ કે તેનાથી સમાજના છેલ્લા વ્યક્તિને કેટલો ફાયદો થાય છે. તેમણે કહ્યું હતું કે, પ્રધાનમંત્રી જન ધન યોજના લગભગ ૧૦ કે ૧૧ વર્ષ પહેલાં આ જ ધ્યેય સાથે શરૂ કરવામાં આવી હતી જેથી દરેક વ્યક્તિ બેંકિંગ સેવાઓનો લાભ મેળવી શકે. ■

# અમદાવાદના નિકોલમાં ધારાસભ્ય બાબુ જમનાદાસ પટેલને સ્થાનિકોએ ઘેરતા સ્થળ છોડીને ભાગ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શહેરમાં દસક્રોઈ વિધાનસભાના ધારાસભ્ય ભાજપના નેતા બાબુ જમનાદાસ પટેલ, તથા ભાજપમાંથી ચૂંટાયેલા ચાર કોર્પોરેટરો અને સંગઠનના હોદ્દેદારો ચૂંટણી નજીક આવતા સ્થાનિકોની સમસ્યા જાણવા માટે નીકળ્યા હતા. તે દરમિયાન નિકોલ વિસ્તારમાં સ્થાનિક લોકોએ રોડ-રસ્તા, ગટર ઉભરાવવાની સમસ્યા, પીવાનું ચોખ્ખું પાણી ન મળવાની સમસ્યા, વરસાદી પાણી ભરાવા જેવી અનેક સમસ્યા વિશે સવાલ પૂછતા કોર્પોરેટર બળદેવ પટેલ જવાબ આપવાને બદલે ઉગ્ર થઈ ગયા હતા. હા આ કોર્પોરેટર ગલીના ટપોરી જેવી ભાષામાં વાત કરતા નજરે પડ્યા હતા. આ ઘટનાનો વીડિયો વાયરલ થયો હતો.

દસક્રોઈ વિધાનસભાના ધારાસભ્ય બાબુભાઈ જમનાદાસ પટેલ અને નિકોલ વોર્ડના કોર્પોરેટરોને પ્રજાજનોએ પોતાનો રોષ ઠાલવ્યો હતો. નિકોલ વિસ્તારમાં અમર જવાન સર્કલ પાસે ભાજપના ધારાસભ્ય સહિતના નેતાઓ રાઉન્ડમાં નીકળ્યા ત્યારે ફ્લેટના રહીશો દ્વારા ફરિયાદ કરવામાં આવી હતી કે, કોર્પોરેટર બળદેવભાઈ પટેલ ફોન ઉપાડતા નથી. સ્થાનિક લોકો દ્વારા ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી, જેના પગલે ધારાસભ્ય અને કોર્પોરેટર બંને ઉગ્ર થઈ ગયા હતા. જે અંગેનો વીડિયો પણ સોશ્યલ મીડિયામાં વાયરલ થયો હતો.

લોકોએ એક બાદ એક પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો, જેને લઇને એક તબક્કે કોર્પોરેટર બળદેવ પટેલ અને ધારાસભ્ય બંને ઉગ્ર થઈ ગયા હતા. પરંતુ છેવટે ધારાસભ્યએ તમારે કોઈ કામ હોય તો મને મળવા આવવાનું, ફોન કરવાનો એવું કહીને શાંત પાડ્યા હતા. પ્રજાજનોને રોડ, પાણી, ગટર, સફાઈ અને લાઈટની સુવિધાનાં કામો કર્યા છે, તે જણાવવાની જગ્યાએ કોર્પોરેટર બળદેવ પટેલ લાઇબ્રેરી, અર્બન હેલ્થ સેન્ટર અને ઓપન પાર્ટી પ્લોટ બનાવ્યા એવું બધુ બતાવવા લાગ્યા હતા. પ્રજાની વાત ન સાંભળતા લોકોમાં ભારે રોષ ફેલાયો હતો. કોર્પોરેટરોની કામગીરીને લઈને નારાજગી જોતા એક તબક્કે ધારાસભ્ય પણ ત્યાંથી કોર્પોરેટરોને ત્યાંથી જતા રહેવા કહ્યું હતું. સ્થાનિકોએ રોષ ઠાલવતાં કહ્યું હતું કે, વોર્ડમાં કોર્પોરેટર ચાર હોય છે અને મ્યુનિસિપલ કોર્પોરેશનનું બજેટ ૧૫૦૦૦ કરોડનું હોય છે તો નિકોલમાં કેટલા વપરાયા? એવું કહીએ તો કહે આરટીઆઇ કરો તો પછી અમે તમને કેમ ચૂંટીને લાવ્યા છીએ? પ્રજાના સવાલો સાંભળવાની જગ્યાએ પોતે શું વિકાસ કર્યો છે એવું બતાવવા લાગ્યા હતા અને પછી ચલ હું તને બતાવું એમ કરીને સ્થાનિક નાગરિકનો ભાજપના ધારાસભ્ય બાબુ જમનાદાસ પટેલે હાથ પકડી લીધો હતો. અન્ય વ્યક્તિએ પણ તેને પકડીને બતાવવા લઈ જાવ તેમ કહ્યું હતું. પ્રજાજનોએ કહ્યું, તમે જવાબ આપવા આવ્યા છો, સવાલ કરવા આવ્યા નથી. ■

# ટ્રમ્પના ટૅરિફ વધારાના વિરોધમાં અમરેલીમાં ભાજપીઓએ અમેરિકન વસ્તુઓની હોળી કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ દ્વારા ઝીંકવામાં આવેલા ટૅરીફનો મુદ્દો ચર્ચામાં છે. ભારત દ્વારા રશિયન તેલની ખરીદી કરવામાં આવતી હોવાના આક્ષેપ સાથે અમેરિકાએ વધારાના ૨૫ ટકા ટૅરીફની જાહેરાત કરી હતી. જો કે ટ્રમ્પના ટૅરીફ વધારાના નિર્ણય સામે ગુજરાતમાં વિરોધ શરૂ થયો છે. અમરેલીમાં ભાજપના જ નેતાઓએ ટ્રમ્પનાં ટૅરીફ વધારા સામે વિરોધ નોંધાવવા માટે અમેરિકન વસ્તુઓની હોળી કરી હતી. ભાજપના નેતા દિલીપ સાંઘાણીએ અમેરિકન બનાવટની વસ્તુઓનો બહિષ્કાર કરવા લોકોને આહવાન કર્યું હતું.

મળતી વિગતો અનુસાર અમેરિકા દ્વારા ઝીંકવામાં આવેલા ટૅરીફ વધારાની સામે અમરેલીમાં વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. ભાજપનાં નેતા અને સહકારી આગેવાન દિલીપ સંઘાણી સહિતના આગેવાનોએ અમરેલીમાં તિરંગા યાત્રા દરમિયાન અમેરિકાના ટૅરીફના વધારા સામે વિરોધ નોંધાવ્યો હતો. ભારતીય જન પરિષદની આગેવાનીમાં રેલી કાઢીને અમરેલીના રાજકમલ ચોક ખાતે અમેરિકન વસ્તુઓની હોળી કરી વિરોધ પ્રદર્શિત કર્યો હતો. લોકોને અમેરિકન વસ્તુઓનો બહિષ્કાર કરવાની અપીલ કરવામાં આવી હતી.

ભાજપના નેતા દિલીપ સંઘાણીએ મીડિયા સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, દેશમાં આઝાદી સમયે વિદેશી માલની હોળી કરવામાં આવતી હતી, તે મુજબના જનજાગૃતિ માટેના કાર્યક્રમો હાથ ધરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. તેમણે આગળ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટીએ જ્યારે જ્યારે રાષ્ટ્ર પર જે જે પ્રકારની આફત આવે ત્યારે પોતાની શક્તિ અને ભક્તિ બતાવીને ભારતને અડીખમ રાખ્યું છે. લાલબહાદુર શાસ્ત્રી જ્યારે વડા પ્રધાન હતા ત્યારે અમેરિકા અનાજ આપવામાં પણ ખચકાટ કરતું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ભારત સંરક્ષણના ક્ષેત્રમાં સક્ષમ બની રહ્યું છે, આથી અમેરિકાના પેટમાં તેલ રેડાયું છે.આથી અમેરિકા ટૅરિફ વધારીને ભારતને દબાવવાનો પ્રયાસ કરી રહ્યું હોય, ત્યારે ભારતના નાગરિકો જાગૃત થાય અને અમેરિકાની કોઈપણ પ્રોડક્ટનો વપરાશ ન કરે અને એનો બહિષ્કાર કરે તેની જનજાગૃતિ માટે આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ■

# વડોદરા મનપામાં અત્યાર સુધીમાં ૪૦ જુનિયર ક્લાર્કનાં રાજીનામાં, વધુ ૨૦ નોકરી છોડવા એનઓસી માગી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા મહાનગરપાલિકામાં માર્ચ ૨૦૨૪માં કુલ ૫૫૨ જુનિયર ક્લાર્કોની ભરતી કરવામાં આવી હતી. જોકે, નિયુક્ત થયેલા પૈકી ૫૦ ક્લાર્કે પ્રથમ જ દિવસે હાજરી આપી નહોતી. પરિણામે ૫૦૨ ક્લાર્ક ફરજ બજાવવા લાગ્યા હતા. પરંતુ ત્યારથી અત્યાર સુધીમાં ૪૦ જુનિયર ક્લાર્કો પાલિકાની નોકરી છોડી ચૂક્યા છે અને અન્ય ૨૦ જેટલા ક્લાર્કોએ પણ નોકરી છોડવા માટે એનઓસી માંગી છે. આથી કુલ ૬૦ જેટલી જ્ગ્યાઓ ખાલી પડવાની શક્યતા ઉભી થઈ છે, જો કે કર્મચારીઓની મોટી ઘટ પડતા વહીવટી તંત્ર પર તેની સીધી અસર થવાની આશંકા છે.

આ અંગે કોર્પોરેશનના સુત્રોએ જણાવ્યું હતું કે, નોકરી છોડી રહેલા ક્લાર્કો મોટા ભાગે સરકારના અન્ય વિભાગમાં પસંદગી પામેલા હોય છે અથવા પોતાનાં વતન નજીક નોકરી મળતાં ત્યાં જોડાઈ જાય છે. તેમ છતાં, ખાલી પડેલી જ્ગ્યાઓ પર ભરતી પ્રક્રિયા અટકાવાઈ નથી. જુનિયર ક્લાર્કની પ્રતિક્ષા યાદીમાંથી નવા ઉમેદવારોની પસંદગી શરૂ કરી દેવામાં આવી છે. વડોદરા કોર્પોરેશનમાં વર્ષોથી સેવાઓ આપતા ૪૩ જુનિયર ક્લાર્કોને આગામી દીવાળી નિમિત્તે પ્રમોશન આપવાનું આયોજન છે, જે કર્મચારીઓ માટે પ્રોત્સાહક રહેશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, જુનિયર ક્લાર્કો નોકરી છોડતા જતા પાલિકાની ફાઇલ પ્રોસેસિંગ, જનસેવા સંબંધિત કાર્યો અને દૈનિક પ્રશાસન કામગીરીમાં ધીમાપો આવવા લાગ્યો છે. તાજેતરમાં ભરતી થયેલા મોટા ભાગના ક્લાર્કો યુવાન હોય અને સરકારી સેવા ક્ષેત્રમાં વધુ સારી તક મળતાં ટ્રાન્સફર અથવા નવી નિમણૂક સ્વીકારી લેતા હોય છે. સ્ટાફની ઘટને કારણે જાહેર સેવાઓમાં વિલંબ વધી શકે છે. પાલિકા અધિકારીઓના મતે તાત્કાલિક ભરતી અને ખાલી જગ્યાઓ ભરવાથી આ અસરને નિયંત્રણમાં લાવવામાં આવશે. ■

# રાજયમાં મોસમનો સરેરાશ ૬૪ ટકાથી વધુ વરસાદ નોંધાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતમાં અત્યાર સુધીમાં મોસમનો સરેરાશ ૬૪ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે, જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૬૮ ટકાથી વધુ વરસાદ વરસ્યો છે. જળાશયોની સ્થિતિ અંગે વાત કરવામાં આવે તો રાજ્યના બાવન જળાશય હાઇએલર્ટ પર છે એટલે કે ૭૦ થી ૧૦૦ ટકા ભરાયા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધમાં ૭૫ ટકાથી વધુ જળસંગ્રહ ઉપલબ્ધ છે. દરમિયાન વાવેતરની વાત કરવામાં આવે તો રાજ્યમાં બાવન ટકાથી વધુ વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર પૂર્ણ થયું છે. જેમાં સૌથી વધુ ૨૦ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર કરાયું છે.

આ દરમિયાન હવામાન વિભાગ દ્વારા સુરત, વલસાડ, તાપી, ડાંગ સહિત દક્ષિણ ગુજરાત અને રાજકોટ, જામનગર, દેવભૂમિ દ્વારકા, જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમજ માછીમારોને પણ ૧૧ થી ૧૪ ઓગસ્ટ સુધી દરિયો નહીં ખેડવા હવામાન વિભાગ દ્વારા સૂચના અપાઈ છે. ■

# ગુજરાત યુનિવર્સિટીમાં ૨૫૦ કરોડનું જમીન કૌભાંડ થયાનો કૉંગ્રેસનો આરોપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સતત વિવાદમાં રહેતી ગુજરાત યુનિવર્સિટી ફરી એક વખત વિવાદમાં આવી છે. કૉંગ્રેસ દ્વારા ગુજરાત યુનિવર્સિટીમાં ૨૫૦ કરોડનું જમીન કૌભાંડ થયું હોવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો. ફૂડ કોર્ટ બનાવવા માટે ૧૫૦૦૦ વાર જગ્યા એક કંપનીને બારોબાર આપી હોવાનો આક્ષેપ કર્યો હતો. કૉંગ્રેસના સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગુજરાત યુનિવર્સિટીએ ૨૫૦ કરોડથી વધુ કિંમતની ૧૫૦૦૦ વાર જગ્યા એક કંપનીને ૧૧ મહિના માટે આપી હતી. કોઈપણ પ્રકારના ટેન્ડર વગર આટલી કિંમતની જમીન કંપનીને કેમ ફાળવવામાં આવી તે સમજાતું નથી, જ્યારે કોમન ઍક્ટનો કાળો કાયદો લાગુ થયો ત્યારે વારંવાર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી કે, યુનિવર્સિટીઓમાં લોકતંત્ર ખતમ થશે તો સત્તાધીશો યુનિવર્સિટીની જમીનનો વેપલો કરીને વેચી નાખશે.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું, વિદ્યાર્થીઓ અને શિક્ષણ માટે અપાયેલી જમીનોને હેતુફેર કરીને વાપરવામાં આવશે. શું આ જગ્યા આપતા પહેલાં હેતુની ચર્ચા કરવામાં આવી હતી. શું ત્યાં ખાનગી ખાણીપીણીનું માર્કેટ બનવાનું છે, શું વિદ્યાર્થીઓની જમીનનો ફન પાર્ક માટે ઉપયોગ થશે, શું આ જમીન શિક્ષણપ્રધાનના ઇશારે આપવામાં આવી છે, શું શિક્ષણ પ્રધાન કે તેના કોઈ મળતિયા ભાગીદારી છે? તેવા સવાલ કર્યા હતા.

આ ઉપરાંત જમીન અંગે સિન્ડિકેટની મિટિંગમાં કોઈ નિર્ણય લેવાયો હતો કે શું? તેવો પણ સવાલ કર્યો હતો, જે કંપનીને જમીન ફાળવવામાં આવી તેણે ૨૯ માર્ચ ૨૦૨૫ના દિવસે અરજી કરી હતી. કુલપતિએ પાંચ મહિનામાં બારોબાર જમીન ફાળવવી દીધી હતી. ગુજરાત યુનિવર્સિટી જાણે વારસામાં મળી હોય તેમ જમીનોની લહાણી કરવા બેઠી છે. ■

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 190 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ શ્રાવણ વદ - ૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 12 August 2025, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૧૨ ઓગસ્ટ ૨૦૨૫ , કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અણુ હુમલાના બ્લૅકમેલ સામે ઝૂકેગા નહીં ભારત

## પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનીરની ધમકી પર નવી દિલ્હીનો જવાબ

નવી દિલ્હીઃ અમેરિકાના પ્રવાસ પર પહોંચેલા પાકિસ્તાનના આર્મી ચીફ જનરલ અસીમ મુનીરે ભારત પર પરમાણુ હુમલાની ધમકી આપી હતી. મુનીરના નિવેદન વિદેશ મંત્રાલયે પાકિસ્તાનને અણુ શસ્ત્રો ધરાવતો બેજવાબદાર દેશ ગણાવ્યો હતો અને ચેતવણી આપી છે કે પરમાણુ શસ્ત્રોના નિયંત્રણને લઈને શંકા છે કારણ કે અહીં સેના આતંકવાદી ગ્રુપો સાથે જોડાયેલી છે. સાથે કહ્યું હતું કે અણુ હુમલાના બ્લૅકમેલ સામે ભારત ઝુકશે નહીં.

ભારતે પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરના નિવેદન સામે સખત વાંધો ઉઠાવ્યો હતો જેમાં તેમણે સિંધુ નદી અને તેની સહાયક નદીઓ પર ભારત દ્વારા બાંધવામાં આવી રહેલા બંધોને મિસાઇલોથી ઉડાવી દેવાની ધમકી આપી હતી. તેમણે આ નિવેદન અમેરિકાની ધરતી પર આપ્યું હતું, જ્યાં તેમણે કહ્યું હતું કે પાકિસ્તાન

(જુઓ પાનું ૨) ▶▶

## ઝૅલેન્સ્કીએ મોદી સાથે કરી વાતઃ યુદ્ધના વહેલા અંતની આપી ખાતરી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે યુક્રેનના પ્રમુખ વૉલોદીમૅર ઝૅલેન્સ્કીને સંદેશો આપ્યો હતો કે રશિયા-યુક્રેન યુદ્ધનો વહેલામાં વહેલી તકે શાંતિપૂર્ણ રીતે ઉકેલ લાવવાના સંભવિત તમામ પ્રયાસ કરવા ભારત પ્રતિબદ્ધ છે.

રશિયા-યુક્રેન યુદ્ધને મામલે અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ વ્લાદીમિર પુતિન વચ્ચેની બેઠક અગાઉ મોદીએ ઝૅલેન્સ્કી સાથે ફોન પર વાત કરી હતી.

સોશ્યલ મીડિયા પરની પૉસ્ટમાં મોદીએ જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધનો વહેલામાં વહેલી તકે અને શાંતિપૂર્ણ રીતે ઉકેલ લાવવા ભારત પ્રતિબદ્ધ છે.

ઝૅલેન્સ્કી સાથે વાત

(જુઓ પાનું ૨) ▶▶

રખડતા કૂતરા રસ્તા પર ન જોઈએઃ સુપ્રીમ કોર્ટ 3


125 વર્ષથી સ્વાદ અને સુગંધની અનેરી સોડમ
SINCE 1900
લક્ષ્મી સંયુક્ત હિંગ
આર. એમ. કાનાણી એન્ડ કું. - વડોદરા.
Mob.: 9167662203 | rmkfoods.com
@hinglaxmi | laxmi hing
સર્વત્ર ઉપલબ્ધ

ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 91,890/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
જૂના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

ONE UP furnishing SALE
UP TO 50% OFF*
એમ. જી. રોડ, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૪૦૦૦૭૭
MONDAY CLOSED NO BRANCHES

સમીર શાહ ના સથવારે...
JAPAN – 10N
AUTUMN - ALPINE ROUTE
Dates: 14 Oct, 25 Oct. & 7 Nov.
Per Adult (Double) = US$ 4200 = ₹3,65,000*
Per Child without Bed = US$ 2200 = ₹1,91,000*
EARLY BIRD OFFER - BEFORE 31 AUG. 2025
Excludes: Flight Ticket (Approx ₹50,000), GST, TCS
VIETNAM – 9N
Customised 9-11 Night options:
starting from ₹90,000 per person
Hanoi, Sapa, Danang, Ho Chi Minh, Phu Quoc
Excludes: Flight Ticket (Approx ₹40,000), TCS
+91 9769000799 +91 9820026046 Dolphin Tours

DADAR Paaneri
Nagree of Sarees & Bridal Wear
FLAT 25% OFF & 40% OFF
Date: 1st Aug. to 17th Aug.
PAITHANI | BANDHANI PATOLA | BANARASI LEHENGA CHOLI
Rest of the Collection Up To 40% OFF
022 45000902/03/ 022 45009934

A BRAND OF RAJNISH WELLNESS LIMITED
જોશ, તાકદ, ENERGY અને સ્ફૂર્તિ વધારો
તમારી સ્ટેમિનામાં વધારો અને પ્લે-વિન કેપ્સ્યુલ્સ સાથે જીવનમાં સક્રિય અને મોહક બનો. માત્ર 21 દિવસના કોર્સમાં, સુખ અને સંતોષ એક આદત બની જાય છે અને છેવટે સફળ અને ખુશ જીવન જીવે છે. શરીરના આવશ્યક ભાગો પર સપ્તાઇ અને સનસનાટીભર્યા નબળા ચેતા રાખવા માટે, ક્રોર્સ સાથે પ્લે વિન ઓઇલનો ઉપયોગ કરો.
ફક્ત પુરુષો માટે પ્લે-વિન કેપ્સ્યુલ
Only Effect No Side Effect
મહિલા માટે ભી ઉપલબ્ધ છે પ્લે-વિન-F કેપ્સ્યુલ ફક્ત મહિલા માટે
Play Win
પ્રથમ દિવસથી અસર કારક*
21 દિવસ સુધી દરરોજ સવારે 1 અને સાંજે 1 પ્લે-વિન કેપ્સ્યુલ ખાવાનું
સારા પરિણામો માટે પ્લે-વિન તેલનો ઉપયોગ કરો
તેલ કેપ્સ્યુલ બધા મેડિકલ સ્ટોર્સમાં ઉપલબ્ધ છે

Fitness Highway | DR. BHAVANA SHAH FITNESS CARE PVT. LTD.
Santacruz (W) 90821 71429 | Borivali (W) 87791 70578 | Pune 83909 08643
OUR WEIGHT LOSS PROGRAM HAS SUCCESSFULLY HELPED OVER 25,000 CLIENTS ACHIEVE THEIR FITNESS GOALS
JOIN US AND EXPERIENCE NEW YOU
Weight loss for medical conditions like Diabetes, Hypertension, Thyroid, PCOD etc
Weight loss for All age groups from 16 years to 85 years
Weight loss for Working Professionals like Doctors, Bank officials, Teachers, IT professionals etc.
Weight loss for multiple occasions like Wedding, Menopause, Pre Or Post surgery weight loss
Figure Correction like 100 Inches all over body
Male Specific Weight loss & Tummy reduction
More than 17 years of experience
Visit Fitness Highway
For more details, please visit our website www.fitnesshighway.in
*Advertisement for preliminary purposes only. Pictures representative. Results vary from person to person.
*Medical advise recommend before use. Terms & Condition apply.

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભારતે મુનીરની નહીં અમેરિકાની ચિંતા કરવાની જરૂર છે

**ભારત** અને પાકિસ્તાન વચ્ચે ઓપરેશન સિંદૂરમાં ભારતના લશ્કરે પાકિસ્તાનનાં કેટલાં ફાઈટર જેટ તોડી પાડ્યાં એ મુદ્દે ચાલી રહેલા વાક્યુદ્ધ વચ્ચે પાકિસ્તાનના લશ્કરી વડા અસીમ મુનીરે ભારત પર પરમાણુ હુમલાની ધમકી આપી છે. ગંભીર બાબત એ છે કે, મુનીરે અમેરિકાની ધરતી પરથી આ ધમકી આપી છે છતાં અમેરિકા સાવ ચૂપ છે. આસીમ મુનીરે પાકિસ્તાની ઉદ્યોગપતિ અદનાન અસદે ટામ્પાની ગ્રાન્ડ હયાત હોટેલમાં યોજાયેલા ડિનરમાં પાકિસ્તાની મૂળના અમેરિકામાં રહેતા ૧૨૦ સભ્યોની હાજરીમાં આ ધમકી આપી છે.

અસીમ મુનીરે ધમકી આપી છે કે, ભારત સિંધુ જળ સંધિને સ્થગિત કરવાનો નિર્ણય નહીં બદલે તો ૧૦ મિસાઇલોથી હુમલો કરીને પતાવી દઈશું. મુનેરના કહેવા પ્રમાણે, સિંધુ જળ સંધિ મુલતવી રાખવાના ભારતના નિર્ણયથી પાકિસ્તાનમાં ૨૫ કરોડ લોકો ભૂખમરાનો ભોગ બની શકે છે. પણ ભારતે એ ના ભૂલવું જોઈએ કે, પાકિસ્તાન પરમાણુ શસ્ત્રોથી સજજ રાષ્ટ્ર છે. પાકિસ્તાનને લાગશે કે, આપણે ડૂબી રહ્યા છીએ તો ભારત પણ નહીં બચે અને આપણે અડધી દુનિયાને આપણી સાથે લઈને ડૂબીશું.

મુનીરે ભારતને ચમકતી મર્સિડીઝ ગણાવીને પાકિસ્તાનની સરખામણી રેતીથી ભરેલા ડમ્પર ટ્રક સાથે કરીને સવાલ પણ કર્યો કે, ડમ્પર મર્સિડીઝ કાર સાથે અથડાય તો નુકસાન કોને થશે? મુનીરે પોતના બદઈરાદામાં બાંગ્લાદેશનો પણ સાથ હોવાનું ચિત્ર ઊભું કરવા એવો દાવો પણ કર્યો કે, પાકિસ્તાન ભારતના પૂર્વથી શરૂઆત કરશે કેમ કે પૂર્વ ભારતમાં ભારત પાસે કિંમતી સ્રોત છે, પૂર્વને ખેદાનમેદાન કર્યા પછી પાકિસ્તાન પશ્ચિમ તરફ આગળ વધશે.

મુનીરે બીજા ઘણા લવારા કર્યા છે ને એ બધાની વાત કરવાનો મતલબ નથી પણ મુનીર અમેરિકાની ધરતી પરથી ભારતને ધમકી આપે અને અમેરિકા ચૂપચાપ તમાશો જોયા કરે તેનો અર્થ શું થાય ? એ જ કે પાકિસ્તાનના આ બદઈરાદાઓને અમેરિકાનું સમર્થન છે. ભારતે મુનીરની ધમકીનો જવાબ આપ્યો પણ અમેરિકાએ મુનિરને માપમાં રહેવાની શીખ સુધ્ધા નથી આપી તેના પરથી સ્પષ્ટ છે કે, અમેરિકા પાકિસ્તાનને ચાવી માર્યા કરે છે તેમાં મુનીર ચગ્યા છે. અમેરિકા મુનીરને કેમ ચાવી મારી રહ્યું છે એ કહેવાની જરૂર નથી.

અમેરિકા ભારતને કોઈ પણ પ્રકારની ડ્યૂટી વિના ભારતને પોતાનો માલ ધાબડવા માગે છે. અમેરિકાનાં કૃષિ અને ડેરી ઉત્પાદનો માટે ભારત પોતાના દરવાજા ખોલી નાખે એવી ડોનલ્ડ ટ્રમ્પની ઈચ્છા છે પણ ભારતની નરેન્દ્ર મોદી સરકાર તેને માટે તૈયાર નથી. ટ્રમ્પે મોદી સરકારનો હાથ આમળવા માટે બહુ મથામણ કરી જોઈ પણ મોદી સરકારે મચક નથી આપી તેથી ટ્રમ્પ પાકિસ્તાનને ચાવી મારીને ભારત પર દબાણ ઊભું કરવાની હલકટાઈ પર ઊતર્યા છે. તેના ભાગરૂપે પહેલાં અમેરિકાએ પાકિસ્તાનને પડખામાં લઈને તેની સાથે ક્રૂડ ઓઈલનો કરાર કર્યો પણ ભારતે તેને ના ગણકારતાં હવે ટ્રમ્પ નવો દાવ ખેલી રહ્યા છે. મુનિર જેવા તેમના પગોમાં આળોટવા માટે તૈયાર કરોડરજ્જુ વિનાના પાકિસ્તાનીઓને પંપાળી રહ્યા છે.

ભારતે પાકિસ્તાનના નેતાઓ દ્વારા અપાતી ધમકીઓ માટે તૈયાર રહેવું પડશે ને તેને એક કાનેથી સાંભળીને બીજા કાનેથી કાઢી નાખવાની આદત પણ પાડવી પડશે કેમ કે પાકિસ્તાનના લશ્કરી વડા કે બીજા નેતા જે કંઈ બોલે તેની કોઈ કિંમત નથી. પાકિસ્તાનીઓ ગમે તેટલા ફૂંફાડા મારે, ભારત સામે કશું કરવાની તેની હૈસિયત નથી. પાકિસ્તાન પાસે પરમાણુ શસ્ત્રો છે તો ભારત પાસે પણ પરમાણુ શસ્ત્રો છે જ. પાકિસ્તાનના નેતાઓને પણ આ વાતની ખબર છે ને એ પણ ખબર છે કે, ભારત સામે કોઈ પણ ગુસ્તાખી કરી તો પાકિસ્તાનને ચપટીમાં મસળી નાખવાની ભારત પાસે તાકાત છે. ઝેરનાં પારખાં ના હોય એ વાત ના સમજે એટલું પાકિસ્તાન નાદાન નથી જ.

ભારતથી પાકિસ્તાનની કેટલી ફાટે છે તેનો પુરાવો એ છે કે, મુનિરે જે કાર્યક્રમમાં આ લવારો કર્યો એ કાર્યક્રમમાં મહેમાનોને મોબાઇલ ફોન કે બીજાં ડિજિટલ ઉપકરણો લાવવાની મંજૂરી નહોતી. મુનિરને પોતે શું લવારો કરશે તેની પહેલેથી ખબર હતી પણ ભારતનો ફફડાટ એવો છે કે પોતે કરેલા લવારાનો સત્તાવાર રેકોર્ડ ના રહે એટલે રેકોર્ડિંગ જ ના થવા દીધું.

આ સંજોગોમાં ભારતે પાકિસ્તાનની બહુ ચિંતા કરવાની જરૂર નથી પણ ભારતે અમેરિકાથી સાબદા રહેવાની જરૂર છે. તેનું કારણ એ કે, મુનીરે ભલે ભાષણનો કોઈ સત્તાવાર રેકોર્ડ ના રહેવા દીધો પણ આ ધમકીની વાત ભારત સુધી પહોંચે તેનું અમેરિકાએ બરાબર ધ્યાન રાખ્યું છે. મુનિરની ધમકીની વાત પ્રિન્ટ મીડિયામાં છપાય તેનો પાકો બંદોબસ્ત અમેરિકાએ કર્યો ને પાકિસ્તાન તેનો ઈન્કાર ના કરે તેની ગોઠવણ પણ કરી નાખી.

ભારત પોતાને ગણકારતું નથી એ વાતની ટ્રમ્પને બરાબરની ચાટી ગઈ છે તેથી ટ્રમ્પ સખણા રહેવાના નથી. અત્યારે મુનીર જેવા પાલતુઓ પાસે ધમકીઓ અપાવે છે, કાલે બીજા આડાઅવળા ધંધા પણ કરાવી શકે છે. પાકિસ્તાનને તો ભારતની કોઈ પણ રીતે બજાવવામાં રસ છે જ તેથી પાકિસ્તાન હોંશે હોંશે બધું જ કરશે તેથી ભારતે વધારે સાબદા થવાની જરૂર છે.

અમેરિકા પોતાની સાથે ના ફાવે એવા દેશોને સુખથી રહેવા નથી દેતું ને કોઈ ને કોઈ રીતે ઘૂંટણિયા પાડવા માટે દાવપેચ રમ્યા જ કરે છે. ભારત સાથે પણ એ ખેલ કરી રહ્યું છે ને એ વાસ્તે પાકિસ્તાન સાથેનો જૂનો પ્રેમ પાછો પ્રજ્વલિત કરી દીધો છે. પાકિસ્તાન પર અમેરિકાને અચાનક કેવું હેત ઉભરાયું છે તેનો પુરાવો એ છે કે, મુનીરની બે મહિનામાં અમેરિકાની આ બીજી મુલાકાત છે. આ પહેલાં ૧૪ જૂને મુનીરે વોશિંગ્ટન ડીસીમાં યુએસ આર્મીની ૨૫૦મી વર્ષગાંઠની ઉજવણીમાં હાજરી આપી હતી. મુનીરે વ્હાઇટ હાઉસમાં રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે બે કલાકની બેઠક કરી હતી અને ટ્રમ્પે મુનીરને જમાડ્યા પણ હતા. કોઈ અમેરિકન રાષ્ટ્રપતિએ પાકિસ્તાનના આર્મી ચીફનું સ્વાગત કર્યું હોય ને એવું પહેલી વાર બન્યું હતું. પાકિસ્તાને પણ વળતો વ્યવહાર કરીને યુએસ સેન્ટ્રલ કમાન્ડના વડા જનરલ માઈકલ કુરિલાને દેશના સર્વોચ્ચ લશ્કરી સન્માન, નિશાન-એ-ઇમ્તિયાઝથી નવાજ્યા છે ને ટ્રમ્પને નોબેલ પુરસ્કાર માટે નોમિનેટ કર્યા છે.

પાકિસ્તાન-અમેરિકાની આ મોહબ્બત ભારત સામે સારી નિશાની નથી. અમેરિકા પાસે રાક્ષસી તાકાત છે અને દુનિયાભરમાં ફેલાયેલું જાસૂસી નેટવર્ક છે. એક ઈશારે કંઈ પણ કરવા તૈયાર પ્યાદાં પણ છે તેથી ભારતે એક નવા જંગ માટે તૈયાર રહેવું પડશે. ■

## આજનું પંચાંગ

**પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા**

દક્ષિણાયન - સૌરવર્ષાઋતુ, મંગળવાર, તા. ૧૨-૮-૨૦૨૫, સંકષ્ટ ચતુર્થી - અંગારકી, મંગલાગૌરી પૂજન

- ભારતીય દિનાંક ૨૧, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ-૩
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ-૩
- પારસી શહેનશાહી ગાથા ૩ સ્પેન્તોર્મદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨૫મો અશીશવંઘ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૧૭મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૧૮મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા સવારે ક. ૧૧-૫૧ સુધી, પછી ઉત્તરા ભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં સવારે ક. ૦૬-૦૯ સુધી, પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૬, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૧૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ બપોરે ક. ૧૩-૫૪, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૧૫ (તા. ૧૨)
- ઓટઃ સવારે ક. ૦૭-૨૮, રાત્રે ક. ૨૦-૦૭
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ' નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ - તૃતીયા. મંગલાગૌરી પૂજન, સંકષ્ટ ચતુર્થી - અંગારકી, ચંદ્રોદય રાત્રે ક. ૨૧-૧૭. બોળચોથ, બહુલા ચતુર્થી (મધ્ય પ્રદેશ), પારસી ગાથા ૩ ગહામ્બર, પંચક ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૮-૪૦. સૂર્ય મહાનક્ષત્ર આશ્લેષા. વાહન ગદર્ભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ સંકષ્ટ ઉપવાસ, શ્રી ગણેશ પૂજા, ચંદ્રદર્શનનો મહિમા, મંગળ-ગુરુ ગ્રહદેવતાનું પૂજન, અજૈક્યપાદ દેવતાનું પૂજન, આંબો વાવવો, પરગામ પ્રયાણ મધ્યમ, વિદ્યારંભ, ખેતીવાડી, પશુ લે-વેંચ.
- આચમનઃ ગુરુ-શુક્ર યુતિ સૌન્દર્યના શોખીન, ચંદ્ર-શનિ યુતિ તુચ્છ સ્વભાવના, ચંદ્ર-નેપ્ચૂન યુતિ સ્વપ્નદષ્ટા, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ અવિચારી, ચંદ્ર-બુધ ત્રિકોણ તીવ્ર બુદ્ધિ પ્રતિભા.
- ખગોળ જ્યોતિષઃ ગુરુ-શુક્ર યુતિ, ચંદ્ર-શનિ યુતિ, ચંદ્ર-નેપ્ચૂન યુતિ, ચંદ્ર-મંગળ પ્રતિયુતિ, ચંદ્ર-બુધ ત્રિકોણ. શુક્ર પુનર્વસુ પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય-કર્ક, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# સુપ્રીમ કોર્ટ ૧૯-૨૦ ઑગસ્ટે 'તલાક-એ-હસન' પર અંતિમ સુનાવણી કરશે

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે 'તલાક-એ-હસન' અને એના જેવા બીજા 'એકપક્ષી ન્યાયવિહીન છૂટાછેડા'ને ગેરબંધારણીય ગણાવવાની દાદ ચાહતી અરજીઓ પર ૧૯-૨૦ ઑગસ્ટે અંતિમ સુનાવણી કશે.

'તલાક-એ-હસન' મુસ્લિમોમાં છૂટાછેડાનું એવું સ્વરૂપ છે જેમાં પુરુષ ત્રણ મહિનાના સમયગાળામાં દર મહિને એક વાર તલાક શબ્દ બોલીને લગ્નને બરખાસ્ત કરી શકે છે. ન્યાયમૂર્તિ સૂર્યકાંત અને જોયમાલા બાગચીએ પીડિતા અને બીજા અસરગ્રસ્ત પક્ષોની અરજી સાંભળવાની છેલ્લી તારીખ જાહેર કરવાની સાથે નેશનલ કમિશન ઑફ વિમેન, નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન અને નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઑફ ચાઈલ્ડ રાઈટ્સનાં મંતવ્યો માગ્યા હતા. બેન્ચે કેન્દ્ર સરકારનું મંતવ્ય વિશે પૂછ્યું તો સરકારી વકીલ અશ્વિની કુમાર ઉપાધ્યાયે કહ્યું હતું કે આ બાબતમાં અમે કાઉન્ટર એફિડેવિટ નોંધાવી નથી, પરંતુ 'ટ્રીપલ તલાક' કેસમાં કેન્દ્રે પોતાનું મંતવ્ય દીધું હતું કે તે બધા 'એકપક્ષી ન્યાયવિહીન છૂટાછેડા'ના વિરુદ્ધમાં છે. સર્વોચ્ચ અદાલતે દરમિયાનગીરી કરતી બધી અરજીઓને સ્વીકારી હતી અને કહ્યું હતું કે તેઓ અદાલતની સુનાવણીમાં મદદ કરી શકે. જો કોઈ પુસ્તક કે ધર્મગ્રંથો હોય તો એ રજૂ કરી શકાશે. યોગ્ય મદદ માટે નેશનલ કમિશન ઑફ વિમેન, નેશનલ હ્યુમન રાઈટ્સ કમિશન અને નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઑફ ચાઈલ્ડ રાઈટ્સનો અભિપ્રાય રેકોર્ડ પર લેવામાં આવશે. વિરોધી પક્ષના એક વકીલે કહ્યું હતું ક 'તલાક-એ-હસન'ને પડકારવામાં કાનૂની વજૂદ અને અરજીના ટકવા અંગે સવાલો ઊભા થઈ શકે. બેન્ચે કહ્યું હતું કે પીડિતા અને અસરગ્રસ્ત પક્ષો તેની સમક્ષ છે આથી આવો કોઈ સવાલ ઊભો નહીં થાય. (એજન્સી)

# સરકારના અલ્ટિમેટમ પછી સંસદમાં આઠ ખરડાને મંજૂરી

નવી દિલ્હી : સંસદે સોમવારે આઠ ખરડાને મંજૂરી આપી હતી. કેન્દ્રના સંસદીય બાબતોના પ્રધાન કિરણ રિજિજુએ વિરોધ પક્ષના બન્ને ગૃહોમાં વારંવારના વિક્ષેપની આલોચના કરી હતી. રિજિજુના અલ્ટિમેટમ પછી આઠ ખરડા મંજૂર થયા હતા. તેમણે જાહેરાત કરી હતી કે સરકાર વિપક્ષોના સહભાગ વિના બિલ પાસ કરવાનું કાર્ય ચાલુ રાખશે. એક પત્રકાર પરિષદને સંબોધતાં રિજિજુએ સંસદના ચોમાસા સત્રને વહેલુ આટોપી દેવાની સંભાવનાને નકારી નહોતી. તેમણે દલીલ કરી હતી કે કૉંગ્રેસ અને બીજા વિરોધ પક્ષોને સંસદને ચલાવામાં રસ નથી. વિપક્ષોને હેડલાઈન મેનેજમેન્ટમાં રસ છે.

સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ સોમવારે સંસદની કાર્યવાહીમાં વારંવાર વિક્ષેપ પાડવા બદલ કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષો પર નિશાન સાધ્યું અને કહ્યું હતું કે સરકાર હવે લોકસભા અને રાજ્યસભા બંનેમાં મહત્વપૂર્ણ બિલો પસાર કરવા તરફ આગળ વધશે. રિજિજુએ પત્રકારોને જણાવ્યું કે કોંગ્રેસ અને અન્ય વિપક્ષી પક્ષોએ પહેલાથી જ સંસદની કાર્યવાહીનો ઘણો સમય બગાડ્યો છે.

તેમણે કહ્યું હતું કે, ''અમે દેશ અને સંસદનો સમય દરરોજ એક મુદ્દા પર બગાડવા દઈશું નહીં. તેથી અમે મહત્વપૂર્ણ બિલો પસાર કરાવીશું.'' તેમણે કહ્યું હતું કે સરકાર મહત્વપૂર્ણ બિલો પર ચર્ચા કરવા માટે ઉત્સુક છે, પરંતુ વિપક્ષ દ્વારા વારંવાર વિક્ષેપને કારણે સંસદના બંને ગૃહોની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી રહી છે.

તેમણે કહ્યું હતું કે વિપક્ષી સભ્યોને જાહેર હિત સંબંધિત મુદ્દાઓ ઉઠાવવામાં રસ નથી અને તેઓ દરરોજ ફક્ત એક જ મુદ્દા પર વિરોધ કરી રહ્યા છે. બિહારમાં મતદાર યાદીની સમીક્ષા પર વિપક્ષના વિરોધનો ઉલ્લેખ કરતા મંત્રીએ કહ્યું હતું કે, ''તમે એક મુદ્દો ઉઠાવ્યો છે, તેને એક દિવસ માટે ઉઠાવો. દરરોજ એક જ મુદ્દો ઉઠાવવાનો શું અર્થ છે?'' મંત્રીએ કહ્યું હતું કે સંસદના બંને ગૃહોમાં ઘણા મહત્વપૂર્ણ બિલો પેન્ડિંગ છે.

મંત્રીએ જણાવ્યું હતું કે આવકવેરા બિલ, નેશનલ સ્પોર્ટ્સ ગવર્નન્સ બિલ, મર્ચન્ટ શિપિંગ બિલ, ધ નેશનલ એન્ટી-ડોપિંગ (સુધારા) બિલ, મણિપુર ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (સુધારા) બિલ જેવા મહત્વપૂર્ણ બિલો સંસદના બંને ગૃહોમાં પેન્ડિંગ છે.

# મણિપુરના બે ખરડા લોકસભાને પાછા મોકલાવ્યા રાજ્યસભાએ

નવી દિલ્હીઃ રાજ્યસભાએ સોમવારે સ્પેશ્યલ ઈન્ટેનસિવ રિવિઝન (એસઆઈઆર) પરના વિરોધ પક્ષના વિરોધ પ્રદર્શન વચ્ચે મણિપુર અપ્રોપ્રિયેશન બિલ-૨૦૨૫ અને મણિપુર ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ (એમેન્ડમેન્ટ) બિલ-૨૦૨૫ લોકસભાને પાછા મોકલ્યા હતા. વિરોધ પક્ષના વિરોધ વચ્ચે આ બિલ મૌખિક મતદાનથી લોકસભાને પાછા મોકલવામાં આવ્યા હતા.આ બન્ને નાણાં ખરડા હતા. આ બિલ પર ટૂંકી ચર્ચા પણ થઈ હતી. વિરોધ પક્ષના સંસદસભ્યોએ સોમવારે ચૂંટણી પંચના વડા મથક સુધી કૂચ કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેમને વચ્ચે અટકાવીને તેમની અટક કરાઈ હતી. તેમને છોડી મૂક્યા બાદ તેઓ રાજ્યસભામાં પહોંચ્યા ત્યારે ઉપલા ગૃહમાં આ બિલ પર ચર્ચા ચાલતી હતી. ઈન્ડિ બ્લોકના સાંસદોએ વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેને બોલવા દો એવી માગણી કરી હતી. સાંસદોએ બિહારમાં પંચની સમીક્ષા પ્રક્રિયા સામે સૂત્રોચ્ચાર કર્યા હતા. નાણાં પ્રધાન નિર્મલા સીતારમણે આક્ષેપ કર્યો હતો કે વિરોધ પક્ષો મણિપુરના બજેટનો વિરોધ કરી રહ્યા છે (એજન્સી)

# ભારતને મર્સિડીઝ ને પાકને ડમ્પ ટ્રક કહેનાર મુનીરને ટ્રૉલ કરાયા

ન્યૂ યોર્કઃ મે મહિનામાં ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાં નાશ કરવા ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું અને ત્યાર બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર દિવસ સશસ્ત્ર સંઘર્ષ ચાલ્યો હતો. તાજેતરમાં આ સંઘર્ષ અંગની ચર્ચાઓએ જોર પકડ્યું છે, ભારતના લશ્કરના વડા જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીએ તાજેતરમાં પાકિસ્તાના ફિલ્ડ માર્શલના અસીમ મુનીર પર કટાક્ષ કર્યા હતાં, એવામાં અસિમ મુનિરે આપેલું એક નિવેદન ચર્ચાનો વિષય બન્યું છે.

તાજેતરમાં પાકિસ્તાની સેનાના ફીલ્ડ માર્શલ બનેલા અસિમ મુનિરે અમેરિકાના ફ્લોરિડામાં આયોજિત એક કાર્યક્રમમાં સંબોધન આપતા ભારતની સરખામણી ચમચમાતી મર્સિડીઝ અને પાકિસ્તાનની સરખામણી ડમ્પ ટ્રક સાથે કરી, જેને કારણે અસિમ મુનિરેને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરવામાં આવી રહ્યા છે.

ટૅમ્પાના કોન્સ્યુલ દ્વારા આયોજિત ખાસ ડિનર દરમિયાન પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં મુનીરે કહ્યું, ''હું પરિસ્થિતિ સમજાવવા માટે એક એક સરખામણી રજૂ કરું છું... ભારત હાઇવે પર જઈ રહેલી ચમકતી મર્સિડીઝ છે, પરંતુ અમે (પાકિસ્તાન) કાંકરીથી ભરેલા ડમ્પ ટ્રક જેવા છીએ. જો ટ્રક કારને ટક્કર મારે છે, તો કોને વધુ નુકશાન પહોંચશે?

સોશ્યલ મીડિયા યુઝર્સ મુનીરને ખૂબ ટ્રોલ કરી રહ્યા છે, યુઝર્સ કહી રહ્યા છે ભારતનું અર્થ તંત્ર પાકિસ્તાન કરતાં વધુ સારું હોવા અંગે મુનીરે કબૂલાત કરી લીધી છે.

એક સોશ્યલ મીડિયા યુઝરે લખ્યું, ''મુનિરના નિવેદનમાં એકમાત્ર સત્ય એ છે કે ભારત મર્સિડીઝ છે, અને તેનો દેશ ડમ્પ ટ્રક છે. બાકીનું બધું ભ્રમ છે.''

# મેધા પાટકરને દોષી ઠેરવતો ચુકાદો સુપ્રીમ કોર્ટે બહાલ રાખ્યો

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વી. કે. સક્સેના દ્વારા દાખલ કરાયેલા પચીસ વર્ષ જૂના માનહાનિ કેસમાં સામાજિક કાર્યકર મેધા પાટકરની સજા અને ગુનેગાર હોવાના ચુકાદાને યથાવત્ રાખ્યો હતો.

ન્યાયાધીશ એમ. એમ. સુંદરેશ અને ન્યાયાધીશ એન. કોટિશ્વર સિંહની ખંડપીઠે જણાવ્યું કે તેઓ આ કેસમાં દિલ્હી હાઇ કોર્ટના આદેશમાં દખલ કરવા માગતા નથી. પાટકરને સારા વર્તણૂંકની અજમાયશ પર મુક્ત કરવામાં આવ્યા હતા, પરંતુ દર ત્રણ વર્ષે એક વાર ટ્રાયલ કોર્ટમાં હાજર રહેવાનું ફરજિયાત હતું. ખંડપીઠે વધુમાં જણાવ્યું કે જો કે અરજદારના વકીલની દલીલોને ધ્યાને લઇને લાદવામાં આવેલો દંડ રદ કરવામાં આવે છે અને અમે એ પણ સ્પષ્ટ કરીએ છીએ કે દેખરેખનો આદેશ અસરકારક રહેશે નહીં. હાઇ કોર્ટે ૨૯ જુલાઇના રોજ ૭૦ વર્ષીય પાટકરની સજા અને ગુનેગાર હોવાના ચુકાદાને યથાવત્ રાખ્યો હતો. સક્સેનાએ આ કેસ પચીસ વર્ષ પહેલા દાખલ કર્યો હતો જ્યારે તેઓ ગુજરાતમાં એક એનજીઓના વડા હતા. હાઇ કોર્ટે કહ્યું હતું કે ટ્રાયલ કોર્ટના તારણોમાં ગેરકાયદે અથવા ભૌતિક અનિયમિતતા હતી. તેમજ કહ્યું કે પુરાવા અને લાગુ કાયદા પર યોગ્ય વિચારણા કર્યા બાદ દોષિત ઠેરવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું કે પાટકર અનુસરવામાં આવેલી પ્રક્રિયામાં કોઇ ખામી અથવા કાયદામાં કોઇ ભૂલ સાબિત કરવામાં નિષ્ફળ ગયા છે, જેના પરિણામે ન્યાયહત્યા થઇ છે. હાઇ કોર્ટે સજાના આદેશને પણ માન્ય રાખ્યો હતો. જેમાં પાટકરને સારા વર્તણૂંકની અજમાયશ પર મુક્ત કરવામાં આવ્યા હતા અને કહ્યું કે તેમાં કોઇ દખલગીરીની જરૂર નથી.

# 'હાઈ કોર્ટના જજ નથી ઊતરતા', બદનક્ષીભર્યા આક્ષેપો કરનાર અરજદાર માફી માગેઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હી : હાઈ કોર્ટના જજ સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિની તુલનામાં ઊતરતી કક્ષાના નથી એવું નિરીક્ષણ કરીને સુપ્રીમ કોર્ટે તેલંગણા હાઈ કોર્ટના જજ વિરુદ્ધ 'ગંદા આક્ષેપો' કરનાર અરજદાર અને તેમના વકીલોને એ જજની બિનશરતી માફી માગવાનો આદેશ આપ્યો છે. મુખ્ય ન્યાયમૂર્તિ બી. આર. ગવઈ અને જસ્ટિસ કે. વિનોદ ચંદ્રન અને જસ્ટિસ અતુલ એસ. ચંદુરકરની બનેલી બેન્ચે કહ્યું હતું કે અમે એવી નોંધ લીધી છે કે હાલમાં વકીલોમાં એવો ટ્રેન્ડ છે જેમાં હાઈ કોર્ટના અને ટ્રાયલ કોર્ટના જજની કોઈ કારણ વિના ટીકા કરવામાં આવી છે. એ પણ ટ્રેન્ડ બન્યો છે કે જ્યારે રાજકીય નેતા સંડોવાયા છે ત્યારે એવો બોધ દેવામાં આવે છે કે અરજદારને ન્યાય મળ્યો નથી અને જજની બદલી માગવામાં આવે છે. હાઈ કોર્ટના જજને સુપ્રીમ કોર્ટના જજ જેટલી જ કાયદેસરની મુક્તિ મળી છે.

બેન્ચે નોંધ લીધી હતી કે બંધારણ પ્રમાણે વડી અદાલતના જજ સર્વોચ્ચ અદાલતના જજ કરતાં ઊતરતી કક્ષાના નથી. સર્વોચ્ચ અદાલત વડી અદાલતના ચુકાદાને સુધારી શકે છે, પરંતુ તેનો હાઈ કોર્ટના જજ પર કોઈ અંકુશ નથી.

બેન્ચ જાતે નોંધ લઈને અદાલતના અપમાનની અરજી સાંભળી રહી હતી.

તાજેતરમાં અલાહાબાદ હાઈ કોર્ટના મુલકી કેસમાં ચુકાદા પરની મોટી ફજેતીની પાર્શ્વભૂમિમાં સુપ્રીમની આ ટિપ્પણી મહત્ત્વની છે. આ કેસમાં મુખ્ય ન્યાયમૂર્તિની દરમિયાનગીરીને લીધે જસ્ટિસ જે. બી. પારડીવાલા અને આર. માધવનની બેન્ચે અલાહાબાદ હાઈ કોર્ટના જજની ટીકા કરતા નિરીક્ષણો દૂર કર્યા હતા.

અદાલતના તિરસ્કારનો કેસ એન. પેદ્દી રાજુની ટ્રાન્સફર પિટિશન અંગેનો હતો. રાજુએ હાઈ કોર્ટના જજ સામે પક્ષપાત અને અયોગ્યતાનો આક્ષેપ કર્યો હતો.

જજે તેલંગણાના મુખ્ય પ્રધાન એ. રેવંત રેડ્ડી સામે એસસી-એસટી એક્ટ હેઠળનો ફોજદારી કેસ કાઢી નાખ્યો હતો. બેન્ચે આ અરજી કાઢી નાખતા અરજદાર રાજુ અને તેમના વકીલોને એ જજની માફી માગવાનો આદેશ આપ્યો છે.

# સાંસદોને નવાં ઘરો સોંપતા મોદીએ કહ્યું, સાથે મળીને તહેવારો ઉજવો

નવી દિલ્હીઃ સાંસદો માટે બહુમાળી ફ્લેટના સંકુલનું ઉદ્ઘાટન કરતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે સૂચન કર્યું કે સાંસદોએ રહેઠાણ ધરાવતા રહેણાંક પરિસરમાં ભારતના વિવિધ તહેવારોની ઉજવણી કરવી જોઈએ અને સ્વચ્છતા પર સ્પર્ધા કરવી જોઈએ.

પોતાના હરીફો પર કટાક્ષ કરતા, તેમણે કહ્યું કે કેટલાક લોકો કોસી, જે ચાર ટાવર્સમાંથી એકનું નામ છે, તેને આગામી બિહાર વિધાનસભા ચૂંટણી સાથે જોડી શકે છે, પરંતુ તેઓ આવા ''નાના મનવાળા'' લોકોને કહેશે કે નદીઓના નામ પરથી ટાવર્સના નામ આપવાની પરંપરા લોકોને એક કરે છે.

સંસદ ભવન નજીક બાબા ખડક સિંહ માર્ગ પર નવા સંકુલમાં ૧૮૪ ટાઇપ-૭ બહુમાળી ફ્લેટનો સમાવેશ થાય છે. અન્ય ત્રણ ટાવર્સનું નામ કૃષ્ણા, ગોદાવરી અને હુગલી રાખવામાં આવ્યું છે.મોદીએ કહ્યું, લાખો લોકોને જીવન આપતી આ નદીઓ હવે જનપ્રતિનિધિઓના જીવનમાં આનંદનો નવો પ્રવાહ પ્રેરિત કરશે.

તેમણે કહ્યું કે સાંસદો માટે લાંબા સમયથી રહેઠાણોની અછત હતી અને પહેલી વાર ચૂંટાયેલા સભ્યોને ઘર મેળવવા માટે સંઘર્ષ કરવો પડ્યો હતો.

જોકે, ૨૦૦૪ થી ૨૦૧૪ દરમિયાન, જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકાર સત્તામાં હતી, ત્યારે લોકસભાનાં સાંસદો માટે કોઈ નવું નિવાસસ્થાન બનાવવામાં આવ્યું ન હતું, અને તેમની સરકારે તેમાંથી લગભગ ૩૫૦ નિવાસસ્થાન બનાવ્યા છે, એમ તેમણે નોંધ્યું હતું.

# પાકિસ્તાની ઘૂસણખોર સીમા પરથી પકડાયો

જમ્મુઃ જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લામાં સોમવારે આંતરરાષ્ટ્રીય સરહદ(આઇબી) પર ઘૂસણખોરીનો પ્રયાસ કરી રહેલા લોકોના ટોળાની હિલચાલને પગલે બીએસએફના જવાનોએ ગોળીબાર કર્યો હતો. આ કાર્યવાહી બાદ એક પાકિસ્તાની ઘૂસણખોરની ઘાયલ હાલતમાં ધરપકડ કરવામાં આવી હતી. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

બોર્ડર સિક્યુરિટી ફોર્સ(બીએસએફ)એ ઘટનાની પુષ્ટિ કરતાં જણાવ્યું કે તેઓ તેમના પાકિસ્તાની સમકક્ષો સમક્ષ વિરોધ નોંધાવી રહ્યા છે. બોર્ડર સિક્યુરિટી ફોર્સે એક નિવેદનમાં જણાવ્યું કે જમ્મુના કઠુઆ જિલ્લામાં બીએસએફના જવાનોએ શંકાસ્પદ હિલચાલ જોઇ હતી. જેમાં એક પાકિસ્તાની નાગરિક આંતરરાષ્ટ્રીય સરહદ પાર કરીને સરહદી વાડ તરફ આક્રમક રીતે આગળ વધતો જોવા મળ્યો હતો. તેને જવાનો દ્વારા ચેતવણી આપવામાં આવી હતી, પરંતુ તેણે તેને ધ્યાને લીધી ન હતી. બાદમાં બીએસએફના જવાનોએ તેના પગમાં ગોળી મારી દીધી હતી અને બીએસએફની કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. સમકક્ષો સમક્ષ વિરોધ નોંધાવવામાં આવી રહ્યો હોવાનું બીએસએફએ કહ્યું હતું.

પહેલા પાનાનું ચાલુ

### અણુ હુમલાના

ભારતના બંધ પૂર્ણ થવાની રાહ જોશે અને પછી મિસાઇલો છોડીને તેનો નાશ કરશે. ભારત સરકારે જણાવ્યું હતું કે અસીમ મુનીરનું આ નિવેદન કંઈ નવું નથી. જ્યારે પણ અમેરિકા પાકિસ્તાનની સેનાને ટેકો આપે છે, ત્યારે પાકિસ્તાન તેનું સત્ય બતાવે છે. સૂત્રોએ એમ પણ કહ્યું હતું કે પાકિસ્તાનમાં લોકશાહી નથી, સેના ત્યાં બધું નિયંત્રિત કરે છે. તેમણે ચેતવણી પણ આપી હતી કે પાકિસ્તાનમાં પરમાણુ શસ્ત્રો આતંકવાદી જૂથોના હાથમાં જવાનો ખતરો છે.

વિદેશ મંત્રાલયે ઇસ્લામાબાદના આર્મી ચીફના નિવેદનની નિંદા કરી અને કહ્યું હતું કે, અસીમ મુનીરની ટિપ્પણીઓ એવા દેશમાં પરમાણુ કમાન્ડ અને નિયંત્રણની વિશ્વસનીયતા અંગે લાંબા સમયથી ચાલી આવતી શંકાઓને વધુ મજબૂત બનાવે છે જ્યાં લશ્કર આતંકવાદી જૂથો સાથે મિલીભગત ધરાવે છે. મુનીર હાલમાં અમેરિકાની પ્રવાસે છે જે બે મહિનામાં તેમની બીજી મુલાકાત છે. ■

### ઝેલેસ્કીએ મોદી સાથે

કરીને તેમ જ છેલ્લામાં છેલ્લી સ્થિતિ અંગે જાણકારી મેળવીને આનંદ થયો છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે વાતચીત દરમિયાન રશિયા-યુક્રેન યુદ્ધનો શાંતિપૂર્ણ ઉકેલ લાવવા તેમ જ બંને દેશ વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનાવવા ભારત પ્રતિબદ્ધ હોવાનો સંદેશો પણ ઝૅલેન્સ્કીને આપ્યો છે.

દરમિયાન દ્વિપક્ષી સહકાર અને રાજદ્વારી પરિસ્થિતિ સહિત મોદી સાથે તમામ મુદ્દે સઘન ચર્ચા કરી હોવાનું ઝૅલેન્સ્કીએ કહ્યું હતું.

શાંતિ સ્થાપવાના અમારા પ્રયાસને ભારતે આપેલા ટેકા બદલ હું આભાર માનું છું, એમ ઝૅલેન્સ્કીએ કહ્યું હતું. (એજન્સી) ■

# રખડતા કૂતરા રસ્તા પર ન જોઈએઃ સુપ્રીમ કોર્ટ

**શું આ પશુપ્રેમીઓ રખડતા કૂતરાઓના હડકવાનો ભોગ બનેલા બાળકોને પાછા લાવી શકશે? શું તેઓ તે બાળકોને ફરી જીવન મળશે?**

**- સુપ્રીમ કોર્ટ**



## દિલ્હી-એનસીઆરમાંથી આવા શ્વાનને બે મહિનામાં શૅલ્ટર હૉમમાં ખસેડવાનો આદેશ

નવી દિલ્હીઃ દિલ્હી એનસીઆરમાં રખડતા કૂતરાઓના વધતા જતા ત્રાસ પર સુપ્રીમ કોર્ટે ભારે નારાજગી વ્યક્ત કરી હતી. સુપ્રીમ કોર્ટે દિલ્હી એનસીઆરના નાગરિક વહીવટીતંત્ર અને સ્થાનિક સંસ્થાઓને કડક સૂચનાઓ જાહેર કરી છે, જેમાં રખડતા કૂતરાઓને પકડવા, તેમની નસબંધી કરવા અને કૂતરાઓને શેલ્ટર હોમમાં રાખવાના નિર્દેશોનો સમાવેશ થાય છે. સુપ્રીમ કોર્ટે એમ પણ કહ્યું કે જો કોઈ વ્યક્તિ કે સંગઠન રખડતા કૂતરાઓ સામેની કાર્યવાહીમાં અવરોધ ઉભો કરે છે, તો તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવે. આઠ સપ્તાહ કે બે મહિનામાં આદેશનો અમલ થવો જોઇએ એમ કોર્ટે કહ્યું છે.

શહેરમાં રખડતા કૂતરાઓની સમસ્યાને અત્યંત ગંભીર ગણાવતા સુપ્રીમ કોર્ટે સોમવારે દિલ્હી સરકાર અને મહાનગરપાલિકાને તમામ વિસ્તારોમાંથી રખડતા કૂતરાઓને તાત્કાલિક પકડવાનું શરૂ કરવા અને તેમને કૂતરાઓના આશ્રયસ્થાનોમાં રાખવાનો નિર્દેશ આપ્યો હતો. ૨૮ જુલાઈના રોજ સુપ્રીમ કોર્ટે દિલ્હીમાં કૂતરા કરડવાથી હડકવા થયો હોવાના મીડિયા અહેવાલોની આપ મેળે નોંધ લીધી હતી.

ડૉગલવર્સ પર આકરા પ્રહારો કરતા સુપ્રીમ કોર્ટે સોમવારે તેમને પૂછ્યું હતું કે શું તેઓ હડકવાનો શિકાર બનેલા બાળકોને પાછા લાવી શકશે અને કોર્ટે દિલ્હી-એનસીઆરમાંથી રખડતા કૂતરાઓને હટાવવાનો નિર્દેશ આપ્યો હતો. સુનાવણી દરમિયાન સોલિસિટર જનરલ તુષાર મહેતાએ રખડતા કૂતરા કરડવાના ભય સામે પગલાં લેવાની માંગ કરી હતી.

એનિમલ વેલ્ફેર એક્ટિવિસ્ટ તરફથી હાજર રહેલા એક વકીલે કહ્યું હતું કે દિલ્હીમાં પશુ જન્મ નિયંત્રણ કેન્દ્રો પહેલેથી જ સ્થાપિત છે અને તેમને કાર્યરત કરવાની જરૂર છે, ત્યારે જસ્ટિસ પારડીવાલાએ કહ્યું કે કોઈ કામ કરી રહ્યું નથી. શું આ પશુપ્રેમીઓ રખડતા કૂતરાઓના હડકવાનો ભોગ બનેલા બાળકોને પાછા લાવી શકશે? શું તેઓ તે બાળકાને ફરી જીવન મળશે? જ્યારે વકીલે કહ્યું હતું કે કોર્ટે સ્પષ્ટતા કરવી જોઈએ કે તેના નિર્દેશો પાલતુ કૂતરાઓને અસર કરશે નહીં ત્યારે બેન્ચે કહ્યું હતું કે, ''તમારા રખડતા કૂતરા રાતોરાત પાલતુ કૂતરા ન બનવો જોઈએ.''

જસ્ટિસ જે.બી. પારડીવાલા અને આર. મહાદેવનની બેન્ચે એમસીડી અને એનડીએમસીના અધિકારીઓને તાત્કાલિક પગલાં લેવા જણાવ્યું હતું. રખડતા કૂતરા માટે નવા આશ્રયસ્થાનો બનાવો અને આઠ અઠવાડિયામાં કોર્ટમાં રિપોર્ટ રજૂ કરો. બેન્ચે કહ્યું હતું કે આશ્રયસ્થાનોમાં રખડતા કૂતરાઓને નસબંધી અને રસી આપવા માટે સ્ટાફ હોવો જોઈએ, જેને જાહેર સ્થળોએ છોડવા ન જોઈએ. આ કેન્દ્રો પર સીસીટીવી દ્વારા દેખરેખ રાખવી જોઈએ.

## આદેશને અવ્યવહારુ,અમલ માટે ૧૫,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચાશેઃ મેનકા

નવી દિલ્હી : પશુ અધિકાર કાર્યકર્તા અને ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન મેનકા ગાંધીએ સોમવારે દિલ્હી-એનસીઆરમાં રખડતા કૂતરાઓ પર સુપ્રીમ કોર્ટના આદેશની આકરી ટીકા કરીને આ નિર્દેશને આર્થિક તેમજ અન્ય રીતે મહાનગરપાલિકા અવ્યવહારુ અને પ્રદેશના પર્યાવરણીય સંતુલન માટે 'સંભવિત રીતે હાનિકારક' ગણાવ્યો હતો.

સુપ્રીમ કોર્ટે રખડતા કૂતરાઓના ભયને અત્યંત ભયંકર ગણાવતા, દિલ્હી સરકાર અને નાગરિક સંસ્થાઓને તમામ વિસ્તારોમાંથી રખડતા કૂતરાઓને પકડવાનું શરૂ કરવાનો અને તેમને આશ્રયસ્થાનોમાં રાખવાનો આદેશ આપ્યો હતો, તથા ઝુંબેશમાં અવરોધ ઊભો કરનાર કોઈપણ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.

મેનકાએ કહ્યું કે કાર્યનું પ્રમાણ તેને અવ્યવહારુ બનાવે છે.

'દિલ્હીમાં ત્રણ લાખ કૂતરા છે. તે બધાને રસ્તા પરથી દૂર કરવા માટે, તમારે ૩૦૦૦ પાઉન્ડ ખર્ચવા પડશે, જેમાં દરેકમાં ડ્રેનેજ, પાણી, શેડ, રસોડું અને ચોકીદાર હશે. તેનો ખર્ચ લગભગ ૧૫૦૦૦ કરોડ રૂપિયા થશે. શું દિલ્હી પાસે આ માટે ૧૫,૦૦૦ કરોડ રૂપિયા છે?' એવો સવાલ કર્યો હતો.

## પાંચ સાંસદ સાથેની ઍર ઈન્ડિયાની ફ્લાઈટનું ચેન્નઈમાં ઈમર્જન્સી લૅન્ડિંગ

**કૉંગ્રેસી સાંસદ વેણુ ગોપાલે આક્ષેપ કર્યો હતો કે નસીબદાર એટલે બચ્યા, ચેન્નઈમાં ઉતરાણના પહેલા પ્રયાસમાં રન-વે પર બીજું વિમાન ઊભું હતું**

ચેન્નઈ : અમદાવાદ પ્લૅન ક્રેશની ઘટના બાદ એર ઈન્ડિયાની મુશ્કેલીમાં સતત વધારો થઈ રહ્યો છે. જેમાં હવે રવિવારે રાત્રે તિરુવનંતપુરમથી દિલ્હી જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઇટને ટેકિનકલ ખામી અને ખરાબ હવામાનના લીધે ચેન્નઈમાં લૅન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. આ ફ્લાઈટ બે કલાકથી વધુ સમય સુધી હવામાં રહી હતી. આ અંગે એરલાઈન કંપનીએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, ૧૦ ઓગસ્ટના રોજ તિરુવનંતપુરમથી દિલ્હી જઈ રહેલી એર ફ્લાઇટના પાઇલટે ટેકનિકલ ખામી અને રસ્તામાં ખરાબ હવામાનના કારણે સલામતીના ભાગરૂપે વિમાનને ચેન્નઈ તરફ વાળ્યું છે. કૉંગ્રેસના સાંસદ કે. સી. વેણુગોપાલે ઍક્સ પર પૉસ્ટ કર્યું હતું કે, મારા સહિત કેટલાક સંસદસભ્યો સાથેની ઍર ઈન્ડિયાની ફ્લાઇટના ટૅક-ઑફફ પછી તરત જ ભારે ટર્બ્યુલન્સનો સામનો કરવો પડ્યો હતો. કલાક પછી ફ્લાઇટ ચેન્નઇ વાળવાની જાહેરાત કૅપ્ટને કરી હતી. ચેન્નઇ લૅન્ડ કરવાના પહેલા પ્રયાસમાં મોટી દુર્ઘટના થતા રહી ગઇ કારણકે રનવે પર બીજું વિમાન હતું. બીજા પ્રયાસમાં વિમાન લૅન્ડ થઇ શકયું. વિમાનમાં પાંચ સાંસદ કે.સી. વેણુગોપાલ, કોડિકુન્નિલ સુરેશ, અદૂર પ્રકાશ, કે. રાધાકૃષ્ણન અને રોબર્ટ બ્રુસ દિલ્હી જઈ રહ્યા હતા.

**'ચુનાવ આયોગ નહીં ચુરાવ આયોગ'**





## વિપક્ષી સાંસદો રસ્તા પર ઊતર્યાઃ બૅરિકેડ કુદાવ્યા, ભાન પણ ગુમાવ્યા

**ચૂંટણી પંચ સામેના વિરોધમાં મહુવા મિત્રા, સાયોની ઘોષ બેહોશ થયાઃ મહુવા, અખિલેશ પોલીસના બૅરિકેડ કૂદીને ગયાં**

નવી દિલ્હીઃ લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગે સહિત વિપક્ષના સાંસદોએ બિહારમાં કથિત 'વૉટ ચોરી અને એસઆઈઆર'ના વિરોધમાં સંસદ ભવનથી ચૂંટણી પંચના કાર્યાલય સુધી સરઘસ કાઢી વિરોધપ્રદર્શન કર્યું હતું. જોકે તેમને અધવચ્ચે જ રોકી લઈ અટકાયતમાં લેવામાં આવ્યા હતા. બિહારમાં મતદાર યાદીમાં કરવામાં આવેલા કથિત સુધારાનો વિરોધ કરી રહેલા સાંસદોના મોરચાને આગળ વધતો રોકવા પોલીસે સમાચારસંસ્થાની ઈમારતની બહાર બૅરિકેડ ઊભા કર્યા હતા.

સાંસદોને રોકવામાં આવતા તેમાંના અનેક રસ્તા પર બેસી ગયા હતા અને સૂત્રોચ્ચાર કર્યો હતો. સાડીમાં સજ્જ ટીએમસીનાં મહિલા સાંસદ માહૂવા મોઈત્રા, કોંગ્રેસનાં સંજના જાતવ અને જોશીમણી બૅરિકેડ પર ચઢી ગયાં હતાં. આ ઉપરાંત એસપીના અખિલેશ યાદવ પણ બૅરિકેડ કૂદાવી ગયા હતા.સાંસદ મોઈત્રા અને સાયોની ઘોષ બેભાન થઈ ગયા હતા. અટકાયતને પગલે તેમને બસમાં લઈ જવામાં આવ્યા બાદ રાહુલ ગાંધીએ કહ્યું હતું કે સત્ય દેશની સામે છે. આ લડત રાજકીય નથી, પરંતુ બંધારણને બચાવવાની લડત છે. આ લડત 'વન મૅન, વન વૉટ' માટેની છે. સ્પષ્ટ અને ચોખ્ખી મતદાર યાદી જાહેર કરવામાં આવે એવું અમે ઈચ્છીએ છીએ. અટકાયત બાદ ખડગેએ કહ્યું હતું કે આ લડત લોકોના મતાધિકાર અને દેશની લોકશાહીની રક્ષા માટે છે. (એજન્સી)

વિરોધમાં ભાન ભૂલ્યાઃ બિહારમાં કથિત 'વૉટ ચોરી અને એસઆઈઆર'ના વિરોધમાં ઈન્ડિ બ્લૉક અને સાથીપક્ષના સાંસદો દ્વારા દિલ્હીમાં સંસદ ભવનથી ચૂંટણી પંચના કાર્યાલયે સોમવારે મોરચો લઈ જવાયો ત્યારે અખિલેશ યાદવે બૅરિકેડ કૂદાવ્યા હતા તો બેભાન થઈ ગયેલાં સાંસદ સાયોની ઘોષને સલામત સ્થળે લઈ જઈ રહેલા રાહુલ ગાંધી. (એજન્સી)

**સિરામકો ડેન્ટલ ક્લિનિક બોરીવલીમાં AI ટેક્નોલોજીનો પ્રારંભ કરે છે.**



વિશ્વભરની બહુ ઓછી ડેન્ટલ ક્લિનિક્સ દાંતની તપાસ માટે AI ટેક્નોલોજીનો ઉપયોગ કરે છે.

ડૉ. ઉદય તામ્હણકર, સિરામકો ડેન્ટલ ક્લિનિકના સ્થાપક અને તેમના પત્ની શ્રીમતી મોનાલી તામ્હણકરે અમારા સંવાદદાતાને જણાવ્યું હતું કે દાંતની તપાસ થોડી જ સેકંડોમાં પૂરી થઈ જાય છે અને રિપોર્ટ દર્દીના વૉટ્સઍપ પર મોકલી આપવામાં આવે છે. આ રિપોર્ટ દર્દીને પ્રીન્ટ ફોર્મમાં પણ આપવામાં આવે છે.

સૌથી મહત્ત્વની વાત એ છે કે AI ટેક્નોલોજી દર્દીઓને સારવારનો વીડિયો બતાવે છે જે તેમને ડર ઓછો કરવામાં મદદરૂપ થાય છે. ક્લિનિકનું ઉદ્ઘાટન રવિવારે, ૦૩ ઑગસ્ટે, બોરીવલીના સ્થાનિક MLA શ્રી સંજય ઉપાધ્યાય દ્વારા કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન દરમ્યાન શ્રી ઉપાધ્યાયે ડૉ. તામ્હણકર અને તેમની પત્નીની પ્રશંસા કરતાં કહ્યું કે દંપતીની ૪૦ વર્ષની સેવા એ ડેન્ટીસ્ટ્રીમાં નોંધપાત્ર યોગદાન આપ્યું છે.

વધુમાં, આ ક્લિનિકને તાજેતરમાં યુનિવર્સલ એનિનન્સ તરફથી ''બેસ્ટ ડેન્ટલ ક્લિનિક ઈન મુંબઈ''નો એવોર્ડ મળ્યો છે. એ જ દિવસે, સિરામકો ડેન્ટલ ક્લિનિકના પીડિયાટ્રિક ડેન્ટીસ્ટ્રી ડિપાર્ટમેન્ટનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

આ ડિપાર્ટમેન્ટ વિશેષ છે કારણ કે તે બાળકોને ઈન્જેક્શનો વગર સારવાર આપે છે. બી હેપ્પી ગેસ ટેક્નોલોજી બાળકોને ડેન્ટીસ્ટનો ડર દૂર કરવામાં મદદ કરે છે. ક્લિનિક ખાતે પીડિયાટ્રિક ડેન્ટીસ્ટ્રી માટે રોજ સાંજે MDS ડૉક્ટરની સેવા ઉપલબ્ધ છે.

આ ટેક્નોલોજીનો લાભ લેવા ઈચ્છતા હોવ તો, મુલાકાત લોઃ

**ડૉ. ઉદય તામ્હણકર**
સિરામકો ડેન્ટલ ક્લિનિક ખાતે
બોરીવલી (પશ્ચિમ)
**ફોન નં. ૦૨૨-૬૮૩૩૬૮૩૩.**

(Advt.)

## લોકસભામાં માત્ર ત્રણ મિનિટમાં જ ઈન્કમ ટૅક્સ અને ટૅક્સેશન લૉ બિલ્સ મંજૂર

નવી દિલ્હીઃ વિપક્ષના સતત વિરોધપ્રદર્શન વચ્ચે સોમવારે લોકસભામાં ઈન્કમ ટેક્સ (નં.૨) બિલ અને ટેક્સેશન લૉ (અમેન્ડમેન્ટ) બિલ એમ બે મહત્ત્વના ખરડાને ચર્ચા વિના જ માત્ર ત્રણ જ મિનિટમાં મંજૂરી આપી દેવામાં આવી હતી.

ઈન્કમ ટેક્સ (નં.૨) બિલ ૨૦૨૫માં ઈન્કમ ટેક્સ ઍક્ટ ૧૯૬૧ સંબંધિત જોગવાઈઓમાં સુધારો કરી તેને વધુ મજબૂત કરવાની માગણી કરવામાં આવી હતી. આ નવો કાયદો ઈન્કમ ટેક્સ ઍક્ટ ૧૯૬૧નું સ્થાન લેશે.

ભાજપના વરિષ્ઠ નેતા બૈજયંત પાન્ડાના વડપણ હેઠળની સિલેક્ટ કમિટી દ્વારા કરવામાં આવેલી મોટાભાગની ભલામણોનો આ ખરડામાં સમાવેશ અને સ્વીકાર કરવામાં આવ્યો હતો.

ટેક્સેશન લૉ (અમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૫ને લોકસભામાં ધ્વનિ મતથી મંજૂરી આપવામાં આવી હતી.

ટેક્સેશન લૉ (અમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૫માં, ઈન્કમ ટેક્સ ઍક્ટ ૧૯૬૧ અને ફાઈનાન્શિયલ ઍક્ટ ૨૦૨૫માં સુધારો કરવાની માગણી કરવામાં આવી હતી.

સુધારિત નવા કાયદાનો મુખ્ય આય યુનિફાઈડ પેન્શન સ્કીમના ગ્રાહકોને કરવેરામાં મુક્તિ આપવાનો છે.

નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ દ્વારા આ બંને બિલ સોમવારે લોકસભામાં રજૂ કરવામાં આવ્યાં હતાં. (એજન્સી)

## વિપક્ષ હંગામા વચ્ચે સરકાર આજે સંસદના ચોમાસુ સત્રનો વીંટો વાળી દેશે?

નવી દિલ્હીઃ સરકાર સંસદના ચોમાસુ સત્રને ટૂંકાવવા માટેની વિચારણા કરી રહી છે કે સરકાર ચોમાસુ સત્રને ૧૨ ઑગસ્ટના જ પૂર્ણ કરી દેવામાંની વિચારણા કરી રહી છે. જોકે, આ સત્ર ૨૧ ઑગસ્ટ સુધી ચાલવાનું હતું, પણ હવે દસ દિવસ વહેલું આટોપી લેવાની શક્યતા છે. મળતી વિગતો અનુસાર, સરકાર ૧૨ ઑગસ્ટે ચોમાસુ સત્રને અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરવા પર વિચાર કરી રહી છે. અત્યાર સુધી એવું નક્કી હતું કે ૧૩ ઑગસ્ટથી ૧૭ ઑગસ્ટ સુધી વિરામ રહેશે અને ત્યારબાદ ૨૧ ઑગસ્ટ સુધી સત્ર ચાલુ રહેશે, પરંતુ હવે એક વિચાર એ પણ છે કે ૧૨ ઑગસ્ટે જ સત્રને અનિશ્ચિતકાળ માટે સ્થગિત કરી દેવામાં આવે.

## ઍર ઈન્ડિયાની દિલ્હીથી વૉશિંગ્ટનની ડાઈરેક્ટ ફ્લાઈટ બંધ

નવી દિલ્હીઃ ભારત અને અમેરિકા વચ્ચે ટૅરિફના ટેન્શન વચ્ચે વધુ એક સમાચાર ચોંકાવનારા મળ્યા છે. એર ઈન્ડિયાએ હવે પાટનગર દિલ્હીથી વોશિંગ્ટનની ફ્લાઈટને પહેલી સપ્ટેમ્બરથી બંધ કરવાનો નિર્ણય લીધો છે. આ નિર્ણય માટે એક નહીં બે-ત્રણ કારણ રજૂ કરવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું. એર ઈન્ડિયાના ૨૬ બોઈંગ ૭૮૭-૮ વિમાનને અપગ્રેડ કરવાનું કામકાજ ચાલી રહ્યું છે, જેનું કામ લાંબા સમય સુધી ચાલી રહ્યું હોવાથી લાંબા સમયગાળા સુધી ફ્લાઈટ ની સુવિધા ઉપલબ્ધ રહેશે નહીં, જ્યારે આ કામ ૨૦૨૬ સુધી ચાલશે, એમ એર ઈ ન્ડિયાએ જણાવ્યું હતું. ભારત અને અમેરિકા વચ્ચે ટૅરિફનું ટેન્શન તો ચાલી રહ્યું છે, જ્યારે પાકિસ્તાનની એરસ્પેસ પણ બંધ છે. પ્રવાસીઓને પહેલી સપ્ટેમ્બર, ૨૦૨૫ પછી બુકિંગ કર્યું છે તેમનો સંપર્ક કરવામાં આવશે તેમ જ બીજી ફ્લાઈટનું બુકિંગ અને પૂરા પૈસા પાછા આપવાનો પણ વિકલ્પ આપવામાં આવશે. પ્રવાસીઓ હવે એર ઈન્ડિયાના કો-પાર્ટનર યા ઈન્ટરલાઈન પાર્ટનર જેમ કે અલાસ્કા એરલાઈન્સ, યુનાઈટેડ એરલાઈન્સ મારફત જેએફકે, ન્યૂ યોર્ક, નેવાર્ક, શિકાગો અને સૅન ફ્રાન્સિસ્કોથી વૉશિંગ્ટન જઈ શકે છે. એક ટિકિટ પર બેગેજ-સામાન ડાયરેક્ટ લાસ્ટ ડેસ્ટિનેશન પર પહોંચશે.

## પીઆઈએલ એટલે પબ્લિસિટી ઈન્ટરેસ્ટ લિટિગેશનઃ સુપ્રીમ કોર્ટ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે એક જાહેર હિતની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરી દીધો હતો. રાજ્ય ચૂંટણી પંચો(એસઇસી)ને રાજકીય પક્ષોની એવી કથિત ગેરકાયદે પ્રવૃત્તિઓને રોકવા માટે પગલાં લેવા માટે નિર્દેશ આપવાની માગ કરી હતી કે જે દેશના સાર્વભૌમત્વ, અખંડતા અને એકતાને નબળી પાડી શકે છે.

મુખ્ય ન્યાયાધીશ બી. આર. ગવઈ, ન્યાયાધીશ કે. વિનોદ ચંદ્રન અને અતુલ એસ. ચંદુરકરની ખંડપીઠે જણાવ્યું કે જાહેર હિતની અરજીઓ(પબ્લિક ઇન્ટરેસ્ટ લિટિગેશન) જરૂરી છે, પરંતુ જાહેર હિતની અરજીના નામે અમે પ્રચાર હિત અરજીઓ(પબ્લિસિટી ઇન્ટરેસ્ટ લિટિગેશન)ની મંજૂરી આપી શકીએ નહીં. ખંડપીઠે સીધો સુપ્રીમ કોર્ટનો સંપર્ક કરવાની પ્રથા પર પણ નારાજગી વ્યક્ત કરી હતી.


## ભારતીય ગુનેગારોને સજા મળતા જ હવે સ્વદેશ પાછા મોકલશે બ્રિટન

લંડનઃ બ્રિટને વિદેશી ગુનેગારો પર કડક કાર્યવાહીમાં વધારો કરતા પોતાની 'ડિપોર્ટ નાઉ અપીલ લેટર' યોજનાનો વિસ્તાર ત્રણ ગણો વધારી દીધો છે. ભારતને પણ આ નવી યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે, જે હેઠળ સજા મળ્યા પછી અપીલ પહેલાં જ ગુનેગારોને દેશની બહાર મોકલી દેવામાં આવશે. બ્રિટનનું કહેવું છે કે આ પગલું તેમની ઇમિગ્રેશન સિસ્ટમનો દુરુપયોગ અટકાવવા અને સુરક્ષા મજબૂત બનાવવા માટે લેવામાં આવ્યું છે.

બ્રિટનના ગૃહ મંત્રાલયે રવિવારે જાહેરાત કરી હતી કે તેમની 'ડિપોર્ટ નાઉ અપીલ લેટર' યોજનાનો વ્યાપ હાલના આઠ દેશોથી વધારીને ૨૩ દેશોમાં કરવામાં આવશે. આ દેશોના નાગરિકોને અપીલ દાખલ કરતા પહેલા જ તેમના દેશમાં પાછા મોકલવામાં આવશે.

ગૃહમંત્રી યવેટ કૂપરે કહ્યું હતું કે, લાંબા સમયથી વિદેશી ગુનેગારો આપણી ઇમિગ્રેશન સિસ્ટમનો લાભ લઈ રહ્યા છે . આ હવે સમાપ્ત થવું જોઈએ.

આ યોજના હેઠળ ભારતની સાથે, અંગોલા, ઓસ્ટ્રેલિયા, બોત્સવાના, બ્રુનેઈ, બલ્ગારિયા, કેનેડા, ગયાના, ઇન્ડોનેશિયા, કેન્યા, લાટવિયા, લેબનોન, મલેશિયા, યુગાન્ડા અને ઝામ્બિયાનો પણ યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.



# સંસ્થા સમાચાર

## બારસોથી વધુનું વૃક્ષારોપણ

રોટરી કલબ ઑફ કાંદિવલી વેસ્ટ દ્વારા પર્યાવરણના રક્ષણની એક પહેલ કરવામાં આવી હતી. સંસ્થાના સદસ્યોએ મળીને દત્તક લેવાયેલા ગામ ખોડલા (કિનિસ્તે-મોખડા)માં બારસોથી પણ વધુ વૃક્ષો રોપ્યા હતા. એ કાર્યમાં અનેક સદસ્યોએ ભાગ લીધો હતો.

## ભાગવત સપ્તાહનું પારાયણ

શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગાના યજમાન પદે ૫૦૧ પોથી સામૂહિક શ્રીમદ્ ભાગવત સપ્તાહ કથા પારાયણ જ્ઞાનયજ્ઞનું મહાઆયોજન ૧૪ નવેમ્બરથી ૨૦ નવેમ્બર સુધી કરવામાં આવ્યું છે. આ આયોજન રિચર્ડસન એન્ડ ક્રુડાસ ગ્રાઉન્ડ, એલ.બી.એસ. રોડ, મુલુંડ વેસ્ટમાં કરવામાં આવ્યું છે.

## ગૌવંશ માટે જીવદયા કેન્દ્ર

શ્રી અજરામર ટ્રસ્ટ દ્વારા વિવિધ સેવાકીય પ્રવૃત્તિ કરવામાં આવે છે. સંસ્થાની સિલ્વર જ્યુબિલી નિમિત્તે રખડતા-ભટકતા ગૌવંશ માટે આશ્રય સ્થાન બનાવવાનો સંકલ્પ લીધો છે. એના માટે એમણે ભુજના ભારપર ખાતે ગૌવંશ સેવાધામની ભૂમિપૂજનનો કાર્યક્રમ હાથ ધર્યો હતો.

## સારી પાળવણી તરફ એક પ્રેરણાદાયી પગલું

અંધેરી ઈસ્ટમાં આવેલી શ્રી નાગરદાસ ધારસી ભૂતા હાઈસ્કૂલમાં બીજી ઓગસ્ટના દિવસે 'સારી પાળવણી તરફ એક પ્રેરણાદાયી પગલું' વિષય પર ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત ઢોલ-તાશાની ગુંજ, લેઝિમ અને પરંપરાગત સ્વાગત સાથે થઈ. શાળાનો ઉદ્દેશ બાળકો અને તેમના પરિવારનો સર્વાંગી વિકાસ કરવાનો છે. આ કાર્યક્રમ દરમિયાન છત્રપતિ શિવાજી મહારાજની ગૌરવગાથાનું ભવ્ય મંથન વિદ્યાર્થીઓએ કર્યું હતું. ■

# ગોવિંદાની પ્રેક્ટિસ વખતે બાળકે જીવ ગુમાવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દહિસર પૂર્વના કેતકીપાડા વિસ્તારમાં ગોવિંદાની પ્રેક્ટિસ વખતે માનવ પિરામિડના છઠ્ઠા થર પરથી પટકાયેલા ૧૧ વર્ષના બાળકે જીવ ગુમાવ્યો હતો. આ પ્રકરણે પોલીસે ગોવિંદી પ્રેક્ટિસનું આયોજન કરનારા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

દહિસર પોલીસના જણાવ્યા મુજબ ઘટના રવિવારની રાતે ૯.૪૫ વાગ્યાની આસપાસ બની હતી. પ્રેક્ટિસ દરમિયાન મૃત્યુ પામેલા બાળકની ઓળખ મહેશ રમેશ જાધવ તરીકે થઈ હતી.

જન્માષ્ટમી નિમિત્તે મટકી ફોડવાની પ્રેક્ટિસ શરૂ થઈ ગઈ હોવાથી દહિસર પૂર્વના નવતરુણ મિત્ર મંડળ દ્વારા પણ કેતકીપાડામાં પ્રેક્ટિસ ચાલી રહી હતી. નજીકના જ ધારખાડી વિસ્તારના રામનગર ડોંગરી ખાતે રહેતો મહેશ આ મંડળના કાર્યકરો સાથે ગોવિંદાની પ્રેક્ટિસમાં જોડાયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ પ્રેક્ટિસ દરમિયાન બાળક માનવ પિરામિડના છઠ્ઠા થર પર ચડ્યો હતો. સંતુલન ગુમાવવાને કારણે બાળક પડી ગયો હતો અને જમીન પર પટકાયો હતો. માથામાં ગંભીર ઇજા સાથે તેને દહિસરની પ્રગતિ હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું.

પ્રેક્ટિસના સ્થળે સુરક્ષાની પૂરતી તકેદારી રાખવામાં આવી નહોતી, જેને પગલે આ ઘટના બની હોવાનું કહેવાય છે. પરિણામે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ગઢડા (સ્વામીના) હાલ સુરત, અ.સૌ સુધા (સ્મિતા) (ઉં. વ. ૬૭) તે દિપકકુમાર રમણીકલાલ શાહ (કામદાર)ના ધર્મપત્ની. તે નિતીન, અલ્કેશ તથા જાગૃતિબેન યોગેશકુમાર લાખાણીના ભાભી. તે ડૉ. હિરલ તથા કિંજલના માતુશ્રી. તે ડૉ. નિસર્ગ પટેલના સાસુ. પિયર પક્ષે સ્વ. લીલાવંતીબેન તથા સ્વ. ફુલચંદ ગોરધનદાસ રવાણીના દીકરી. તે શશીકાન્ત, નવીન, સ્વ. કિશોર, હિતેશ તથા પ્રેમીલાબેન દેસાઈ, સ્વ. રંજનબેન ગાંધી તથા જાગૃતિ મહેતાના બેન શનિવાર, તા. ૯-૮-૨૫ના દેહપરિવર્તન થયું છે. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૪-૮-૨૫, ગુરુવારે સુરત મુકામે રાખેલ છે.

**ઝાલાવાડી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન**

મુળી નિવાસી હાલ મીરારોડ, સ્વ. ઝવેરીબેન શાંતિલાલ શાહના સુપુત્ર અશ્વિનભાઈ (ઉં.વ.૭૯) તે સ્વ. કુંદનબેનના પતિ. સ્વ. શાંતાબેન મણિલાલ શાહના જમાઇ. ખ્યાતિ ગૌરવ શાહ, ક્રિમા ધર્મેશ શાહ, દેવકી મેહુલ શાહના પિતા. અનંતભાઈ, સ્નેહલતાબેન, સ્વ. રમેશભાઈ, સ્વ. તરૂલતાબેન, સ્વ. જ્યોત્સનાબેન, આશાબેનના ભાઇ. શનિવાર, તા. ૯-૮-૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન મોરબી**

મોરબી નિવાસી હાલ કાંદિવલી, સ્વ. મોહનલાલ દેવશીભાઇ મેહતાના પુત્ર કાંતિલાલ (ઉં.વ.૯૭) તે અ. સૌ. સ્વ. તારામતીના પતિ. મહેશ, મિનેશ, મિલન, દીનાબેન, અલ્કાબેનના પિતા. શ્રીદેવ, સ્વાતિ, જ્યોતિ, પંકજકુમાર, કમલેશકુમારના સસરા. સાસરાપક્ષે કેશવજી કાનજી મેહતાના જમાઈ. તા. ૯-૮-૨૫ને શનિવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**વિશાનિમા જૈન**

કપડવંજ નિવાસી હાલ મુંબઈ, સ્વ. જયંતીલાલ વાડીલાલ દોશીના સુપુત્ર કિરીટભાઈ દોશી (ઉં.વ.૮૨) તા. ૯-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે હેમાંશુ, શૌલબેન તથા બીજલના પિતાશ્રી તથા દિપાલીબેન, પારસભાઈના સસરા. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

વડાલાના માતુશ્રી ઉર્મિલા હરિલાલ સાવલા (ઉં.વ. ૭૪) તા. ૯-૮-૨૫ના અવસાન પામેલ છે. સ્વ. હરિલાલના પત્ની. નાનબાઈ વસનજી જેઠાના પુત્રવધૂ. રીટા, કલ્પેશના માતુશ્રી. કુંદરોડી મેઘબાઈ કાનજી માણેક રણશી છેડાના પુત્રી. ધનજી, મણીબાઈ, શાંતિલાલ, ચંચળ, નીતીન પોપટલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ફોન ફ્રુરૂ મળ્યા તુલ્ય. નિ. કલ્પેશ સાવલા, બી/૫, કેસરવાટિકા, પારનાકા, કલ્યાણ (વેસ્ટ).

પત્રીના માતુશ્રી અમૃતબેન ઉર્ફે ઉમરબાઈ હીરજી ધરોડ (ઉં.વ. ૮૨) ૯-૮-૨૫ના અવસાન પામ્યા છે. મોંઘીબાઈ જાદવજી ખેતશીના પુત્રવધૂ. હીરજીના ધર્મપત્ની. લાખાપુરના મઠાંબાઈ પાસુ હધુ ગાલાના સુપુત્રી. શૈલેષ, જિતેન્દ્ર, નિલેશના માતા. લાખાપુર આણંદજી, ભવાનજી, મેઘજી, મણીલાલ, વસનજી, માવજી, રમણીક, વાંકી હીરબાઈ વેલજી, ભોરારા લક્ષ્મીબેન કુંવરજી, મણીબેન લાલજી, ગુંદાલા ઝવેરબેન વિશનજી, બેરાજા નિર્મળાબેન મગનલાલ, ચુનડી જયવંતીબેન હરીલાલના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. નિલેશ ધરોડ, ૬૦૧, રશ્મી સાધના, દહાણુકરવાડી કાંદિવલી (વે).

ભીંસરાના લાલજી મુરજી સાવલા (ઉં.વ.૮૩) તા. ૮-૮-૨૫ના અવસાન પામેલ છે. હેમલતાના પતિ. પ્રકાશ, પ્રદીપ, દક્ષાના પિતા. બિદડા હાસબાઈ કાનજી, ગોધરા હીરબાઈ ભુલા, પાનબાઈ ગણશી, લક્ષ્મીચંદ, હીરજી, જયંતીલાલના ભાઈ. લક્ષ્મીબેન નાનજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. પ્રદિપ લાલજી, થોભણ ફરીયો, ભીંસરા કચ્છ.

**માંગરોળ જૈન**

ગં. સ્વ. ઉષાબેન નેમીદાસ દોશી (ઉં. વ. ૮૬) તે સ્વ. નેમીદાસ પ્રાણલાલ દોશીના ધર્મપત્ની. સ્વ. ચંપકલાલ કાલીદાસ બદાણીના દીકરી. સ્વ. શારદાબેન, સ્વ. જીતેન્દ્રભાઇ, જયોત્સનાબેન, કીર્તીબેનના બેન તા. ૯-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. સાદડી તથા લૌકિક વ્યવહાર પ્રથા બંધ છે.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી દેરાવાસી જૈન**

કટુડા નિવાસી હાલ મુંબઇ (તિલકનગર) શિવલાલ ચાપસીભાઇ શાહના દીકરા રમેશચંદ્ર શાહ (ઉં. વ. ૮૦) તા. ૯-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સરોજબેનના પતિ. હરિલાલ, કીર્તિકાંત, તારાબેન, જયોત્સનાબેનના ભાઇ. પુનિતભાઇ, બિંદુબેનના પિતા. મેઘનાબેન અને પ્રેમલભાઇના સસરા. અદિતિના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે.

**સોરઠ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વડાલ નિવાસી હાલ મુલુંડ-મુંબઇ નંદકુમાર ન્યાલચંદ મહેતા (ઉં. વ. ૭૭) તે રસીલાબેનના પતિ. તે સમીર તથા ફાલ્ગુની (મીનુ)ના પિતાશ્રી. નેહા તથા હેમંતકુમાર શશીકાંત ગોસલિયાના સસરા. તે સ્વ. નરોતમભાઇ, સ્વ. રસિકભાઇ, સ્વ. કાશીબેન, સ્વ. સવિતાબેન, સ્વ. મુક્તાબેન, સ્વ. મંજુલાબેન, સ્વ. ઇન્દુબેન તથા મધુબેનના ભાઇ. તે ધ્રાફા નિવાસી સ્વ. હેમતલાલ વીરચંદ મહેતાના જમાઇ. તે વંશી તથા ક્રીશીવના નાના-દાદા તા. ૧૧-૮-૨૫ સોમવારના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૩-૮-૨૫ બુધવારના ૩થી ૫. ઠે. ગોપુરમ હોલ, ડો. આર. પી. રોડ, જ્ઞાન સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વેસ્ટ).

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ લાકડીયાના વેલજી અખેરાજ કોરશી નિસર (ઉં. વ. ૮૨) શુક્રવાર, તા. ૮-૮-૨૫ના મુંબઇમાં અવસાન પામેલ છે. કોરઇબેન અખેરાજના સુપુત્ર. નાનુબેનના પતિ. ધીરજ, ભાવના, સંગીતા, સેજલ, શિલ્પાના પિતાશ્રી. દિપ્તી, જયંતી, જયેશ, દિનેશના સસરા. દક્ષના દાદા. સ્વ. લક્ષ્મીબેન ભચુ કરમણ ગડાના જમાઇ. પ્રાર્થનાસભા મંગળવાર, તા. ૧૨-૮-૨૫ના બપોરે ૨થી ૩.૩૦. ઠે. કરશન લધુભાઇ નિસર હોલ, દાદર (વેસ્ટ).

# પારસી મરણ

સોલી કેકી ચીનોઇ તે ખોરશેદના ધની. તે મરહુમો મનીજે કેખશરુ ચીનોઇના દીકરા. તે ઝીનીયાના પપા. તે હોરમઝના સસરા. તે મરહુમો ફિરોઝ, બોમી, જરુના ભાઇ. તે જાનીન ને ઝરાબના મમાવા. (ઉં. વ. ૮૪) રે. ઠે. ૫૯૯, શરમા નિવાસ, ફ્લેટ નં.૧૧, જામે જમશેદ રોડ, માટુંગા, મુંબઇ-૪૦૦૦૧૯. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૩-૮-૨૫ને દીને બપોરે ૩.૪૦ વાગે રુસ્તમ ફરામ અગિયારીમાં.

આબાન દારા દાદીમાસ્તર તે મરહુમ દારાના ધનીયાની. તે મરહુમો દીનુ હીરજી મીનોચેર સેથનાના દીકરી. તે બુરઝીનના માતાજી. તે મનીશાના સાસુજી. તે ખોરશેદ, હોમી, જીમીના બહેન. તે તનીશકા ને આનયાના બપઇજી. (ઉં.વ. ૭૪) રે. ઠે. બી/૨૩, રુસ્તમજી રીવીયેરા, ફા. જસતીન રોડ, ઓરલેમ, મલાડ (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૬૪. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૨-૮-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે, ઉપરની ભાભા -નં.૧માં ડુંગરવાડી પર.

અસપી કેખશરુ માહાવા તે મરહુમો સુના ને કેખશરુ માહાવાના દીકરા. તે મરહુમો દોલી ને ફરોખના ભાઇ. તે હોશેદારના મામા. (ઉં. વ. ૮૩) રે. ઠે. એફ-૧, શાપુર બાગ, ન્યુ સાઇ ધામ ટેમ્પલની સામે, ગીરગાંવ, મુંબઇ-૪૦૦૦૦૪.

જમશેદ હોરમઝદીયાર સબઝેહ તે રોશનના ધની. તે મરહુમો મોરવરી હોરમઝદીયાર સબઝેહ તે દાનેશ ને જેસમીનના પપા. તે નાઝની ને શાવીરના સસરા. તે બેરુઝ ને મારુખના ભાઇ. તે ફરહાન ને પરઝાનના બપાવા. તે ખોરશેદ તથા મરહુમ કેખશરુ ઇરાનીના જમાઇ. (ઉં. વ. ૭૫) રે. ઠે. અશીશ એપાર્ટમેન્ટ, ચોથે માળે, રૂમ. નં. ૨૦, ૧૨/૧૪, સોરાબજી સંતોક લેન, ધોબીતળાવ, મુંબઇ-૪૦૦૦૦૨. ઉઠમણાંની ક્રિયા : તા ૧૩-૮-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે પેતરસ બજા.

# હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ ખરસાડ (ઉતારા ફળિયા), હંસાબેન (અશીબેન) (ઉં.વ.૭૮) તા. ૯.૮.૨૫ના શનિવાર રામશરણ પામ્યા છે. તે પરભુભાઈના ધર્મપત્ની. નિતીનભાઈ, માલતીબેન, સ્વ. નીલુબેન, પાર્વતીબેનના માતા. નલીની, સ્વ. શરદ, સ્વ. પ્રવિણભાઈ, કમલેશભાઈના સાસુ. સ્વ. ડાઈબેન, સ્વ. હસમુખભાઈ, જંયતિભાઈ, સ્વ. રમણભાઈ, ઈચ્છાબેન, નટવરભાઈ (દાજીભાઈ), સ્વ. ઠાકોરભાઈ, વિનોદભાઈ, મીનાબેનના ભાભી. ધ્રુવીતા અને વિધીના દાદી. નિધિ, દિવ્યા, સ્વ. ટિવંકલ, રીંકલ, રોસના નાની. તેમનું બેસણું ૧૫-૮-૨૫ના શુક્રવારે અને પૂછપાણી ૨૦-૮-૨૫ના બુધવારે ૩ વાગ્યાથી તેમના ખરસાડ ગામના નિવાસ સ્થાને રાખેલ છે. લૌકિક પ્રથા બંધ છે.

**દશા સોરઠીયા વણિક**

મૂળ ગામ વાસાવડ હાલ પુણે, સ્વ. શાંતાબહેન તથા સ્વ. નટવરલાલ મોતીચંદ સાંગાણી (આકોલા)ના પુત્ર જમનાદાસ સાંગાણી (ઉં.વ.૭૮) શનિવાર તા. ૯-૮-૨૫ના શ્રીજીચરણ થયેલ છે. તે સ્વ. નાનાલાલ છગનલાલ તલાટી (મહુવા)ના જમાઈ. રશ્મીબેન(હંસાબેન)ના પતિ. મયંક, ચેતન, નિલેશના પિતાશ્રી. ભાવના, પ્રીતિ, ધનશ્રીના સસરા. સ્વ. ભૂપતરાય, સ્વ. મુકુંદરાય, ચંદ્રકાંત, નરેશ, સ્વ. લલિતાબેન ચંદુલાલ મલકાણ તથા મીનાબેન કનૈયાલાલ ભુપતાણીના ભાઈ. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**દશા મેવાડા અમદાવાદી વણિક**

રમીલાબેન શાહ (ઉં.વ. ૮૬) તા. ૯-૮-૨૫એ શ્રીજીચરણ પામ્યાં છે. તે કાંતાબેન અને છગનલાલ હરિલાલ શાહનાં પુત્રી. બિહારીલાલ ત્રિકમલાલ શાહનાં પત્ની. સ્વ. મનહરલાલ, સ્વ. ગૌતમભાઈ, જયા મારફતિયા, ભારતી શાહનાં બહેન. સ્વ. નવનીતભાઈ, સ્વ. જશુબેન, સ્વ. રમેશભાઈ, પ્રેમીલાબહેનનાં ભાભી. સોનલનાં માતા. દેવાંગનાં સાસુ. પ્રાર્થનાસભા અને લૌ. પ્રથા બંધ છે.

**દશા શ્રીમાળી વણિક**

મૂળ ઢસા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. શાંતિલાલ પરશોતમદાસ સંઘરાજકા તથા સ્વ.લીલાવતીબેનના પુત્ર જિતેન્દ્રભાઈ શુક્રવારે તા. ૮-૮-૨૦ના શ્રીજીચરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. સ્વ. છબિલભાઈ, સ્વ. અરવિંદભાઈ, હર્ષદભાઈ, સ્વ. ડૉ. દેવેન્દ્રભાઈ તથા ડૉ. ધર્મીલાબેન ગુણવંતભાઈ શાહ, સૌ. ઉષાબેન પ્રફુલભાઈ દાણીના ભાઇ. પ્રીતિશ અને ધરાના પિતાશ્રી. સૌ. હેતલ તથા મિતિનભાઈ શાહના સસરાજી. સ્વ. સવિતાબેન, સ્વ. હિંમતભાઇ પ્રભુદાસભાઇ મહેતાના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા મોઢ માંડલિયા વણિક**

ચંદ્રમણીબેન (ઉં. વ. ૯૬) તે સ્વ. પ્રભાબેન છગનલાલ અંબાણીના દીકરી. સ્વ. રમેશભાઇ, સ્વ. મુકુંદભાઇ, સ્વ. બીપીનભાઇ તથા મૃદુલાબેન કિશોરભાઇ મુછાળાના બેન. સ્વ. હેમલતાબેન, સ્વ. હંસાબેન, સ્વ. કુસુમબેનના નણંદ. ઋતુ શ્યામ ઉમેશભાઇના મોટા ફોઇ. મહેશભાઇ, હિતેશભાઇ, વિશાલભાઇ, હર્ષાબેન, પારુલબેન, સોનલબેન, રૂપલબેનના ફોઇ તા. ૯-૮-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

બડોદર નિવાસી હાલ મુંબઇ પ્રભાવતીબેન (ઉં. વ. ૧૦૨) તે સ્વ. બાબુભાઇ કાલીદાસ કારીયાના ધર્મપત્ની તા. ૧૦-૮-૨૫ રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. પુરુષોતમ માધવજી વિઠલાણી (ખપોલી)ના દીકરી. તે સ્વ. શારદાબેન, પ્રભુદાસભાઇ, જયસુખભાઇ, સ્વ. પુષ્પાબેન, દીલીપભાઇ, જયંતભાઇના માતુશ્રી. હર્ષા, જ્યોત્સના, જયશ્રી, ભાવનાના સાસુજી. તે સ્વ. હંસરાજભાઇ, સ્વ. મનજીભાઇ, સ્વ. રામજીભાઇ વિઠલાણી તથા જમનાબેન કારીયાના બહેન. તે રાજેશ, સ્વ. સંજય, કવિતા, જય, સમીર, મોના, પૂજા, રીતીકા, દર્શીલના દાદીમા. પ્રાર્થનાસભા તા. ૧૨-૮-૨૫ મંગળવારના ૫થી ૬.૩૦. ઠે. કે. સી. કોલેજ, ઇરોઝ સીનેમાની પાછળ, ચર્ચગેટ ખાતે રાખેલ છે.

**કચ્છી મોઢ વણિક**

કચ્છ માંડવી નિવાસી હાલ ચેંબુર (તિલકનગર) ભરતભાઇ મહેતા (ઉં.વ.૭૩) તા. ૧૦-૮-૨૫ રવિવારના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. વસંતબેન પ્રાણલાલ મહેતાના પુત્ર. તે રશ્મિબેનના પતિ. નેહલ અને જીજ્ઞેશના પિતા. વિશાલ રૂપાણી તથા કાદંબરીના સસરા. સ્વ. ધરમશી તુલસીદાસ શાહના જમાઇ. જયશ્રીબેન દિલીપભાઇ મહેતા, સ્મિતાબેન મુકેશભાઇ શાહ, અરુણના ભાઇ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# ક્લાસિફાઈડ

## ૪. ધાર્મીક સંબંધી

**જૈન દેરાસર માટે**

કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૮૩-એ)

## ૧૨. યાત્રા સહેલગાહ

■ રેન્ટાકેબ મુંબઈ લોકલ આઉટ સ્ટેશન Pickup Drop સમગ્ર ભારતમાં કાર. ડિઝાયર ઇનોવા ક્રિસ્ટા ટેમ્પો ટ્રાવેલર સ્થાનિક, આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ, હોટેલ પેકેજ અને યાત્રા વીમો. Travel Insurance ARRHAM HOLIDAY 9769977466 / 9892534488. (બી-૧૬૨૨૩)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

## ૩૨. જમીન-મિલકત

ગિરગાંવ રહેવાસી સોબો રોકાણકારો
2/3/4 & 5 BHK
સ્પેસિયસ અને લક્ઝુરિયસ વેચાણ માટે ઉપલબ્ધ
આઈકોનિક રેસિડેન્શિયલ ટાવરમાં એપાર્ટમેન્ટ
કામ અંતિમ તબક્કામાં, ડિસેમ્બર 2025 માં કબજો
ગિરગાંવ વિસ્તારમાં એકમાત્ર પ્રોજેક્ટ
♦ જૈન મંદિર ♦ સિટી વ્યુ ♦ સી વ્યુ
♦ મોડર્ન લાઈફ સ્ટાઈલ અમેનીટીસ
♦ પોડિયમ કાર પાર્કિંગની સુવિધા
ભવિષ્યમાં મૂડીમાં મોટો વધારો થવાની સંભાવના
બ્રોકર્સ / કન્સલ્ટન્ટ્સ સંપર્ક ન કરે
માત્ર ડાયરેક્ટ સિરિયસ હોમ બાયર્સ
અથવા ઈન્વેસ્ટર્સ જ સંપર્ક કરે
ashwinagile@gmail.com

(બી-૧૬૩૧૯)

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**

કમ્પ્લીટ ઈન્ટિરિયર પ્લાનિંગ, ડિઝાઈનિંગ અને રીનોવેશન. પ્રોફેશનલ ડિઝાઈન અને એક્ઝેક્યુશન ટીમ દ્વારા, 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 5,000/= 3 બેડરૂમ 8,000/=. Helpline 8989282877. (૧૫૩૮૦/સી)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૭૮-એ)

મુંબઈ સમાચાર

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

**પુણેમાં પિકઅપ વૅન 30 ફૂટ નીચે ખીણમાં ખાબકી**

# શ્રાવણ સોમવારના શુભ દિને મંદિરે દર્શન કરવા જઇ રહેલી આઠ મહિલાનાં મૃત્યુ: પચીસ ઘવાયા

પુણે: પુણે જિલ્લામાં શ્રાવણ મહિનાના શુભ દિવસે ખેડ તાલુકાના મંદિરમાં દર્શન કરવા પિકઅપ વૅનમાં જઇ રહેલા ભાવિકોને અકસ્માત નડ્યો હતો. ડ્રાઇવરે કાબૂ ગુમાવ્યા બાદ પિકઅપ વૅન ૩૦ ફૂટ નીચે ખીણમાં ખાબકતાં આઠ મહિલાનાં મોત થયાં હતાં, જ્યારે અન્ય પચીસ જણ ઘાયલ થયા હતા, એમ પોલીસ અધિકારીએ કહ્યું હતું.

પૈટ ગામમાં સોમવારે બપોરે એક વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો. પિકઅપ વૅનમાં ૩૦થી ૩૫ જણ હતા, જેમાં મોટા ભાગની મહિલાઓ તેમ જ બાળકો હતા.

પોલીસના જણાવ્યા અનુસાર પાપલવાડી ગામના રહેવાસીઓ ખેડ તાલુકામાંના શ્રી ક્ષેત્ર મહાદેવ કુંડેશ્વર મંદિરમાં દર્શન કરવા માટે સોમવારે પિકઅપ વૅનમાં રવાના થયા હતા. તેઓ પૈટ ગામમાંથી પસાર થઇ રહ્યા હતા ત્યારે ડ્રાઇવરે અચાનક કાબૂ ગુમાવ્યો હતો, જેને કારણે પિકઅપ વૅન ૩૦ ફૂટ નીચે ખીણમાં ખાબકી હતી.

અકસ્માતની જાણ થતાં લોકો ઘટનાસ્થળે દોડી ગયા હતા અને બાદમાં પોલીસને તેની જાણ કરી હતી, જેને પગલે પોલીસ અધિકારીઓ ત્યાં આવી પહોંચ્યા હતા. ૧૦ એમ્બ્યુલન્સને પણ ત્વરિત ઘટનાસ્થળે મોકલવામાં આવી હતી. અકસ્માતમાં ઘવાયેલા લોકોને બહાર કઢાયા બાદ હોસ્પિટલમાં લઇ જવાયા હતા, જ્યાં આઠ મહિલાને તપાસીને મૃત જાહેર કરવામાં આવી હતી, જ્યારે ઘવાયેલા પચીસ જણને સારવાર માટે દાખલ કરાયા હતા.

દરમિયાન રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આ દુર્ઘટના અંગે દુ:ખ વ્યક્ત કર્યું હતું અને મૃતકોના પરિવારજનોને ચાર લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી હતી. 'એક દુ:ખદ ઘટના બની છે, જેમાં પિકઅપ વૅનને અકસ્માત નડતાં આઠ લોકોનાં મોત થયાં છે. હું મૃતકોના પરિવારજનોને સાંત્વના આપું છું. મૃતકોના પરિવારજનોને ચાર લાખ રૂપિયા આપવામાં આવશે,' એમ ફડણવીસે એક્સ પર પોસ્ટમાં જણાવ્યું છે. (પીટીઆઇ) ■

છેલ્લા પાનાનું ચાલુ

## કબૂતરખાના વિવાદ

છત પર કબુતરોને ખાદ્ય પદાર્થ નાખી ખવડાવવા બદલ પાલિકાએ એફઆઈઆર નોંધાવ્યાના બે દિવસ બાદ આ પગલું લેવામાં આવ્યું છે.

કબુતરોને ખાદ્ય પદાર્થ નાખનારા પર નજર રાખવા માટે હાઈ કોર્ટે પાલિકાને સીસીટીવી કેમેરા બેસાડવા અને ખાદ્ય પદાર્થ જ્યાં આપવામાં આવે છે એ જગ્યા પર બીટ માર્શળ અથવા પાલિકા કર્મચારીઓને નીમવા અને કુબતરોને ભેગા થતા અટકાવવા માટે જાળીનો ઉપયોગ કરવા માટે કહ્યું છે.

પાલિકાના ઉચ્ચ અધિકરીના જણાવ્યા મુજબ હાઈ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્દેશ મુજબ કબુતરખાના પરિસરમાં ખાદ્ય પદાર્થ આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જયાં સુધી કોર્ટ અમને આગળની કાર્યવાહીનો નિર્દેશ નહીં આપે ત્યાં સુધી કબુતરખાના પરિસરને ઢાંકી રાખવામાં આવશે. રવિવારે મોડી સાંજે પાલિકાએ દાદરના કબુતરખાનાને ઢાંકવા માટે તાડપત્રી નાખવાનું કામ હાથમાં લીધું હતું, જે સોમવારે સવારે પૂરું થયું હતું. પાલિકાએ પોલીસને પત્ર લખીને આ વિસ્તાર પર નજર રાખવા માટે પણ કહ્યું હોવાનું કહેવાય છે.

પાલિકાએ ૩૦ જુલાઈના મુંબઈ હાઈ કોર્ટના આદેશ મુજબ કાર્યવાહી કરી હતી, જેમાં દાદર પશ્ચિમમાં આવેલા કબુતરખાનામાં ગેરકાયદેસર રીતે ખાદ્ય પદાર્થ આપવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. હાઈ કોર્ટના આદેશ બાદ જોકે અનેક લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા અને આદેશ સામે વિરોધ દર્શાવ્યો હતો.

સાત ઑગસ્ટના દાદરના કબુતરખાના પરની તાડપત્રી હટાવી દેવાની ઘટના બાદ કોર્ટેપોતાના અગાઉના આદેશને કાયમ રાખ્યો હતો અને તેમાં કહેવામાં આવ્યું હતું કે પાલિકાએ પોતાનો નિર્ણય રદ કર્યો નથી કે પછી તેમા કોઈ રાહત આપી નથી. તેથી જાહેર સ્થળોએ ખોરાક આપવા પરનો પ્રતિબંધ રહેશે. જોકે કોર્ટે અરજદારોને કબુતરોને ખવડાવવા માગતા હોય તો પાલિકાને અરજી કરવાની મંજૂરી આપી હતી અને કહ્યું હતું કે પાલિકાએ નિર્ણય લેતા સમયે જાહેર આરોગ્યના મુદ્દા પર વિચાર કરવાનો રહેશે. ■

## બેલાસિસ ફ્લાયઓવર

પહેલા તબક્કામાં રેલવે કૉન્ટ્રેક્ટરે ૩૬ મીટર સ્પાનના કુલ ૧૨ ગર્ડર બેસાડવાના કામ થોડા સમય પહેલા જ પૂરા કર્યા છે. હવે રેલવે ઓથોરિટી ગર્ડર બ્રેસિંગ (મજબુતીકરણ), ફ્લાયઓવર ઉપરનો ભાગ (ડેક શીટ), સ્લેબ કાસ્ટિંગ જેવા કામ કરી રહી છે. આ કામ માટે ટ્રાફિક અને વીજ પુરવઠો આ બંને માટે ૪૦ કલાકનો બ્લોક લેવામાં આવવાનો છે.

બ્રિટીશકાળનો ૧૩૦ વર્ષ જૂનો બેલાસિસ બ્રિજને જૂન ૨૦૨૪માં તોડી પાડીને તેને નવેસરથી બાંધવામાં આવી રહ્યો છે. મુંબઈ સેન્ટ્રલ સ્ટેશન નજીક રેલવે પાટા પર કેબલ આધારિત પૂલ ઊભો કરવા માટે પાલિકા, મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) એ મહારાષ્ટ્ર રેલવે ઈન્ફ્રા ડેવલપમેન્ટ (મહારેલ) સાથે કરાર કર્યો છે. બેલાસિસ બ્રિજના બાંધકામની ડેડલાઈન એપ્રિલ ૨૦૨૬ છે પણ બ્રિજનું બાંધકામ તેની નક્કી કરેલી ડેડલાઈન પહેલા જ પૂરું કરીને ડિસેમ્બર, ૨૦૨૫માં તેને વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો હોવાનું પાલિકાના એડિશનલ કમિશનર (પ્રોજેક્ટ) અભિજિત બાંગરે જણાવ્યું હતું.

બ્રિજના બાંધકામ માટે સોઈલ ઈન્સ્પેક્શન, પાયાનું બાંધકામ અને થાંબલાનું બાંધકામ પૂરું થયું છે. બાંધકામને અડચણરૂપ રહેલા બાંધકામ પણ હટાવી દેવામાં આવ્યા છે. પૂર્વ બાજુએ એપ્રોચ રોડ માટે પાલિકા દ્વારા કામ કરવામાં આવી રહ્યું છે. રેલવે હદમાં પશ્ચિમ રેલવે કામ કરી રહી છે, જેમાં રેલવે કૉન્ટ્રેક્ટરે ૩૬ મીટર સ્પાનના કુલ ૧૨ ગર્ડર બેસાડી દીધા છે. તેને અસેમ્બલ એટલે કે જોડવાનું કામ ૧૦ ઑગસ્ટ, ૨૦૨૫ના પૂરું થયું છે. હવે પશ્ચિમ દિશામાં અપ્રોચ રોડમાં એક થાંભલાનું કામ બાકી છે તે ચાલુ કરવામાં આવવાનું છે. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધીમાં ગર્ડરને મજબૂત કરવાનું અને ડેક શીટ જેવા કામ પૂરા કરવામાં આવશે ત્યારબાદ બંને અપ્રોચ રોડનું કામ હાથમાં લઈને ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં પૂલના તમામ કામ પૂરા કરી નાખવામાં આવશે. ■

## બૉમ્બે હાઈ કોર્ટના

ભાર મૂકીને આને મોટી ચિંતા ગણાવી હતી. અરજી પલ્લવી પાટીલ, સ્નેહા વિસરીયા અને સવિતા મહાજને નોંધાવી હતી. અરજદારોએ દાવો કર્યો હતો કે બીએમસીએ કાનૂની પીઠબળ વિના કબૂતરખાનાને તોડવાનું ચાલુ કર્યું છે. તેમણે દલીલ કરી હતી કે પાલિકાનો કાયદો પ્રિવેન્શન ઑફ ક્રુઅલટી ટુ એનિમલ્સ એક્ટનો ભંગ કરે છે. (એજન્સી) ■

## ફડણવીસ 'ભ્રષ્ટ'

વિરોધ પ્રદર્શનમાં બોલતાં ઠાકરેએ કહ્યું કે જ્યાં સુધી તે પ્રધાનોને દરવાજો ન બતાવવામાં આવે ત્યાં સુધી આંદોલન ચાલુ રહેશે.

સેના (યુબીટી)એ કહ્યું કે તેણે રાજ્યભરમાં એકસમાન આંદોલન કર્યું છે.

ઠાકરેએ પક્ષના કાર્યકરોને મહાયુતિ પ્રધાનોના 'ભ્રષ્ટ' કાર્યો વિશે જનતાને માહિતી આપવા જણાવ્યું હતું.

'અમે તેમને (સરકારને) (પ્રધાનો વિરુદ્ધ) પુરાવા આપ્યા છે અને છતાં તેમના પર કોઈ કાર્યવાહી થઈ નથી. કોઈ ડાન્સ બાર ચલાવી રહ્યું છે, તો બીજા પાસે નોટો ભરેલી થેલી છે. હવે કોઈ તપાસની પણ જરૂર નથી, આમછતાં મુખ્ય પ્રધાન પ્રધાનોને બરતરફ કરતા નથી,' એમ ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું.

શિવસેના (યુબીટી)એ શાસક શિવસેનાના પ્રધાનો યોગેશ કદમ, સંજય શિરસાટ, સંજય રાઠોડ અને એનસીપીના માણિકરાવ કોકાટેના રાજીનામાની માગણી કરી છે.

'મને દયા આવે છે કે ફડણવીસ. તેઓ આ ભ્રષ્ટ પ્રધાનોને કેમ બચાવી રહ્યા છે? તેમની પાસે સ્પષ્ટ બહુમતી હોવા છતાં તેમની પાસે આ લોકોને બરતરફ કરવાની હિંમત નથી,' એવો દાવો ઠાકરેએ કર્યો હતો.

'મહાયુતિએ મહારાષ્ટ્રને ભ્રષ્ટાચારમાં ટોચના સ્થાને ધકેલી દીધું છે,' એવો ગંભીર આરોપ ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને લગાવ્યો હતો.

ઠાકરેની પાર્ટી દ્વારા કદમ પર તેમની માતાને નામે પરમિટ સાથે ડાન્સ બાર ચલાવવાનો આરોપ મૂકવામાં આવ્યો છે, જે આરોપ પ્રધાન દ્વારા નકારી કાઢવામાં આવ્યો છે.

## ઉદ્ધવના દાવાથી

ભાજપના એક નેતાએ મને કહ્યું હતું કે ઈવીએમ કેવી રીતે હેક થાય છે. જોકે તેઓ હવે નેતા નથી, તેઓ હજુ પણ ભાજપમાં છે. ઉદ્ધવના આ સ્પષ્ટ આરોપથી રાજ્યના વાતાવરણમાં ગરમાટો આવી ગયો છે, પરંતુ તેમણે નામ લેવાનું ટાળ્યું હોવાથી તેમના આરોપ અંગે શંકા ઉપસ્થિત થવાને સ્થાન છે. ઉદ્ધવ ઠાકરેએ કહ્યું, 'શિવસેના યુબીટીએ સમગ્ર મહારાષ્ટ્રમાં વિરોધ પ્રદર્શન કર્યા. ભ્રષ્ટ નેતાઓ પાસેથી જવાબ માંગવા માટે લોકો રસ્તા પર ઉતર્યા. અમે મુખ્ય પ્રધાન અને રાજ્યપાલને બધા પુરાવા આપ્યા છે, પરંતુ કોઈ સાંભળવા તૈયાર નથી. આ સરકારની અક્ષમતા દર્શાવે છે.'

## 'મત ચોરી'

માટે રસ્તાઓ પર ઉતર્યા છીએ,' એમ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાને રાષ્ટ્રીય રાજધાનીમાં ચૂંટણી પંચ વિરોધી માર્ચનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે જ્યાં રાહુલ ગાંધી, મલ્લિકાર્જુન ખડગે (બંને કોંગ્રેસ) અને શરદ પવાર (એનસીપી-એસપી) સહિતના વિપક્ષી નેતાઓની પોલીસે અટકાયત કરી હતી.તેમણે ચૂંટણી પંચ પર ખોટી મતદાર યાદીઓ બનાવવાનો આરોપ લગાવ્યો હતો અને કહ્યું હતું કે 'તેઓએ બતાવ્યું છે કે વિવિધ જાતિ અને ધર્મના ૮૦ લોકો એક જ ઘરમાં રહે છે. એક વ્યક્તિ ૪૩ બાળકોના પિતા તરીકે સૂચિબદ્ધ છે. શું આ શક્ય છે?' વિરોધ કરી રહેલા એનસીપી (એસપી)ના કાર્યકરોએ ચૂંટણીપંચ વિરુદ્ધ સૂત્રોચ્ચાર કર્યા અને કમિશનના પ્રતીકની પ્રતિકૃતિ સળગાવી હતી.

શરદ પવારની આગેવાની હેઠળની પાર્ટીએ દેશમાં 'ચૂંટણી અખંડિતતા અને લોકશાહી સિદ્ધાંતો' પુનઃસ્થાપિત ન થાય ત્યાં સુધી પોતાનું આંદોલન ચાલુ રાખવાનું વચન આપ્યું હતું. ■

## ઉદ્ધવ જનાદેશ

વિપક્ષના લોકોને ભારતીય બંધારણ અને ભારતીય ન્યાયતંત્રમાં કોઈ વિશ્વાસ રહ્યો નથી. બંધારણ દ્વારા બનાવવામાં આવેલા ચૂંટણી પંચે તેમને ચાર પત્રો આપ્યા હતા અને કહ્યું હતું કે તેઓ જે કહી રહ્યા છે તે શપથ પર કહે. જે લોકો આરોપો લગાવી રહ્યા છે તેઓ કેમ જતા નથી? તેમની પાસે હિંમત કેમ નથી? તેઓ પુરાવા કેમ નથી આપતા? તેઓ ભાગેડુ છે જે દરરોજ જૂઠું બોલે છે અને ભાગી જાય છે. તેમની (કોંગ્રેસની) સ્થિતિ એવી છે કે તેઓ સહન પણ કરી શકતા નથી અને જે હાર થઈ રહી છે તે વિશે કહી પણ શકતા નથી.

ઉદ્ધવ ઠાકરે અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે, 'અમે લોકોનો પ્રેમ ચોરીએ છીએ, તેમના હૃદય ચોરીએ છીએ, તેથી જ લોકો આપણને મત આપે છે. ઉદ્ધવ ઠાકરેએ જનાદેશ ચોરી લીધો હતો. ઉદ્ધવ ઠાકરે તો જનાદેશના ચોર છે, તેથી જ લોકોએ તેમને ઘરે બેસાડી દીધા છે. લોકશાહીમાં જનાદેશ ચોરો આપણને કેવી રીતે વર્તવું તેનો પાઠ ભણાવવાનો પ્રયાસ કરી રહ્યા છે તેનાથી મોટું દુર્ભાગ્ય શું હોઈ શકે? તેઓ જનાદેશ ચોર છે અને તેમના અનુયાયીઓ ખુલ્લેઆમ કફન ચોર છે. કારણ કે તેમના અનુયાયીઓએ કફન ખરીદીમાં પણ ચોરી કરી છે.

તેઓએ તેમાંથી પણ પૈસા કમાણા છે. હવે શું ઉદ્ધવ ઠાકરેને કફન ચોરોનો નેતા કહેવા જોઈએ? મને આવી ભાષાનો ઉપયોગ કરવાનું પસંદ નથી.' એમ પણ દેવેન્દ્ર ફડણવીસે ઉદ્ધવ ઠાકરેની ટીકાનો જવાબ આપતાં કહ્યું હતું.

જન આક્રોશ જેવું કંઈ નથી, આ મનમાં ગુસ્સો છે. સત્તા ગુમાવી દીધી છે, ખુરશી ગુમાવી દીધી છે, તેથી મનને રુચતું નથી એવી ટિપ્પણી પણ દેવેન્દ્ર ફડણવીસે કરી હતી. ■

## પત્નીના શબને

મુજબ હાઈવે પરથી પસાર થનારા વાહનોને રોકીને યાદવે મદદ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે કોઈએ મદદ માટે વાહન રોક્યું નહોતું. આખરે કોઈ માર્ગ ન બચતાં યાદવે પત્નીના મૃતદેહને બાઈકની પાછલી સીટ પર બાંધી ઘર તરફ બાઈક હંકારી મૂકી હતી. પોલીસે યાદવની બાઈકને માર્ગમાં જ આંતરી હતી. ગ્યારસીના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે નાગપુરની ઈન્દિરા ગાંધી મેડિકલ કૉલેજમાં લઈ જવાયો હતો. વાયરલ થયેલા વીડિયોમાં યાદવ તેની પત્નીના શબને બાઈક પર બાંધીને લઈ જતો નજરે પડે છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ ગુનો નોંધી ફરાર ટ્રક ડ્રાઈવરની શોધ હાથ ધરી હતી. (પીટીઆઈ)ઉ

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# સ્ટુડન્ટ સ્કૂલ વેનને રાજ્ય સરકારની મંજૂરી વાલીઓને રાહત અને રોજગારની તક

મુંબઈઃ સ્કૂલ બસના ભાડાં પોસાય એવા ન હોવાથી ના છૂટકે અનધિકૃત રીક્ષાનો પર્યાય સ્વીકારનારા રાજ્યના તમામ વાલીઓને રાહત મળે એવા પગલાં રાજ્ય સરકારે લીધા છે. સ્કૂલમાં ભણવા જતા વિદ્યાર્થીઓને અવરજવર સુરક્ષિત રહે તેમજ રોજગારની તક ઉપલબ્ધ થાય એ હેતુથી રાજ્યના પરિવહન વિભાગે વેન માટે લાઈસન્સ આપવાનો નિર્ણય લીધો છે. આ સંદર્ભે ટૂંક સમયમાં જાહેરનામું બહાર પાડવામાં આવશે એમ પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે જણાવ્યું હતું.

પરિવહન વિભાગ દ્વારા બોલાવવામાં આવેલી વાલીઓ અને બસ સંઘના પ્રતિનિધિઓની હાજરીમાં યોજાયેલી બેઠકમાં વિદ્યાર્થીઓને અનધિકૃત વાહનોમાં પરિવહન કરવાનો મુદ્દો ઉપસ્થિત થયો હતો. દેશમાં વિદ્યાર્થીઓના સુરક્ષિત આવન જાવન માટે કેન્દ્ર સરકારે સ્કૂલ બસ નિયમાવલી (ઓટોમોટિવ ઇન્ડસ્ટ્રી સ્ટાન્ડર્ડ્સ અર્થાત એઆઇએસ - ૦૬૩)ના આધારે સ્કૂલ વેન રૂલ્સ (એઆઇએસ - ૨૦૪) તૈયાર કર્યા છે. ૧૨+૧ સીટ પર બેસી શકે એટલા વિદ્યાર્થીઓને લઈ જતા ફોર વ્હીલરને સ્કૂલ વેનનો દરજ્જો આપવામાં આવશે. આ વાહનોમાં ડ્રાઇવર આઇડી કાર્ડ, ઇમરજન્સી એક્ઝિટ, વ્હીકલ એન્ટ્રી, સ્ટોરેજ રેક્સની સ્પષ્ટતા સાથે સીટિંગ ડિઝાઇન, ફાયર એલાર્મ સિસ્ટમ્સ અને વ્હીકલ ટ્રેકિંગ જેવી આધુનિક સેફ્ટી ટેકનોલોજીનો પણ સમાવેશ થાય છે એમ પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે જણાવ્યું હતું.

વિદ્યાર્થીઓના સલામત પરિવહનને પ્રથમ અગ્રતા આપી સ્કૂલ વેન નીતિને મંજૂરી આપવામાં આવી રહી છે. નવી નીતિ મુજબ સ્કૂલવાનમાં વિદ્યાર્થીઓને લાવવા-લઈ જવાનો વ્યવસાય શરૂ કરનારને રાજ્ય સરકાર દ્વારા લાઇસન્સ આપવામાં આવશે. રાજ્યમાં અત્યાધુનિક સુરક્ષા સુવિધાઓ ધરાવતી સ્કૂલ વેન શરૂ કરનાર મહારાષ્ટ્ર દેશનું પ્રથમ રાજ્ય બનશે એમ પરિવહન પ્રધાન પ્રતાપ સરનાઇકે જણાવ્યું છે.

સ્કૂલ વેનની ખાસિયતો - જીપીએસ સિસ્ટમથી સજ્જ, સીસીટીવી અને ડેશબોર્ડ પર સ્ક્રીન, ફાયર એલાર્મ સિસ્ટમ, દરવાજા ખુલ્લા રહી ગયા હોય તો એલાર્મ સિસ્ટમ, પાર્ટી કલાક ૪૦ની સ્પીડ લિમિટ સાથે સ્પીડ ગવર્નર, પેનિક બટન, ઈમરજન્સી ડોર, સ્કૂલ વેનમાં નાના વિદ્યાર્થીઓ ચડી શકે એવા પગથિયાં અને કારની છત પર સ્કૂલનું નામની સમાવેશ છે. ■

# ૮૭ કરોડના ગોખલે પુલનું બાંધકામ મોડું થયું, પણ કોન્ટ્રાક્ટરને દંડ માત્ર ૫૦૦૦

મુંબઈ : બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને અંધેરીમાં ગોપાલ કૃષ્ણ ગોખલે પુલના વિલંબિત બાંધકામ માટે કોન્ટ્રાક્ટર પાસેથી માત્ર ૫૦૦૦ રૂપિયાનો દંડ વસૂલાયો છે.

આ ખુલાસો અગાઉ મહાપાલિકાના લગભગ ત્રણ કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો હોવાના દાવાઓને ખોટો પુરવાર કરે છે. ૧૯ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજના ચુકવણી બિલમાં સ્પષ્ટપણે ૫૦૦૦ રૂપિયાનો દંડનો ઉલ્લેખ છે.

પિમેન્ટાએ પૂછ્યું હતું કે, પ્રોજેક્ટનો ખર્ચ ૮૭ કરોડ રૂપિયાથી વધુ હતો અને તેમાં બે વર્ષનો વિલંબ થયો હતો. અમને પહેલા કહેવામાં આવ્યું હતું કે પ્રોજેક્ટ ખર્ચના ૫-૬ ટકા દંડ તરીકે લેવામાં આવશે, જે ત્રણ કરોડ રૂપિયાથી વધુ થશે.એ કેવી રીતે શક્ય છે કે ફક્ત ૫૦૦૦ રૂપિયા દંડ તરીકે વસૂલવામાં આવ્યા હોય ?

બીએમસીના પુલ વિભાગના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, વિલંબના પ્રકારને આધારે દંડ લાદવામાં આવે છે. ગંભીર વિલંબ માટે, સામાન્ય રીતે ગંભીર દંડ લાદવામાં આવે છે.

એડિશનલ મ્યુનિસિપલ કમિશનર (પ્રોજેક્ટ્સ) અભિજીત બાંગરેએ જણાવ્યું હતું કે, કોન્ટ્રાક્ટરને દંડને આધીન મુદત વધારવામાં આવી હતી તેથી તે ચોક્કસપણે લાદવામાં આવશે. કોન્ટ્રાક્ટરને અંતિમ ચુકવણી હજુ બાકી છે અને તે દંડ કાપ્યા પછી જ કરવામાં આવશે. વધુમાં, દંડની ગણતરી કરારની શરતો અનુસાર કડક રીતે કરવામાં આવશે. એક નિવેદનમાં બીએમસીએ જણાવ્યું હતું કે, સંબંધિત સ્ટાફને આગામી ૨/૩ દિવસમાં ગોખલે આરઓબી પ્રોજેક્ટના કોન્ટ્રાક્ટર સામે ચોક્કસ દંડ નક્કી કરવા સૂચના આપવામાં આવી છે. ■

# અંબરનાથ - બદલાપુર અને ઉલ્હાસનગરમાં વીજ પુરવઠો ખોરવાયો

## પડઘામાં હાઈ પ્રેશર લાઈન તૂટવાથી પાણી પુરવઠા પર અસર થવાની શકયતા

અંબરનાથઃ અંબરનાથ, બદલાપુર અને ઉલ્હાસનગર વિસ્તારમાં સોમવાર સવારથી વીજ પુરવઠો ખોરવાતા નાગરિકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. પડઘાથી આવતી મુખ્ય લાઈન પર ગોલેગાંવ, આંબિવલી નજીક હાઈ પ્રેશર લાઈન તૂટવાથી આ વીજ પુરવઠો ખોરવાયો હતો. વીજ પુરવઠો પુનઃસ્થાપિત થવામાં ઓછામાં ઓછા ૪ થી ૫ કલાકનો સમય લાગી શકે છે, એમ મહાવિતરણના કર્મચારીઓએ જણાવ્યુ હતું.

આ વિસ્તારમાં અગાઉ પણ વારંવાર વીજળી ગુલ થતી હોવાથી નાગરિકો નારાજગી વ્યક્ત કરતા રહે છે. અંબરનાથ અને બદલાપુર શહેરોમાં રોજિંદા વીજ કાપને કારણે પાણી પુરવઠા પર પણ ગંભીર અસર પડી રહી છે, અને પાણીની ટાંકીઓમાં અપૂરતા સંગ્રહને કારણે નાગરિકોને પાણી માટે વધુ રાહ જોવી પડે છે.

મહારાષ્ટ્ર ડિસ્ટ્રિબ્યુશન કંપની દ્વારા તૂટેલા વાયરોના સમારકામનું કામ યુદ્ધના ધોરણે ચાલી રહ્યું છે. જોકે, વરસાદને કારણે નાગરિકોની ધીરજ ખૂટવા લાગી છે. અંબરનાથ અને બદલાપુરમાં વીજ પુરવઠાની ગુણવત્તા સુધારવા માટે કાયમી પગલાં લેવા જરૂરી છે, નહીં તો પાણીની અછત અને રોજિંદા જીવનમાં વિક્ષેપની સમસ્યા વધતી રહેશે, એવી માગણી સ્થાનિક નાગરિકોએ કરી છે. બદલાપુર અને અંબરનાથ શહેરોમાં મહાવિતરણના જાળવણી અને સમારકામના કામ પછી પણ, વીજ પુરવઠો સામાન્ય થયો હોય તેવું લાગતું નથી. શનિવારે રક્ષાબંધનના દિવસે, બદલાપુરમાં વિવિધ સ્થળોએ અને રવિવારે રજાના દિવસે બદલાપુર પૂર્વના વિવિધ વિસ્તારોમાં મોટા કે ઓછા અંશે વીજળી ગુલ થઈ ગઈ હતી. સોમવારે પણ વીજ પુરવઠો ખોરવાયો હતો. મોરીવલીથી આવતી હાઈ-પ્રેશર લાઈનમાં ખામી સર્જાવાથી બદલાપુરના કેટલાક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો.■

# ચેમ્બુર અને ભાંડુપમાં આગઃ કોઈ જખમી નહીં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પૂર્વ ઉપનગરના ભાંડૂપ અને ચેમ્બુરમાં સોમવારે ગોડાઉન અને દુકાનમાં આગ લાગવાના બે જુદા જુદા બનૉવ બન્યા હતા. સદ્નસીબે બંને દુર્ઘટનામાં કોઈ જખમી થયું નહોતું.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ ચેમ્બુરમાં મલ્હાર હોટલ નજીક રોડ નંબર ૧૯ પર આશિષ કૉ.હાઉસિંગ સોસાયટી આવેલી છે. ગ્રાઉન્ડ પ્લસ, સાત માળની કર્મશિયલ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર અને બેઝમેન્ટના ૨,૦૦૦ સ્કેવર ફૂટના વિસ્તારમાં બાટાનો શોરૂમ આવેલો છે. સોમવારે વહેલી સવારના ૪.૩૫ વાગે અચાનક શોરૂમમાં આગ ફાટી નીકળી હતી. આગને કારણે ઈલેક્ટ્રિક વાયરિંગ, ઈન્સ્ટોલેશન, ચપ્પલ અને બુટનો સ્ટોક સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આગની જાણ થતા જ ફાયરબ્રિગેડ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથમાં લીધી હતી. લગભગ ૭.૫૦ વાગે આગ બુઝાવવામાં સફળતા મળી હતી. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું પણ પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું માનવામાં આવે છે.

આગનો બીજો બનાવ ભાંડુપ (પશ્ચિમ)માં ખિંડીપાડામાં ડકલાઈન રોડ પર બન્યો હતો, જેમાં ગ્રાઉન્ડ પ્લસ બે માળની બિલ્ડિંગમાં બીજા માળા પર આવેલા પ્લાસ્ટિકના ગોડાઉનમાં બપોરના ૧.૩૦ વાગ્યાની આસપાસ આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી. ગોડાઉનમાં મોટા પ્રમાણમાં પ્લાસ્ટિકનો સામાન હોવાથી આગ બુઝાવામાં ભારે અડચણ આવી હતી. મોડેથી આગ પર નિયંત્રણ મેળવવામાં સફળતા મળી હતી પણ કુલિંગ ઓપરેશન મોડી સાંજ સુધી ચાલ્યું હતું. આગનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. ■

## નેરળની સુશ્રુષા હૉસ્પિટલમાં ભીષણ આગઃ ૨૧ દર્દીઓને બચાવાયા

નવી મુંબઈઃ નેરળ સેક્ટર-૬ માં સુશ્રુષા હોસ્પિટલના બેઝમેન્ટમાં સોમવારે સવારે ૧૧ વાગ્યે અચાનક આગ લાગતા થોડા સમય માટે અફરાતફરી મચી ગઈ હતી. પ્રાથમિક અનુમાન મુજબ બેઝમેન્ટમાં એસી સિસ્ટમમાં આગ લાગી હતી.

આગ લાગ્યા બાદ ધુમાડો ઉપરના માળ સુધી ફેલાઈ ગયો હતો, જેના કારણે દર્દીઓ અને તેમના સંબંધીઓમાં ભયનું વાતાવરણ સર્જાયું હતું. જોકે હોસ્પિટલના સ્ટાફે તાત્કાલીક દાખવી તમામ ૨૧ દર્દીઓને નજીકના સ્વામિનારાયણ મંદિરમાં ખસેડ્યા હતા. તે સમયે હોસ્પિટલમાં ૪૨ સ્ટાફ પણ હાજર હતા.

દરમિયાન ઘટનાની માહિતી મળતા જ વાશી અને નેરળથી ચાર ફાયર બ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો. બાદમાં ૨૧ દર્દીઓમાંથી ૨૦ દર્દીઓને હોસ્પિટલની પનવેલ શાખામાં અને એક દર્દીને વાશીની ફોર્ટિસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ■



**સલામઃ** ૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્ય દિન અગાઉ સોમવારે સીએસએમટી બસ ડેપોની નજીક લોકોમાં દેશભક્તિની ભાવના લાવવા માટે કોલેજના વિદ્યાર્થીઓએ ફ્લેશ મૉબનું પ્રદર્શન કર્યું હતું. (અમય ખરાડે)

# થાણે તળાવમાં ૧૨ વર્ષના છોકરાનું ડૂબી જવાથી મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ થાણેમાં ઘોડબંદર રોડ પર કાસારવડવલીમાં તળાવમાં તરવા ગયેલા ૧૨ વર્ષના છોકરાનું ડૂબી જવાથી મૃત્યુ થયું હોવાની ઘટના બની હતી. મૃતકનું નામ પિયુષ સોનાવણે હોઈ તે પાંચમા ધોરણમાં ભણતો હતો. કાસારવડવલી પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ થાણેમાં વાઘબીળમાં વિજય ગાર્ડન નજીક આવેલા ઝુમ્મા નગરમાં પિયુષ સોનાવણે રહેતો હતો. સોમવારે બપોરના તે કાસારવડવલીમાં રામ મંદિર તળાવમાં તરવા માટે ગયો હતો પણ તેને પાણીનો અંદાજ આવ્યો નહોતો. પાણીની અંદર તરવા માટે ગયા બાદ તે ડૂબી ગયો હતો. ઘટનાની જાણ થતા જ ફાયરબ્રિગેડ, કાસારવડવલી પોલીસ, ડિઝાસ્ટર મેનેજમેન્ટ સહિત બચાવ ટુકડી ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને પિયુષને તળાવમાંથી બહાર કાઢયો હતો. તેને તાત્કાલિક થાણે જિલ્લાની સરકારી હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો પણ ડૉક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. ■

# ૧૨ વર્ષની બાળકીને હોર્મોન્સ વધારવાનાં ઈન્જેક્શન આપી ૨૦૦ વખત દુષ્કર્મ કરાયું

મુંબઈઃ કામને બહાને બાંગ્લાદેશથી લાવવામાં આવેલી ૧૨ વર્ષની બાળકીને હોર્મોન્સ વધારવાનાં ઈન્જેક્શન આપવામાં આવ્યાં હતાં અને પછી દેહવેપારમાં ધકેલી તેની સાથે ૨૦૦ વખત કથિત દુષ્કર્મ કરવામાં આવ્યું હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી.

મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસના એન્ટિ-હ્યુમન ટ્રાફિકિંગ સેલના અધિકારીઓએ વસઈ નજીકના નાયગાંવ ખાતે ચાલતા સેક્સ રૅકેટનો પર્દાફાશ કર્યો હતો. કાર્યવાહી દરમિયાન અધિકારીએ છોડાવેલી બાળકીએ જણાવેલી કથની પરથી આ ખુલાસો થયો હતો.

પોલીસના જણાવ્યા મુજબ બાળકીની ફરિયાદને આધારે પોલીસે ગુનો નોંધ્યો હતો. ફરિયાદમાં જણાવાયું હતું કે બાળકીને કામ અપાવવાને બહાને બાંગ્લાદેશથી કોલકતા અને પછી મુંબઈ લાવવામાં આવી હતી. બળજબરીથી દેહવેપાર માટે રાજી કરાવવા બાળકીને ડામ દેવામાં આવ્યા હતા.

બાળકી પર અત્યાચાર ગુજારી તે યુવતી હોવાનું દેખાડવા હોર્મોન્ટ વધારવાનાં ઇન્જેકશન આપવામાં આવ્યાં હતાં. બાદમાં તે ૨૧ વર્ષની હોવાનું સાબિત કરવા બનાવટી આધાર કાર્ડ બનાવવામાં આવ્યું હતું. પીડિતાને મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટકમાં વિવિધ સ્થળે મોકલાવી તેની સાથે ૨૦૦થી વધુ વખત કથિત દુષ્કર્મ કરવામાં આવ્યું હતું.

પોલીસે તાજેતરમાં નાયગાંવમાં કાર્યવાહી કરી બાળકીને છોડાવી હતી અને નવ જણની ધરપકડ કરી હતી. આરોપીઓ વિરુદ્ધ પોસ્કો ઍક્ટ હેઠળ પણ ગુનો નોંધવામાં આવ્યો હતો. પકડાયેલાઓમાં બે મહિલાનો પણ સમાવેશ થાય છે. આ રૅકેટ સંદર્ભે અન્ય રાજ્યોમાં પણ તપાસ કરવામાં આવી રહી છે. ■

# પંદર વર્ષની સગીરા પર ગુજાર્યો સામૂહિક બળાત્કારઃ પાંચ વિરુદ્ધ ગુનો

મુંબઈઃ પંદર વર્ષની સગીરા પર છેલ્લા ત્રણ મહિનામાં પાંચ નરાધમે અનેકવાર બળાત્કાર ગુજાર્યો હોવાની ઘટના મધ્ય મુંબઈમાં બની હતી.

કાલાચોકી વિસ્તારમાં બનેલી આ ઘટના સંદર્ભે પોલીસે રવિવારે પચીસ વર્ષના યુવકની ધરપકડ કરી હતી, જ્યારે ચાર સગીરની અટકાયત કરાઇ હતી.

આ ઘટના રવિવારે વહેલી સવારે પ્રકાશમાં આવી હતી. એક આરોપીની ગર્લફ્રેન્ડ વહેલી સવારના પીડિતાના ઘરે ગઇ હતી અને પોતાના બોયફ્રેન્ડ સાથે રહેલા પીડિતાના સંબંધ વિશે પૂછપરછ કરી હતી. પીડિતાનાં માતા-પિતાએ બાદમાં તેનો મોબાઇલ તપાસ્યો હતો, જેમાં આરોપી સાથેના તેના શારીરિક સંબંધ વિશે કેટલાક વીડિયો અને મેસેજ મળી આવ્યા હતા.

દરમિયાન પીડિતાનાં માતા-પિતાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી, જેને આધારે પોલીસે ચાર સગીર સહિત પાંચ જણ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા અને પ્રોટેક્શન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસ્યુઅલ ઓફેન્સીસ (પોક્સો) એક્ટની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરી તપાસ આદરી હતી. (પીટીઆઇ)■


**શ્રદ્ધાંજલિ**

**૫૦ મી પૂણ્યતિથી**



**જગમોહનદાસ ચકુભાઇ ગાંધી (ઓથાવાળા)**

સમય જેની મધુર સ્મૃતિને ઝાંખી પાડી શકતો નથી એવા આપના અમર આત્માને કોટિ કોટિ વંદન.

-લી-

- સ્વ. પ્રાણજીવનદાસ ચકુભાઈ ગાંધી
- બૈજુ, રાજેન્દ્ર, વિરેન પ્રાણજીવનદાસ ગાંધી
- સ્વસ્તિક રોલીંગ શટર્સ, મુંબઈ


# સાયન પનવેલ હાઈવે પર કરોડો રૂપિયાના ખર્ચે બનેલા સબવેને તોડવાનું કામ શરૂ

પનવેલઃ સાયનથી પનવેલ ૩૦ કિલોમીટરના અંતરમાં રાહદારીઓ માટે ૧૮ સબવે બનાવવામાં આવ્યા હતા. જોકે રાહદારીઓ દ્વારા આ સબવેનો ઉપયોગ ન થતો હોવાથી જાહેર બાંધકામ વિભાગે બે દિવસથી તેને તોડવાનું શરૂ કર્યું છે. સાયન-પનવેલ હાઇવેના વિસ્તરણ અને કોંક્રીટીકરણ માટે નિયુક્ત કરાયેલી કન્સલ્ટિંગ કમિટીએ ખોટી સલાહ આપી હતી અને તેનો અમલ કરનારા ઇજનેરોએ તે ધ્યાનમાં ન લેતા, સરકારને કરોડો રૂપિયાનું નુકસાન થયું. આ ખર્ચ સરકાર કોની પાસેથી વસૂલશે, તેવો પ્રશ્ન સામાન્ય મુસાફરો પૂછી રહ્યા છે.

સાયન પનવેલ હાઇવે પર મુસાફરી ત્રીસ મિનિટ ઝડપી બનાવવા માટે આઠ લેનનો કોંક્રિટ હાઇવે બનાવવાની યોજના બનાવવામાં આવી હતી. આયોજકોએ રસ્તો ક્રોસ કરવા માટે સબવે ડિઝાઇન કર્યો હતો. ચેમ્બુરમાં બીએઆરસીથી મુંબઈના કલંબોલી સર્કલ સુધી રાહદારીઓ માટે ૧૮ બનાવવામાં આવ્યા હતા. જોકે કોંક્રીટીંગના કામ દરમિયાન આ અંડરપાસનો ઉપયોગ કરવામાં આવશે નહીં, એમ જાહેર બાંધકામ વિભાગના કેટલાક ઇજનેરોને જાણ કરવા છતાં સચિવાલયના વરિષ્ઠ અધિકારીઓ દ્વારા સબ-વે બનાવવામાં આવ્યા હતા.

બાંધકામ દરમિયાન જ આ સબવેમાં ૧૦ થી ૧૫ ફૂટ પાણી એકઠું થઈ ગયું હતું.

આ ઉપરાંત શરૂઆતમાં ૧૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચે બનેલા હાઇવેનો ખર્ચ હાઇવેના ટ્રાન્સફર સમયે વધીને ૨૨૦૦ કરોડ રૂપિયા થઈ ગયો. ૧૨ વર્ષ પછી, જાહેર બાંધકામ વિભાગના ઉચ્ચ અધિકારીઓને ખ્યાલ આવ્યો કે ૧૮ સબવે બિનઉપયોગી હતા, અને શનિવારથી આ સબવે તોડવાનું કામ હાથ ધરવામાં આવ્યું. હાલમાં કલંબોલી સર્કલના વિસ્તરણનું કામ ચાલી રહ્યું છે અને કામોઠે અને કલંબોલીમાં અંડરપાસ તોડી પાડવાનું કામ ચાલી રહ્યું છે. ■


ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થા. જૈન



જન્મ 31.5.1942

અરિહંત શરણ 9.8.2025

**સ્વ. સરલાબેન જીતેન્દ્રભાઈ શાહ**

તમે શૂન્યમાંથી સર્જન કરી કુટુંબ માટે ફૂલો પાથરી ગયા,
જીવન એવું જીવી ગયા સૌના માર્ગદર્શક બની ગયા,
ધર્મ કદી ભૂલ્યા નથી, સુખ દુઃખમાં સદા હસતા ગયા
પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

દિગસર (સુરેન્દ્ર નગર) નિવાસી હાલ કાંદિવલી સ્વ. જીતેન્દ્રભાઈ મણીલાલ શાહનાં ધર્મપત્ની સરલાબેન શાહ (ઉ. વ. 83) તા. 9.8.2025 શનિવાર ના રોજ અરિહંત શરણ પામેલ છે.

**પુત્ર - પુત્ર વધુ:** તુષાર - નીતા, તેજસ- સેજલ , મિતુલ- પુનિતા

**પુત્રી - જમાઈ:** કવિતા - અક્ષય,

તે સ્વ. પુષ્પાબેન, સ્વ. ચંદનબેન તથા ચંદ્રકાંતભાઈ અને જયસુધાબેન, ભરતભાઈ અને ભારતીબેનના ભાભી.

પિયર પક્ષે રામપરા નિવાસી સ્વ. સુરજબેન શિવલાલ જીવરાજ શાહના દીકરી,

**પૌત્ર - પૌત્રી:** પ્રિયલ, વત્સલ, હિતાર્થી, રાહીલ, દિશા, ભૂમિના દાદી. લબ્ધી, નમિતાના નાની.

પ્રાર્થના સભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**નિવાસ સ્થાન:** 401, ઓડિસી, રાહેજા ટાઉનશીપ, ઠાકુર વિલેજ, કાંદિવલી (ઇસ્ટ),મુંબઈ- 101

તુષાર શાહ 9820147371 | તેજસ શાહ 9930147313 | મિતુલ શાહ 9820189757


# કેનેડાની રેસ્ટોરાંમાં ફાયરિંગ બાદ મુંબઈ પોલીસે કપિલ શર્માને સુરક્ષા પૂરી પાડી

મુંબઈઃ કેનેડામાં કોમેડિયન કપિલ શર્માની રેસ્ટોરાંમાં ફાયરિંગની ઘટના બાદ મુંબઈ પોલીસે શર્માને સુરક્ષા પૂરી પાડી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

પોલીસે કપિલ શર્માને પૂરતી સુરક્ષા પૂરી પાડી છે અને તેમની સલામતી સુનિશ્ચિત કરી છે, એમ પોલીસ અધિકારીએ સુરક્ષાવ્યવસ્થા વિશે કોઇ વિગતો જાહેર કર્યા વિના જણાવ્યું હતું.

બ્રિટિશ કોલંબિયાના સરે વિસ્તારમાં કપિલ શર્માના તાજેતરમાં ખૂલેલી રેસ્ટોરાં કૅપ્સ કૅફેમાં આઠમી ઑગસ્ટે ગોળીબાર કરવામાં આવ્યો હતો. કૅપ્સ કૅફેમાં ગોળીબારની એક મહિનાથી ઓછા સમયમાં આ બીજી ઘટના હતી.

૧૦ જુલાઇના રોજ પણ આ જ રીતે કપિલ શર્માની રેસ્ટોરાંને ટાર્ગેટ કરવામાં આવી હતી. આ ઘટના બાદ મુંબઈ પોલીસે કપિલ શર્માના ઓશિવરા વિસ્તારમાં આવેલા નિવાસસ્થાનની મુલાકાત લીધી હતી. (પીટીઆઇ)■


**GANESH BENZOPLAST LIMITED**

**Regd. Office :** Dina Building, 1st Floor, 53, Maharshi Karve Road, Marine Lines (East), Mumbai 400 002.
**CIN :** L24200MH1986PLC039836 **Telefax No. :** +91 (22) 22001928 / 61406000
**e-mail :** investors@gblinfra.com **web-site :** www.ganeshbenzoplast.com

**EXTRACT OF STATEMENT OF UNAUDITED STANDALONE AND CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER ENDED JUNE 30, 2025**

₹ in Millions (Except EPS)

| Sr. No. | Particulars | STANDALONE | | | | CONSOLIDATED | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | Quarter Ended June 30, 2025 | Quarter Ended March 31, 2025 | Corresponding three months ended in the previous year June 30, 2024 | Year Ended March 31, 2025 | Quarter Ended June 30, 2025 | Quarter Ended March 31, 2025 | Corresponding three months ended in the previous year June 30, 2024 | Year Ended March 31, 2025 |
| | | UNAUDITED | AUDITED | UNAUDITED | AUDITED | UNAUDITED | AUDITED | UNAUDITED | AUDITED |
| 1 | Total Income From Operations | 569.54 | 575.57 | 484.83 | 2,154.01 | 956.18 | 999.34 | 875.25 | 3,743.11 |
| 2 | Net Profit for the period (before tax and exceptional items) | 206.47 | 243.50 | 208.65 | 861.92 | 262.57 | 285.85 | 219.92 | 966.53 |
| 3 | Net Profit for the period (before tax and after exceptional items) | 196.93 | (200.28) | 208.65 | 418.14 | 253.03 | (161.46) | 219.92 | 519.22 |
| 4 | Net Profit for the period (after tax and exceptional items) | 140.91 | (158.58) | 157.40 | 307.25 | 181.33 | (131.92) | 164.30 | 380.86 |
| 5 | Total Comprehensive Income for the period | 142.51 | (158.13) | 156.15 | 300.61 | 182.87 | (131.79) | 165.74 | 373.97 |
| 6 | Equity Share Capital (Face value of Re. 1/- each) | 71.99 | 71.99 | 71.99 | 71.99 | 71.99 | 71.99 | 71.99 | 71.99 |
| 7 | Other Equity as shown in the audited balance sheet of the previous year | | | | 5,223.41 | | | | 5,311.39 |
| 8 | Earning Per Share (of Re. 1/- each) (not annualised) (after exceptional items) | | | | | | | | |
| a) | Basic | 2.06 | (2.20) | 2.19 | 4.27 | 2.52 | (1.83) | 2.28 | 5.29 |
| b) | Diluted | 2.06 | (2.20) | 2.19 | 4.27 | 2.52 | (1.83) | 2.28 | 5.29 |

**Notes:**

1 The above is an extract of the detailed format of Financial Results for the Quarter ended on June 30, 2025 filed with the Stock Exchanges under Regulation 33 of the SEBI (Listing and Other Disclosure Requirements) Regulations, 2015. The full format of the un- Audited Financial Results are available on the Company's website , www.ganeshbenzoplast.com and and Stock Exchanges website. www.bseindia.com and www.nseindia.com .

2 The above financial results have been reviewed and recommended by the Audit Committee and have been approved and taken on record by the Board of Directors at their meeting held on 11th August, 2025.

Place : Mumbai
Date : August 11, 2025

By Order of the Board
Ganesh Benzoplast Limited
Sd/-
(Rishi Pilani)
Chairman & Managing Director
(DIN 00901627)

# ભારતીય મહિલા ક્રિકેટનાં ૫૦ વર્ષ પૂરાં, હવે ૫૦-૫૦ ઓવરવાળા વિમેન્સ વર્લ્ડ કપને આડે માત્ર ૫૦ દિવસ બાકી

### હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના, જેમાઇમા રૉડ્રિગ્સ પ્રથમ વિશ્વ કપ ટ્રોફી જીતવા મક્કમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહિલા ક્રિકેટમાં ભારતે પદાર્પણ કર્યું એને ૫૦ વર્ષ થયાં છે અને ત્યારથી માંડીને અત્યાર સુધીમાં ડાયના એદલજી, મિતાલી રાજ, અંજુમ ચોપડા, હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના સહિત ભારતની અનેક ખેલાડીઓએ મહિલા ક્રિકેટમાં અનેરું યોગદાન આપ્યું છે. જોકે પાંચ દાયકામાં ભારતીય મહિલા ક્રિકેટરો ક્યારેય કોઈ વર્લ્ડ કપ નથી જીતી શકી, પરંતુ આ વખતે ઘરઆંગણે યોજાનારા વન-ડેના આઇસીસી વર્લ્ડ કપમાં સૌથી મોટી ટ્રોફીનો દુકાળ દૂર કરવા હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના અને જેમાઇમા રૉડ્રિગ્સ સહિતની ભારતીય ખેલાડીઓ મક્કમ છે. ૫૦-૫૦ ઓવરવાળા ફૉર્મેટનો વિમેન્સ વન-ડે વર્લ્ડ કપ ૫૦ દિવસ બાદ ભારતમાં શરૂ થશે અને એના સમયપત્રકની જાહેરાત સોમવારે મુંબઈમાં કરવામાં આવી હતી.

૨૦૧૬માં ભારતમાં ટી-૨૦ વિશ્વ કપનું આયોજન થયું હતું ત્યાર પછી નવ વર્ષે ભારતમાં મહિલાઓનો વર્લ્ડ કપ યોજાશે.

૨૦૦૫માં અને ખાસ કરીને ૨૦૧૭માં ભારતની મહિલા ટીમ વન-ડેના વર્લ્ડ કપમાં રનર-અપ રહી હતી. કૅપ્ટન હરમનપ્રીત કૌરે સોમવારે મુંબઈમાં પત્રકારો સમક્ષ આઇસીસી વર્લ્ડ કપ ટ્રોફીના અનાવરણને લગતી ઇવેન્ટમાં કહ્યું હતું કે 'અમારી ટીમ આ વખતે વર્લ્ડ કપ ટ્રોફીનો દુકાળ દૂર કરવા મક્કમ છે. હું જ્યારે પણ યુવી ભૈયા (યુવરાજ સિંહ)ને જોઉં છું ત્યારે મને વર્લ્ડ કપ જીતવાનો જોશ અને પ્રેરણા મળે છે.'

મુંબઈની સોમવારની ઇવેન્ટમાં ૨૦૧૧ના મેન્સ વન-ડે વર્લ્ડ કપનો સુપરસ્ટાર યુવરાજ સિંહ, મહિલા ક્રિકેટની ભારતીય લેજન્ડ મિતાલી રાજ તેમ જ ભારતની વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના અને મહત્ત્વની બૅટર જેમાઇમા રૉડ્રિગ્સ પણ ઉપસ્થિત હતાં.

હરમનપ્રીતના સુકાનમાં અને સ્મૃતિના ઉપકપ્તાનપદમાં આ બન્ને પ્લેયર તેમ જ ક્રાંતિ ગૌડ સહિતની ખેલાડીઓના સુપર પર્ફોર્મન્સની મદદથી ભારતીય ટીમે તાજેતરમાં જ ઇંગ્લૅન્ડમાં વન-ડે તથા ટી-૨૦ સિરીઝ જીતી લીધી હતી અને હવે વર્લ્ડ કપ પહેલાં ૧૪મી સપ્ટેમ્બરે ભારતમાં હરમનપ્રીત કૌર અને તેની સાથીઓ ઑસ્ટ્રેલિયા સામે સિરીઝ રમશે.

સોમવારે મુંબઈની આઇસીસી ઇવેન્ટમાં નામાંકિત ક્રિકેટર્સ ઉપરાંત આઇસીસી ચૅરમૅન જય શાહ તેમ જ આઇસીસી સીઇઓ સંજોગ ગુપ્તા અને ક્રિકેટ જગતની આ સર્વોચ્ચ સંસ્થાના અન્ય અગ્રણીઓ પણ ઉપસ્થિત હતા.■




**કાઉન્ટ ડાઉન શરૂ:** સોમવારે મુંબઈમાં વર્લ્ડ કપની ટ્રોફીના અનાવરણ પ્રસંગે બીસીસીઆઇના ભૂતપૂર્વ સેક્રેટરી તેમ જ આઇસીસીના ચૅરમૅન જય શાહ તથા સીઇઓ સંજોગ ગુપ્તા ઉપરાંત ત્રણ વર્તમાન ખેલાડીઓ હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના તથા જેમાઇમા રૉડ્રિગ્સ તેમ જ લેજન્ડરી પ્લેયર મિતાલી રાજ તેમ જ ૨૦૧૧ના મેન્સ વર્લ્ડ કપનો સુપરસ્ટાર યુવરાજ સિંહ પણ ઉપસ્થિત હતા.

## મહિલા વન-ડે વર્લ્ડ કપનું ટાઇમટેબલ

| વાર/તારીખ | મૅચ | સ્થળ | સમય |
|---|---|---|---|
| મંગળ/૩૦ સપ્ટેમ્બર | ભારત-શ્રીલંકા | બેંગલૂરુ | બપોરે ૩.૦૦ |
| બુધ/૧ ઑક્ટોબર | ઑસ્ટ્રેલિયા-ન્યૂ ઝીલૅન્ડ | ઇન્દોર | બપોરે ૩.૦૦ |
| ગુરુ/૨ ઑક્ટોબર | બાંગ્લાદેશ-પાકિસ્તાન | કોલંબો | બપોરે ૩.૦૦ |
| શુક્ર/૩ ઑક્ટોબર | ઇંગ્લૅન્ડ-સાઉથ આફ્રિકા | બેંગલૂરુ | બપોરે ૩.૦૦ |
| શનિ/૪ ઑક્ટોબર | શ્રીલંકા-ઑસ્ટ્રેલિયા | કોલંબો | બપોરે ૩.૦૦ |
| રવિ/૫ ઑક્ટોબર | ભારત-પાકિસ્તાન | કોલંબો | બપોરે ૩.૦૦ |
| સોમ/૬ ઑક્ટોબર | ન્યૂ ઝીલૅન્ડ-સાઉથ આફ્રિકા | ઇન્દોર | બપોરે ૩.૦૦ |
| મંગળ/૭ ઑક્ટોબર | બાંગ્લાદેશ-ઇંગ્લૅન્ડ | ગુવાહાટી | બપોરે ૩.૦૦ |
| બુધ/૮ ઑક્ટોબર | ઑસ્ટ્રેલિયા-પાકિસ્તાન | કોલંબો | બપોરે ૩.૦૦ |
| ગુરુ/૯ ઑક્ટોબર | ભારત-સાઉથ આફ્રિકા | વિશાખાપટનમ | બપોરે ૩.૦૦ |
| શુક્ર/૧૦ ઑક્ટોબર | બાંગ્લાદેશ-ન્યૂ ઝીલૅન્ડ | વિશાખાપટનમ | બપોરે ૩.૦૦ |
| શનિ/૧૧ ઑક્ટોબર | ઇંગ્લૅન્ડ-શ્રીલંકા | ગુવાહાટી | બપોરે ૩.૦૦ |
| રવિ/૧૨ ઑક્ટોબર | ભારત-ઑસ્ટ્રેલિયા | વિશાખાપટનમ | બપોરે ૩.૦૦ |
| સોમ/૧૩ ઑક્ટોબર | બાંગ્લાદેશ-સાઉથ આફ્રિકા | વિશાખાપટનમ | બપોરે ૩.૦૦ |
| મંગળ/૧૪ ઑક્ટોબર | શ્રીલંકા-ન્યૂ ઝીલૅન્ડ | કોલંબો | બપોરે ૩.૦૦ |
| બુધ/૧૫ ઑક્ટોબર | ઇંગ્લૅન્ડ-પાકિસ્તાન | કોલંબો | બપોરે ૩.૦૦ |
| ગુરુ/૧૬ ઑક્ટોબર | ઑસ્ટ્રેલિયા-બાંગ્લાદેશ | વિશાખાપટનમ | બપોરે ૩.૦૦ |
| શુક્ર/૧૭ ઑક્ટોબર | શ્રીલંકા-સાઉથ આફ્રિકા | કોલંબો | બપોરે ૩.૦૦ |
| શનિ/૧૮ ઑક્ટોબર | ન્યૂ ઝીલૅન્ડ-પાકિસ્તાન | કોલંબો | બપોરે ૩.૦૦ |
| રવિ/૧૯ ઑક્ટોબર | ભારત-ઇંગ્લૅન્ડ | ઇન્દોર | બપોરે ૩.૦૦ |
| સોમ/૨૦ ઑક્ટોબર | શ્રીલંકા-બાંગ્લાદેશ | કોલંબો | બપોરે ૩.૦૦ |
| મંગળ/૨૧ ઑક્ટોબર | સાઉથ આફ્રિકા-પાકિસ્તાન | કોલંબો | બપોરે ૩.૦૦ |
| બુધ/૨૨ ઑક્ટોબર | ઑસ્ટ્રેલિયા-ઇંગ્લૅન્ડ | ઇન્દોર | બપોરે ૩.૦૦ |
| ગુરુ/૨૩ ઑક્ટોબર | ભારત-ન્યૂ ઝીલૅન્ડ | ગુવાહાટી | બપોરે ૩.૦૦ |
| શુક્ર/૨૪ ઑક્ટોબર | શ્રીલંકા-પાકિસ્તાન | કોલંબો | બપોરે ૩.૦૦ |
| શનિ/૨૫ ઑક્ટોબર | ઑસ્ટ્રેલિયા-સાઉથ આફ્રિકા | ઇન્દોર | બપોરે ૩.૦૦ |
| રવિ/૨૬ ઑક્ટોબર | ઇંગ્લૅન્ડ-ન્યૂ ઝીલૅન્ડ | ગુવાહાટી | સવારે ૧૧.૦૦ |
| રવિ/૨૬ ઑક્ટોબર | ભારત-બાંગ્લાદેશ | બેંગલૂરુ | બપોરે ૩.૦૦ |
| બુધ/૨૯ ઑક્ટોબર | પ્રથમ સેમિ ફાઇનલ | ગુવાહાટી/કોલંબો | બપોરે ૩.૦૦ |
| ગુરુ/૩૦ ઑક્ટોબર | બીજી સેમિ ફાઇનલ | બેંગલૂરુ | બપોરે ૩.૦૦ |
| રવિ/૨ નવેમ્બર | ફાઇનલ | કોલંબો/બેંગલૂરુ | બપોરે ૩.૦૦ |

# આપણી ક્રિકેટરો જ્યારે ક્રાઉડ જોઈને ઍરપોર્ટમાં પાછી અંદર જતી રહી હતી!: જેમાઇમા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભારતની મહિલા ક્રિકેટરો ક્યારેય કોઈ વર્લ્ડ કપ ટ્રોફી નથી જીતી શકી, પરંતુ આ વખતે હરમનપ્રીત કૌર, સ્મૃતિ મંધાના અને જેમાઇમા રૉડ્રિગ્સ ૩૦મી સપ્ટેમ્બરથી ઘરઆંગણે યોજાનારા આઇસીસી વિમેન્સ વન-ડે વર્લ્ડ કપની ટ્રોફીના અનાવરણ વખતે સોમવારે મુંબઈમાં આયોજિત ઇવેન્ટમાં આ વખતનો વિશ્વ કપ જીતવા પ્રતિબદ્ધ હતી અને એ પ્રસંગે તેમણે ૨૦૧૭ના વિશ્વ કપને લગતી મીઠી યાદોં તાજી કરી હતી જેમાં કૅપ્ટન હરમનપ્રીત કૌરે ૨૦૧૭ના વિશ્વ કપમાં ઑસ્ટ્રેલિયા સામેની સેમિ ફાઇનલની પોતાની અણનમ ૧૭૧ રનની અવિસ્મરણીય મૅચ-વિનિંગ ઇનિંગ્સ વિશે કહ્યું હતું કે ' હું એ સેન્ચુરીને મારા માટે તેમ જ ભારતીય મહિલા ક્રિકેટ માટે સ્પેશિયલ ગણું છું. એ ઇનિંગ્સ પછી મારી કારકિર્દીમાં ઘણું પરિવર્તન આવ્યું હતું. અમે ત્યારે ઑસ્ટ્રેલિયા સામે ફાઇનલ હારીને પાછાં આવ્યાં હતાં એમ છતાં અસંખ્ય લોકો ઍરપોર્ટની બહાર અમારા સ્વાગત માટે તેમ જ અમને ચિયર-અપ કરવા લાંબા સમયથી રાહ જોતાં ઊભા હતા. એ ક્ષણો યાદ કરું છું તો હજી પણ હું ભાવુક અને રોમાંચિત થઈ જાઉં છું.'



સોમવારની ઇવેન્ટ દરમ્યાન કૅપ્ટન હરમનપ્રીત કૌર (વચ્ચે), સ્મૃતિ મંધાના (જમણે) તેમ જ જેમાઇમા રૉડ્રિગ્સ (ડાબે). ભારતમાં અગાઉ મહિલા વન-ડે વર્લ્ડ કપનું આયોજન ૧૯૭૮, ૧૯૯૭, ૨૦૧૩માં થયું હતું.

ભારતની મિડલ-ઑર્ડર બૅટર જેમાઇમા રૉડ્રિગ્સે ૨૦૧૮માં આંતરરાષ્ટ્રીય કારકિર્દી શરૂ કરી હતી. ૨૦૧૭ના વિશ્વ કપમાં ભારતીય મહિલા ટીમ રનર-અપ હતી. એ વખતે જેમાઇમા ઊભરતી ખેલાડી હતી. તેણે સોમવારની આઇસીસીની ઇવેન્ટ દરમ્યાન રમૂજી ઘટનાની યાદ અપાવતાં કહ્યું હતું કે ' ૨૦૧૭માં ભારતીય ટીમ થાકેલી હાલતમાં સ્વદેશ પાછી આવી હતી. તેઓ ફાઇનલ હારી ગઈ હતી એટલે નિરાશ પણ હતી અને તેમણે માની લીધું હતું કે તેઓ ટ્રોફી જીતીને પાછી નથી આવી એટલે તેમના સ્વાગત માટે ઍરપોર્ટની બહાર કોઈ નહીં આવ્યું હોય. જોકે ત્યારે પરોઢિયે ૫.૩૦ વાગ્યાનો સમય હતો અને આખું ઍરપોર્ટ લોકોથી પૅક્ડ હતું. તેઓ રનર-અપ ભારતીય ખેલાડીઓના સ્વાગત માટે આવ્યા હતા. મને યાદ છે, રનર-અપ ખેલાડીઓ ઍરપોર્ટની બહાર આવી રહી હતી અને પોતાના સ્વાગત માટે ઊભેલા હજારો લોકોને જોઈને પાછી અંદર જતી રહી હતી. તેમણે ધાર્યું જ નહોતું કે આટલા બધા લોકો તેમના સ્વાગત માટે ઊમટી પડશે.'

જેમાઇમાએ કહ્યું હતું કે ૩૦મી સપ્ટેમ્બરથી ભારતમાં અને શ્રીલંકામાં સંયુક્ત રીતે યોજાનારા વન-ડે વર્લ્ડ કપ માટે ભારતીય ટીમ પૂરજોશમાં તૈયારી કરી રહી છે. સોમવારે આઇસીસીની ઇવેન્ટમાં ખેલાડીઓ સાથેની ચર્ચાની શરૂઆત પહેલાં ટ્રોફીના અનાવરણને લગતી ઇવેન્ટનું ઉદ્ઘાટન આઇસીસી ચૅરમૅન જય શાહે કર્યું હતું. તેમણે કહ્યું હતું કે ' મારી દૃષ્ટિએ આગામી વન-ડે વર્લ્ડ કપ મહિલા ક્રિકેટનો વધુ વિકાસ કરવા માટેની અમૂલ્ય તક છે. એકંદરે આ મહિલા વિશ્વ કપ વૈશ્વિક સ્તરે ક્રિકેટની રમતને નવી ઊંચાઈ અપાવશે. અમે આઇસીસીમાં હંમેશાં ખુલ્લા મનથી નવા આઇડિયાઝને આવકારતા હોઈએ છીએ. હું વિશ્વ કપના તમામ દેશોને શુભેચ્છા આપું છું. મને વિશ્વાસ છે કે ભારત અને શ્રીલંકામાં તેઓ કદી ન ભુલાય એવા આનંદિત અનુભવો કરશે.'

આઇસીસીના ચીફ એક્ઝિક્યૂટિવ ઑફિસર (સીઇઓ) સંજોગ ગુપ્તાએ આ પ્રસંગે કહ્યું હતું કે ' છેલ્લાં ૮-૧૦ વર્ષમાં મહિલા ક્રિકેટનો ખૂબ વિકાસ થયો છે અને એની લોકપ્રિયતા ઘણી વધી ગઈ છે. વર્લ્ડ કપ સ્પર્ધા માત્ર એક ઇવેન્ટ નથી હોતી, એનું ઇવેન્ટથી પણ વિશેષ મહત્ત્વ હોય છે.' ■

# ૨૦૩૬ની ઑલિમ્પિક્સ ભારતમાં યોજવા માટે મંત્રણા સતત ચાલુ જ છેઃ ખેલકૂદ પ્રધાન માંડવિયા



નવી દિલ્હીઃ ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સ ભારતમાં યોજવા વિશે કેન્દ્ર સરકારની ઇન્ટરનૅશનલ ઑલિમ્પિક કમિટી (આઇઓસી)ના ભાવિ આયોજન પંચ સાથે સતત મંત્રણા ચાલુ જ છે, એવી જાણકારી ખેલકૂદ પ્રધાન મનસુખ માંડવિયાએ સોમવારે લોકસભામાં આપી હતી.

આમ આદમી પાર્ટી (આપ)ના સંગરૂરના સંસદસભ્ય ગુરમીત સિંહ હેયરના સવાલના જવાબમાં માંડવિયાએ એવું પણ કહ્યું હતું કે ' ૧૧ વર્ષ પછીની ઑલિમ્પિક્સને લગતી ભારતની બિડ વિશેની સમગ્ર પ્રક્રિયા ઇન્ડિયન ઑલિમ્પિક ઍસોસિયેશન (આઇઓએ) દ્વારા હાથ ધરવામાં આવી રહી છે. આઇઓએ દ્વારા આઇઓસીને ઇરાદા પત્ર સુપરત કરી દેવામાં આવ્યો છે અને એ સંબંધમાં મંત્રણા સતત ચાલુ જ છે.' જોકે ભારતમાં ઑલિમ્પિક્સની હરીફાઈઓ કયા વિવિધ સ્થળે રાખવાની યોજના છે? એવા ગુરમીત સિંહ હેયરના સવાલનો માંડવિયાએ જવાબ નહોતો આપ્યો. હેયરે એવો સવાલ પૂછ્યો હતો કે ૨૦૩૬ની ઑલિમ્પિક્સનું ભારતને યજમાનપદ મળે તો હૉકી ભુવનેશ્વરમાં, રૉવિંગ ભોપાલમાં, કૅનોઇંગ/કાયાકિંગ પુણેમાં અને ક્રિકેટ મુંબઈમાં યોજવાનો સરકારનો વિચાર છે? આ સવાલના જવાબમાં માંડવિયાએ એટલું જ કહ્યું હતું કે ' ભારતમાં ઑલિમ્પિક્સ યોજવાની જવાબદારી આઇઓએની છે. સામાન્ય રીતે આયોજન સંબંધિત સ્થળોના સિલેક્શનની સમીક્ષા કર્યા પછી જ આઇઓસી દ્વારા મંજૂરી આપવામાં આવતી હોય છે.'

ભારતને ૨૦૩૬ની ઑલિમ્પિક્સ યોજવા માટે મંજૂરી મળે તો એ દેશના કયા શહેરમાં યોજાશે એનું નામ ભારતે સત્તાવાર રીતે આઇઓસીને હજી નથી આપ્યું, પરંતુ આઇઓસી સાથેની મંત્રણામાં ગુજરાત સરકાર અગ્રેસર છે અને રાજ્યના ખેલકૂદ પ્રધાન હર્ષ સંઘવી તાજેતરમાં આઇઓસી સાથે યોજાયેલી મંત્રણા વખતે ભારતીય પ્રતિનિધિમંડળમાં સામેલ હતા. એવું મનાય છે કે ૨૦૩૬ની ઑલિમ્પિક્સ અમદાવાદમાં યોજવા ભારત સરકાર પ્રયત્નશીલ છે.

૧૧ વર્ષ પછીની ઑલિમ્પિક્સ યોજવા માટેની રેસમાં ભારતે કતાર તેમ જ તુર્કેઇની હરીફાઈનો સામનો કરવો પડી રહ્યો છે. આઇઓસીના નવા પ્રમુખ કર્સ્ટી કૉવેન્ટરીએ ઑલિમ્પિક્સના યજમાન નક્કી કરવા સંબંધિત સિલેક્શનની પ્રક્રિયા હાલમાં થંભાવી દીધી છે. ■

# વેસ્ટ ઇન્ડિઝે મુશ્કેલ વિજયને આસાન બનાવી દીધો

### સિરીઝ ૧-૧થી લેવલ કરી

ટૅરૌબાઃ વેસ્ટ ઇન્ડિઝે અહીં પાકિસ્તાનને સિરીઝની બીજી વન-ડેમાં હરાવીને સિરીઝ ૧-૧થી સમકક્ષ કરી લીધી હતી અને એનો શ્રેય રૉસ્ટન ચેઝ (૪૯ અણનમ, ૪૭ બૉલ, બે સિક્સર, ચાર ફોર) તથા જસ્ટિન ગ્રીવ્ઝ (૨૬ અણનમ, ૩૧ બૉલ, એક સિક્સર)ની જોડીને ફાળે જાય છે, કારણકે એક તબક્કે ૧૮૧ રનના લક્ષ્યાંક સામે કૅરિબિયન ટીમનો સ્કોર પાંચ વિકેટે ૧૦૭ રન હતો અને આ જોડીએ ૭૭ રનની અતૂટ ભાગીદારીથી વિજય અપાવ્યો ત્યારે ૧૦ બૉલ બાકી રહ્યા હતા અને પાંચ વિકેટ પણ બાકી રહી હતી.

ત્રણ વન-ડેની શ્રેણીમાં પ્રથમ મૅચ જીતનાર પાકિસ્તાને વરસાદના વિઘ્ન બાદ પ્રથમ બૅટિંગ મળતાં ૩૭ ઓવરમાં સાત વિકેટે ૧૭૧ રન કર્યા હતા. એમાં એક પણ પાકિસ્તાની બૅટ્સમૅનની હાફ સેન્ચુરી નહોતી. કૅરિબિયન પેસ બોલર જેડન સીલ્ઝે સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી. ફરી વરસાદ પડતાં ડકવર્થ/લુઇસની મેથડ મુજબ કૅરિબિયનોને જીતવા ૩૫ ઓવરમાં ૧૮૧ રન બનાવવાનો નવો લક્ષ્યાંક મળ્યો હતો.

શેરફેન રુધરફર્ડના ૪૫ રન અને કૅપ્ટન શાઇ હોપના ૩૨ રન છતાં વેસ્ટ ઇન્ડિઝની ટીમનો સ્કોર માંડ ૧૦૨ રન પર પહોંચ્યો ત્યારે પહેલાં હોપની અને પછી ૧૦૭ રનના સ્કોર પર રુધરફર્ડની વિકેટ પડી હતી. એ તબક્કે રૉસ્ટન ચેઝ અને ગ્રીવ્ઝની જોડીએ બાજી સંભાળી લીધી હતી અને ૭૨ બૉલમાં ૭૭ રનની અતૂટ ભાગીદારીથી વેસ્ટ ઇન્ડિઝને વિજય અપાવ્યો હતો. રૉસ્ટન ચેઝે એક વિકેટ પણ લીધી હતી અને તેને મૅન ઑફ ધ મૅચનો અવૉર્ડ અપાયો હતો. હવે નિર્ણાયક વન-ડે મંગળવારે (ભારતીય સમય મુજબ સાંજે ૭.૦૦ વાગ્યાથી) રમાશે. ■

# ઘાયલ મેસી ન રમ્યો, ઇન્ટર માયામી ૧-૪થી હારી ગયું

ઑર્લેન્ડોઃ મેજર લીગ સૉકર (એમએલસી)માં ઇન્ટર માયામી ક્લબની ટીમનો સુપરસ્ટાર ખેલાડી લિયોનેલ મેસી જમણા પગની ઈજાને કારણે થોડા દિવસથી ફૂટબૉલના મેદાનથી દૂર છે અને તેની ગેરહાજરીમાં ઇન્ટર માયામી ટીમ રવિવારે ઑર્લેન્ડો સિટી સામેની મૅચમાં ૧-૪થી પરાજિત થઈ હતી.

મેસીને બીજી ઑગસ્ટે લીગ્સ કપની એક મૅચમાં પગમાં ઈજા થઈ હતી અને ત્યારથી પથારીવશ છે. તે માયામી વતી જે ૧૮ મૅચ રમ્યો છે એમાં તેણે કુલ ૧૮ ગોલ કર્યા છે અને બીજા ઘણા ગોલ કરવામાં સાથી ખેલાડીઓને મદદ કરી છે.

આ પરાજયને કારણે ઑર્લેન્ડો સિટીની ટીમ પૉઇન્ટ્સ-ટેબલમાં ચોથા સ્થાન પર આવી ગઈ છે, જ્યારે માયામીની ટીમ છઠ્ઠા નંબર છે. જોકે માયામીની હજી ટોચની ચાર ટીમ સામે ત્રણ મૅચ અને પાંચમા નંબરની કૉલમ્બસ ક્રૂ સામે બે મૅચ બાકી છે એટલે એને (માયામીને) પૉઇન્ટ્સ-ટેબલમાં ઉપર આવવાનો મોકો છે.

હવે ઇન્ટર માયામીની મૅચ શનિવારે લૉસ ઍન્જલસ ગૅલેક્સી સામે રમાશે. એ જ દિવસે ઑર્લેન્ડો સિટીનો મુકાબલો સ્પૉર્ટિંગ કૅન્સસ સિટી સામે થશે. ■



# હાર્દિકની ફિટનેસ પર નજર, સૂર્યા હજી પૂરો સાજો નથી થયો

### નવમી સપ્ટેમ્બરે શરૂ થશે ટી-૨૦નો એશિયા કપ

મુંબઈઃ યુએઇમાં યોજાનારા ટી-૨૦ના એશિયા કપને આડે એક મહિનો બાકી છે અને એ માટેની ટીમ જાહેર થવાની ઘડી ગણાઈ રહી છે ત્યારે ઑલરાઉન્ડર હાર્દિક પંડ્યા અને કૅપ્ટન સૂર્યકુમાર યાદવની ફિટનેસ ચર્ચામાં છે. હાર્દિક હાલમાં મુંબઈમાં રિહૅબિલિટેશનની પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો છે અને વધુ સારવાર માટે તે બેંગલૂરુની નૅશનલ ક્રિકેટ ઍકેડેમી (એનસીએ)માં જશે. સૂર્યાએ જૂનમાં સ્પોર્ટ્સ હર્નિયાની સર્જરી કરાવી હતી અને તે હજી પૂરેપૂરો સાજો નથી થયો. એશિયા કપ નવમી સપ્ટેમ્બરે શરૂ થશે અને એમાં ભારત-પાકિસ્તાન વચ્ચેની પ્રથમ મૅચ ૧૪મી સપ્ટેમ્બરે દુબઈમાં રમાશે. ભારતની આ ટૂર્નામેન્ટમાં પ્રથમ મૅચ ૧૦મી સપ્ટેમ્બરે યજમાન યુએઇ સામે રમાશે.

હાર્દિકની ફિટનેસનું અવલોકન થાય એ પહેલાં મિડલ-ઑર્ડર બૅટ્સમૅન શ્રેયસ ઐયરની ફિટનેસનું ૨૭-૨૯ જુલાઈ દરમ્યાન અવલોકન થઈ ગયું છે. શ્રેયસના સુકાનમાં ૨૦૨૪ની આઇપીએલમાં કોલકાતા નાઇટ રાઇડર્સની ટીમ ચૅમ્પિયન બની હતી અને ૨૦૨૫માં તેણે પંજાબ કિંગ્સનું સુકાન સંભાળ્યું હતું અને એ ટીમ રનર-અપ થઈ હતી. જોકે શ્રેયસ ડિસેમ્બર, ૨૦૨૩ પછી ટી-૨૦ ઇન્ટરનૅશનલ નથી રમ્યો. દરમ્યાન સૂર્યકુમાર બેંગલૂરુની એનસીએમાં છે અને હજી એક અઠવાડિયું ત્યાં રોકાશે અને ફિટનેસને લગતી પ્રક્રિયા પૂર્ણ કરશે. તેણે એનસીએમાં બૅટિંગ પ્રૅક્ટિસને લગતો વીડિયો ઇન્સ્ટાગ્રામ પર શૅર કર્યો હતો. ■

# ધોનીને ઘૂંટણમાં હજી દુખાવો છે, ડિસેમ્બરમાં લેશે નિર્ણય

રાંચીઃ ૨૦૨૬ની આઇપીએલને હજી ઘણા મહિના બાકી છે અને એ પહેલાં મિની ઑક્શનને તેમ જ ફ્રૅન્ચાઇઝીઓ પોતાની સ્ક્વૉડ નક્કી કરે એને પણ હજી ખાસ્સો સમય બાકી છે એવામાં ભારતીય ક્રિકેટ લેજન્ડ તેમ જ ચેન્નઈ સુપર કિંગ્સ (સીએસકે)ના ચૅમ્પિયન-કૅપ્ટન મહેન્દ્રસિંહ ધોનીના ઘૂંટણનો દુખાવો તેના કરોડો ચાહકો માટે ચિંતાજનક મુદ્દો છે.

ધોનીએ થોડા દિવસ પહેલાં એક ઇવેન્ટમાં કહ્યું હતું કે ૨૦૨૬ની આઇપીએલ વિશે કંઈ પણ નક્કી કરવા તેની પાસે હજી ઘણો સમય બાકી છે અને એમાં તે રમશે કે નહીં એ બાબતમાં ડિસેમ્બરમાં નિર્ણય લેશે.

માહીએ એ ખુલાસો પણ કર્યો હતો કે તેને ઘૂંટણમાં હજી પૂરેપૂરું સારું નથી થયું. હજી પણ દુખાવો છે. ૨૦૨૬ની આઇપીએલમાં તે રમશે કે નહીં એ હજી તેણે જ નક્કી નથી કર્યું. જોકે નિર્ણય લેવા માટે તેની પાસે હજી ઘણો સમય છે એટલે તે નિર્ણય લેવાની ઉતાવળ નથી કરવા માગતો.

ધોની ઇવેન્ટ દરમ્યાન પ્રવચનમાં ઘૂંટણના દુખાવા વિશે અને ૨૦૨૬ની આઇપીએલમાં રમવા વિશે પોતાના વિચારો વ્યક્ત કરી રહ્યો હતો ત્યારે તેનો એક ચાહક બૂમ પાડીને બોલ્યો, ' સર, તમારે રમવું જ પડશે.' ધોનીએ ચાહકની વાતના જવાબમાં મજાકમાં અને હસતાં કહ્યું, ' તો પછી ઘૂંટણમાં જે દુખાવો છે એની સંભાળ કોણ લેશે?'

ધોનીએ ૨૦૨૩માં સીએસકેને પાંચમી આઇપીએલ ટ્રોફી અપાવ્યા બાદ થોડા જ દિવસમાં મુંબઈના જાણીતા ડૉ. દિનશા પારડીવાલા પાસે ઘૂંટણમાં સર્જરી કરાવી હતી. ધોની ૨૦૨૪ અને ૨૦૨૫ની આઇપીએલમાં રમ્યો હતો, પણ મોટા ભાગે તેણે નીચલા ક્રમે બૅટિંગ કરી હતી. સર્જરી બાદ તે રન દોડવામાં પણ ખૂબ ધીમો જોવા મળ્યો છે.

૨૦૨૫ની આઇપીએલની શરૂઆતમાં જ સીએસકેનો કૅપ્ટન ઋતુરાજ ગાયકવાડ ઈજા પામ્યો હતો અને તેની ગેરહાજરીમાં છેક સુધી ધોનીએ ટીમનું સુકાન સંભાળ્યું હતું. જોકે એ સીઝનમાં સીએસકેની ટીમ છેક ૧૦મા સ્થાને રહી હતી. ધોની હવે ગાયકવાડ તેમ જ ટીમ મૅનેજમેન્ટ સાથે બેસીને ૨૦૨૬ની સીઝનની પૂર્વતૈયારી કરી રહ્યો હોવાનું પણ જાણવા મળ્યું હતું. ■




# My IPO (My Insurance Protection Options) સબસ્ક્રાઈબ થયેલા હોવા જોઈએ




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

આપણે જીવનમાં બે પ્રકારનાં જોખમનો સામનો કરવો પડતો હોય છે. એક, રોકાણસંબંધી જોખમ અને બે, ખરું જોખમ. રોકાણસંબંધી જોખમનાં ત્રણ પરિણામ શક્ય છેઃ ૧) નફો, ૨) યથાવત્ સ્થિતિ અને ૩) નુકસાન.

જ્યારે આપણે સોના પર આધારિત મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરીએ છીએ ત્યારે કાં તો નફો થઈ શકે છે અથવા તો કોઈ નફો કે નુકસાન થાય નહીં એવી સ્થિતિ રહી શકે છે અથવા તો માત્ર નુકસાન થઈ શકે છે. આવા પ્રકારના જોખમની સામે વીમાનું રક્ષણ મળતું નથી.

ખરા જોખમની વાત કરવા માટે એક ઉદાહરણ લઈએ. ધારો કે તમારી પાસે એક કાર છે. તેને જો અકસ્માત નડે તો તમને નુકસાન થાય અને કોઈ અકસ્માત નડે નહીં તો યથાવત્ સ્થિતિ રહે. કારને લીધે નફો થાય એવી કોઈ શક્યતા હોતી નથી, છતાં ખરાં જોખમો માટે તમે વીમાનું કવચ લઈ શકો છો.

આથી દરેક વ્યક્તિને મારે કહેવાનું કે My CEO નિશ્ચિત થયા બાદ My IPOનો વિચાર કરવો. ઘણી વાર મને પૂછવામાં આવે છે કે IPOમાં રોકાણ કરવું કે નહીં. મારો જવાબ એ જ હોય છે કે તમારો પોતાનો IPO નક્કી હોય તો તમારે બજારના IPOમાં રોકાણ કરવું. દરેક વ્યક્તિનો પોતાનો IPO એટલે Insurance Protection Options અર્થાત્ વીમા અને રક્ષણના વિકલ્પો. ઓચિંતી કોઈ બીમારી આવે, અકસ્માત થાય કે મૃત્યુ થાય ત્યારે પારિવારિક ખોટ થાય છે અને સાથે સાથે માનસિક આઘાત પણ લાગે છે. તેની સાથે નાણાકીય નુકસાન પણ થાય છે. વીમો માનસિક આઘાતની સ્થિતિમાં કોઈ રીતે ઉપયોગી થઈ શકે નહીં, પરંતુ નાણાકીય નુકસાનની ભરપાઈ કરવા માટે અગત્યની વસ્તુ છે.

વાહનને અકસ્માત નડે કે પછી ઘર, ઑફિસ કે તેની વસ્તુઓને નુકસાન થાય ત્યારે આપણે નાણાકીય નુકસાન ભોગવવું પડે છે. આથી સંપત્તિસર્જનના માર્ગે ચડતાં પહેલાં My IPO સંપૂર્ણપણે ભરાયો છે કે નહીં એ જોવું જરૂરી છે. નુકસાનની સામે વીમાનું રક્ષણ લેવાયું હશે તો નાણાકીય આઘાત ઘણો ઓછો લાગશે.

ફાઇનાન્શિયલ પ્લાનર તરીકેની પ્રેક્ટિસ દરમિયાન મેં જોયું છે કે જેમણે My IPO નક્કી કરી રાખ્યો હોય છે એ સંપત્તિસર્જનની દિશામાં જોશભેર અને વધુ વેગથી પ્રગતિ કરી શકે છે. તેનું કારણ એ કે જીવનમાં અનિચ્છનીય ઘટનાઓ બની શકે છે એ વાત એ પહેલેથી સારી રીતે જાણતા હોય છે. આવા સંજોગોમાં નાણાંની જરૂર પડે ત્યારે My IPO ઉપયોગી થાય છે.

**વ્યક્તિગત જોખમઃ**

આપણી આવક બંધ થઈ શકે કે ઓછી થઈ શકે એવી કેટલીક ઘટનામાં બીમારી, અકસ્માત, પંગુતા, મરણ, વગેરેનો સમાવેશ થાય છે. આથી આરોગ્ય વીમો, જનરલ વીમો અને જીવન વીમો એ ત્રણે પ્રકારનાં કવચ લેવાયેલાં હોવાં જોઈએ.

આરોગ્ય વીમો પરિવારના તમામ સભ્યો માટે લેવાવો જોઈએ. એ લોકો કમાય છે કે નહીં તેની સાથે આ વીમાનો કોઈ સંબંધ નથી. તેનાથી વિપરીત, જીવન વીમો ફક્ત કમાનાર સભ્યોનો જ હોવો જોઈએ. બીમારી કે અકસ્માત કોઈની પણ સાથે થઈ શકે છે તેથી બધા માટે મેડિક્લેઈમ હોવો જોઈએ, જ્યારે કમાનાર વ્યક્તિને કોઈ નુકસાન થાય તો તેને કારણે પરિવારની આવક પર વિપરીત અસર થાય છે તેથી જીવન વીમો કમાનાર વ્યક્તિ માટે કઢાવવો જોઈએ. ઘરમાં જો મહિલા નોકરી-વ્યવસાય કરનારી હોય તો એનો પણ વીમો જરૂર હોવો જોઈએ.

ટૂંકમાં, જીવન વીમો દરેક કમાનાર વ્યક્તિ માટે કઢાયેલો હોવો જોઈએ, જ્યારે આરોગ્ય વીમો પરિવારના દરેક સભ્યનો હોવો આવશ્યક છે.

**પ્રોપર્ટી સામેનું જોખમઃ**

આપણું ઘર, ઑફિસ, તેમાંની વસ્તુઓ, વાહનો, વગેરે જેવી જણસો આપણી પ્રોપર્ટી ગણાય છે. તેમને કોઈ નુકસાન થાય તો તેનાથી આપણી સંપત્તિ પર અસર થાય છે. આથી એવી તમામ પ્રોપર્ટીનો વીમો હોવો જોઈએ.

આપણી પ્રોપર્ટી હોય કે આપણે પોતે હોઈએ, બધાં જ એક પ્રકારની સંપત્તિ છે. તેમને વીમાનું કવચ આપવામાં ન આવે તો જોખમ લાગુ પડે છે. આથી એ જોખમથી બચવું આવશ્યક છે. આથી, તમે જો બજારમાં આવતા IPOમાં પૈસા નહીં રોકો તો એક વાર ચાલી જશે, પણ પોતાનો My IPO તો હોવો જ જોઈએ.

હવે જ્યારે પણ IPO આવે ત્યારે પહેલાં પોતાની જાતને પૂછી લેજો, My IPO પૂરેપૂરો ભરાયો છે કે નહીં? ■




નિશા સંઘવી
feedback@bombaysamachar.com

# વીમાની રૂમ રેન્ટની લિમિટ કેટલી હોય?

આરોગ્ય વીમા પૉલિસી ખરીદતી વખતે મોટાભાગના લોકો કુલ કેટલી રકમનો વીમો છે, કેટલું પ્રીમિયમ છે અને હૉસ્પિટલનું નેટવર્ક કેવું છે એ જ વિગતો ચકાસતા હોય છે. એ બધું ચોક્કસપણે અગત્યનું છે, પરંતુ એની સાથે સાથે રૂમ રેન્ટની લિમિટને લગતો ક્લોઝ પણ જાણી લેવો જરૂરી હોય છે. એ વિશે જરાપણ અસ્પષ્ટતા હોય તો ભવિષ્યમાં ક્લેમ આવે ત્યારે અમુક રકમ ખિસ્સામાંથી ભરવી પડે એવું બની શકે છે.

-તો ચાલો, આજે આપણે રૂમ રેન્ટની લિમિટના ક્લોઝ વિશે જાણીએ, જેથી તમે પૂરતી માહિતી સાથે યોગ્ય આરોગ્ય વીમા પૉલિસી પસંદ કરી શકો.

પૉલિસીધારકનું હૉસ્પિટલાઇઝેશન કરવું પડે એ સ્થિતિમાં એમણે પસંદ કરેલી શ્રેણીની રૂમનો દરરોજનો જે મહત્તમ જેટલો ખર્ચ પૉલિસી હેઠળ આવરી લેવાયેલો હોય એને રૂમ રેન્ટ લિમિટ કહેવાય છે. દરરોજના હિસાબે એની ગણતરી થાય છે. એમાં દરરોજની એક નિશ્ચિત રકમ (દા.ત. રોજના ૩,૦૦૦ રૂપિયા) આપવામાં આવે છે અથવા તો પૉલિસીના કવરેજની અમુક નિશ્ચિત ટકાવારી (દા.ત. ૫ લાખની પૉલિસીના ૧ ટકા અર્થાત્ રોજના ૫,૦૦૦ રૂપિયા) જેટલી રકમ આપવામાં આવે છે.

**રૂમ રેન્ટની લિમિટના પ્રકારઃ**

| પ્રકાર | વિગત | ઉદાહરણ |
|---|---|---|
| નો લિમિટ (કોઈ પણ પ્રકારની રૂમ) | વીમાધારક કોઈ પણ પ્રકારની રૂમ પસંદ કરી શકે છે. | તમે પ્રાઇવેટ ડિલક્સ, સ્વીટ, વગેરે કોઈ પણ રૂમ નક્કી કરી શકો છો. |
| નિશ્ચિત મહત્તમ રકમ | રોજની રૂમ રેન્ટની લિમિટની રકમ નિશ્ચિત કરવામાં આવી હોય છે. | કોઈ પણ પ્રકારની રૂમ લો, તમને દરરોજના મહત્તમ ૨,૦૦૦ રૂપિયા રૂમ રેન્ટ પેટે મળશે. |
| વીમાની રકમની ટકાવારી રૂપે | કવરેજની ટકાવારીના રૂપે એની ગણતરી કરવામાં આવે છે. | ૫ લાખ રૂપિયાના કવરેજનો ૧ ટકો = રોજના ૫,૦૦૦ રૂપિયા |
| રૂમની શ્રેણીને લગતું બંધન | નિશ્ચિત પ્રકારની રૂમ જ લઈ શકાય છે. | ફક્ત શેર્ડ રૂમ અથવા સેમિ પ્રાઇવેટ રૂમ લઈ શકાય છે. |

**રૂમ રેન્ટની લિમિટ જાણી લેવી કેમ જરૂરી છે?**

તમે રૂમ રેન્ટને લગતી મર્યાદાની ઉપરનો ખર્ચ થાય એવી રૂમ પસંદ કરો તો ક્લેઈમમમાંથી ફક્ત રૂમ રેન્ટને લગતી કપાત થતી નથી, પરંતુ આખા ક્લેઈમમમાંથી 'પ્રપોર્શનેટ ડિડક્શન'ના સ્વરૂપે કપાત થાય છે. એનો અર્થ એવો થયો કે તમારા ક્લેઈમમાં રૂમ રેન્ટને લગતી જેટલા ટકા રકમ કપાશે એટલા ટકા રકમ તમારા કુલ ક્લેઈમમાંથી કપાશે.

**પ્રપોર્શનેટ ડિડક્શનને એક ઉદાહરણ દ્વારા સમજવાનું સારું રહેશેઃ**

ધારો કે -

* તમારી પૉલિસી હેઠળ રૂમ રેન્ટની દરરોજની મહત્તમ રકમ ૩,૦૦૦ રૂપિયા છે
* તમે દરરોજના ૬,૦૦૦ રૂપિયાના હિસાબે રૂમ લીધી છે
* તમારું હૉસ્પિટલનું કુલ બિલ ૧,૦૦,૦૦૦ રૂપિયા થાય છે.

આ સ્થિતિમાં તમારી રૂમ રેન્ટની મર્યાદા રૂમના ખર્ચના ૫૦ ટકા જેટલી છે. આ સંજોગોમાં પ્રપોર્શનેટ ડિડક્શન ૫૦ ટકા થાય છે અને એટલા ટકા રકમ કુલ ક્લેઈમ એટલે કે ૧ લાખના ક્લેઈમમાંથી કાપી નાખવામાં આવશે. આમ, તમારું બિલ ૧ લાખ રૂપિયાનું થયું હશે તો ફક્ત રૂમ રેન્ટના ખર્ચને નહીં, પરંતુ આખા બિલને ૫૦ ટકાનું ડિડક્શન લાગુ કરવામાં આવશે અને તમારો ફક્ત ૫૦,૦૦૦ રૂપિયાનો ક્લેઈમ પાસ થશે.

આમાં સૂકા ભેગું લીલું પણ બળે એ ઉક્તિની જેમ કુલ બિલમાં ડોક્ટરની વિઝિટ ફી, ઓપરેશન થિયેટરની ફી, નર્સિંગ ચાર્જિસ, રોગનિદાનનો ખર્ચ (રૂમની શ્રેણીના આધારે) એ બધાનો જે અલગ અલગ ખર્ચ હશે એમાંથી ૫૦ ટકા રકમ કાપી લેવાશે અને પોલિસીધારકને એકંદરે ઘણું નુકસાન થશે.

**ઉપલબ્ધ રૂમ રેન્ટ ને રૂમના પ્રકાર**

| રૂમનો પ્રકાર | દરરોજનો અંદાજિત ખર્ચ | સામાન્યપણે આ જગ્યાએ હોય છે |
|---|---|---|
| જનરલ વોર્ડ | રૂમ. ૮૦૦ રૂમ. ૧,૫૦૦ | સરકારી અને નાની હૉસ્પિટલો |
| શેર્ડ રૂમ | રૂમ. ૧,૫૦૦ રૂમ. ૩,૦૦૦ | મોટાભાગે શહેરી હૉસ્પિટલો |
| સેમિ-પ્રાઇવેટ રૂમ | રૂમ. ૨,૫૦૦ રૂમ. ૫,૦૦૦ | મધ્યમ સ્તરની ખાનગી હૉસ્પિટલો |
| પ્રાઇવેટ રૂમ | રૂમ. ૪,૦૦૦ રૂમ. ૭,૦૦૦ | પ્રથમ પંક્તિની શહેરી હૉસ્પિટલો |
| ડિલક્સ/સ્વીટ રૂમ | રૂમ. ૮,૦૦૦ રૂમ. ૧૫,૦૦૦+ | કોર્પોરેટ/ખાનગી હૉસ્પિટલો |



**રૂમ રેન્ટનો યોગ્ય ક્લોઝ કઈ રીતે પસંદ કરશો?**

૧) રૂમ રેન્ટની લિમિટ ન હોય એવો જ પ્લાન લેવોઃ જો તમને થોડું વધુ પ્રીમિયમ ભરવાનું પરવડતું હોય તો ઈમરજન્સીની સ્થિતિમાં તમને નુકસાન થાય નહીં અને તમારે રૂમની પસંદગી બાબતે કોઈ બાંધછોડ કરવી ન પડે એ માટે રૂમ રેન્ટની મર્યાદા એટલે કે લિમિટ ન હોય એવો જ પ્લાન પસંદ કરવો એ આદર્શ સ્થિતિ કહેવાશે.

૨) હોસ્પિટલના પ્રકાર અનુસારની રૂમ રેન્ટની મર્યાદા રાખોઃ જો તમે મોટાભાગે મહાનગરમાં ખાનગી હૉસ્પિટલમાં દાખલ થવાનું પસંદ કરતા હો તો તમારે રોજના ૫,૦૦૦ રૂપિયા કે એનાથી વધુની રૂમ રેન્ટની લિમિટ હોય એવો જ પ્લાન પસંદ કરવો.

૩) રૂમ કેટેગરી પ્રકારના પ્લાનની પસંદગી કરોઃ કેટલીક પૉલિસીઓમાં સ્પષ્ટપણે any private room એટલે કે પ્રાઇવેટ રૂમ ગણાતી કોઈ પણ શ્રેણીની રૂમ એવું લખેલું હોય છે. રકમની નિશ્ચિત મર્યાદા હોય એના કરતાં આ પ્રકારે કોઈ પણ પ્રાઇવેટ રૂમ એવું લખેલું હોય તો સારું પડે છે.

૪) હૉસ્પિટલાઇઝેશન થયું હોય અને રૂમમાં ફેરફાર કરવાનો વખત આવે ત્યારે રૂમને અપગ્રેડ કરતા સમયે સાવચેતીપૂર્વક આગળ વધવું. જો તમારી પોલિસી હેઠળ ફક્ત સેમિ-પ્રાઇવેટ રૂમમાં દાખલ થવાની જોગવાઈ હોય અને તમે પ્રાઇવેટ કે લક્ઝરી રૂમમાં અપગ્રેડ થાઓ તો તમારે વધારાની રકમ પોતાના ખિસામાંથી ભરવી પડી શકે છે.

**રૂમ રેન્ટ લિમિટ સાથે ને એ વગરની પ્રચલિત પૉલિસીઃ**

| વીમા કંપની | પ્લાનનું નામ | રૂમ રેન્ટની લિમિટ |
|---|---|---|
| નિવા બુપા | રિએસ્યોર ૨.૦ | કોઈ પણ રૂમ લઈ શકાય છે. કોઈ જ મર્યાદા નથી |
| સ્ટાર હેલ્થ | સ્ટાર કોમ્પ્રિહેન્સિવ | પ્રાઇવેટ રૂમ (સ્વીટ સિવાયની) માન્ય છે |
| એચડીએફસી અર્ગો | ઓપ્ટિમા રિસ્ટોર | વીમાની રકમનો ૧ ટકો (રોજના) |
| કેર હેલ્થ | કેર ઍડવાન્ટેજ | રૂમની શ્રેણી - સિંગલ પ્રાઇવેટ રૂમ |
| આદિત્ય બિરલા | ઍક્ટિવ હેલ્થ | રૂમ રેન્ટની મર્યાદા વીમાધારકે પસંદ કરેલા વીમાની રકમના સ્લેબ પર નિર્ભર હોય છે |

**સામાન્ય ગેરમાન્યતાઓ...**

મારો ૧૦ લાખ રૂપિયાનો વીમો છે. આમ, ૧૦ લાખ રૂપિયા સુધીનો બધો ખર્ચ મંજૂર થઈ શકે છે. દર વખતે આવું શક્ય હોતું નથી. જો વ્યક્તિની પૉલિસીમાં રૂમ રેન્ટની મર્યાદા રોજના ૩,૦૦૦ રૂપિયાની હોય અને તમે ૬,૦૦૦ રૂપિયાની રૂમ પસંદ કરી હોય તો ક્લેઈમની પૂરેપૂરી રકમમાં કાપ મૂકવામાં આવશે (ઉપર આ શક્યતા દર્શાવતું ઉદાહરણ પ્રપોર્શનેટ ડિડક્શનની સમજૂતીમાં આપવામાં આવ્યું છે).

રૂમ રેન્ટ વધારે થશે તો એટલો ખર્ચ હું મારા ખિસ્સામાંથી કરીશ. એવું શક્ય હોતું નથી. તમે ફક્ત રૂમ રેન્ટ પૂરતી તફાવતની રકમ ભરી દો એવું ચાલતું નથી. તમારા પૂરેપૂરા ક્લેઈમમાંથી પ્રપોર્શનેટ ડિડક્શન થતું હોય છે.

સમાપનઃ જો રૂમ રેન્ટ લિમિટની બાબતે સાવધાની રાખી ન હોય તો ક્લેઈમ આવ્યે મોટું નુકસાન થવાની શક્યતા હોય છે. આથી નવી પોલિસી લેતાં પહેલાં અથવા પ્રવર્તમાન પૉલિસીનું નવીનીકરણ કરાવતાં પહેલાં તમારે રૂમ રેન્ટનો ક્લોઝ ચકાસી લેવો. જો તમને થોડું વધુ પ્રીમિયમ પરવડતું હોય તો એવો જ પ્લાન લેવો જેમાં રૂમ રેન્ટને લગતી કોઈ મર્યાદા ન હોય. આવી મર્યાદા વગરનો પ્લાન હોય તો તમે તમારી મરજી મુજબની સારી હૉસ્પિટલમાં નિશ્ચિંત થઈને સારવાર કરાવી શકો છો. ■

feedback@bombaysamachar.com




# વજન ન વધારો, સાવધાન...

## તમારું વજન વધારે છે કે તમે સ્થૂળ છો? સાબદા રહેજો, સ્થૂળતા એક ક્રોનિક અને જટિલ રોગ છે.



કોઈનું ભરેલું શરીર જોઈને આપણે એમ કહીએ કે આ તો ખાધેપીધે સુખી ઘરના વ્યક્તિ છે... પણ ભરાવદાર શરીર દરેક વખતે સુખની નિશાની હોય એવું જરૂરી નથી. તબીબી ભાષામાં એને ઓબેસિટી એટલે કે સ્થૂળતા-મેદસ્વિતા સાથે પણ સંબંધ હોઈ શકે છે. 'વિશ્વ આરોગ્ય સંગઠન'

(ડબ્લ્યુએચઓ) પણ સ્થૂળતાને એક રોગ તરીકે ઘોષિત કરી ચૂક્યું છે. થોડા મહિના પહેલાં દેશના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ જાહેરમાં દેશના યુવાનો, બાળકોમાં વધતી જતી આ ઓબેસિટી- મેદસ્વિતા તરફ વિશેષ ધ્યાન દોર્યું હતું ,

ઓબેસિટીની વ્યાખ્યા કરતા આ વિશ્વ સ્તરનું આરોગ્ય સંગઠન કહે છે 'સ્થૂળતા એ એક ક્રોનિક જટિલ રોગ છે, જે વધુ પડતી ચરબીના થર દ્વારા વ્યાખ્યાયિત થાય છે...એ સ્વાસ્થ્યને નુકસાન પહોંચાડી શકે છે.'

અહીં બે મહત્ત્વની નોંધવા લાયક વાત છે કે વિશ્વ આરોગ્ય સંગઠન આ રોગને ક્રોનિક અને જટિલ પણ કહે છે.

ક્રોનિક રોગ એટલે શું? સરળ શબ્દોમાં કહીએ તો, જે રોગ ૧ વર્ષ કે તેથી વધુ સમય સુધી ચાલે છે અને સતત તબીબી સહાયની જરૂર પડે છે અથવા દૈનિક જીવનની પ્રવૃત્તિઓને મર્યાદિત કરે છે અથવા બંને સ્થિતિ હોય. સ્થૂળતાને જટિલ તરીકે ઓળખાવી છે. તેનો અર્થ એ છે કે, જે મોટાભાગે જનીનો અને પર્યાવરણીય પરિબળોને કારણે થાય છે.

જટિલ રોગોમાં આનુવંશિક ઘટક હોવાથી તે પરિવારમાં ફેલાતા જોઈ શકાય છે, પરંતુ પેટર્ન ખૂબ સ્પષ્ટ ન પણ હોય.

૨૦૨૨માં, ૧૮ વર્ષ અને તેથી વધુ ઉંમરના ૨.૫ અબજ પુખ્ત વયના લોકો વધુ વજનવાળા હતા, જેમાં ૮૯૦ મિલિયન એટલે કે ૮૯ કરોડથી વધુ પુખ્ત વયના લોકો સ્થૂળ હતા. તેમાં ૧૮ વર્ષ અને તેથી વધુ ઉંમરના ૪૩% પુખ્ત વયના લોકો (૪૩% પુરુષો અને ૪૪% સ્ત્રીઓ)નો સમાવેશ થાય છે. આ આંકડા ટકાવારીની દ્રષ્ટિએ તો ચોંકાવનારા છે જ, પણ ૧૯૯૦ના આંકડા સાથે સરખામણી કરીએ તો લગભગ ૨૦%નો વધારો પણ દર્શાવે છે, જ્યારે ૧૮ વર્ષ અને તેથી વધુ ઉંમરના ૨૫% પુખ્ત વયના લોકો વધુ વજનવાળા હતા.

બાળકોમાં પણ સ્થૂળતાનું પ્રમાણ નાનુસુનું નથી. ૨૦૨૪ માં, પાંચ વર્ષથી ઓછી ઉંમરના અંદાજે ૩.૫ કરોડ બાળકો વધુ વજનવાળાં હતાં.

'વર્લ્ડ ઓબેસિટી ફેડરેશન' દ્વારા ૨૦૧૭માં થયેલા એક સર્વેક્ષણ અને સંશોધનમાં સ્થૂળતાનાં કારણો મુજબ, સ્થૂળતા માટે ખોરાક મુખ્ય એજન્ટ છે, શારીરિક પ્રવૃત્તિમાં ઘટાડો બીજા ક્રમે છે. પશ્ચિમી આહારમાં સ્વાદિષ્ટ, ઓછી કિંમતના, અનુકૂળ ખોરાક વિપુલ પ્રમાણમાં જોવા મળે છે. આ ખોરાક મગજના કહેવાતા આનંદ કેન્દ્રોને સક્રિય કરી શકે છે અને ખાવાથી આનંદદાયક અનુભવ કરાવે છે. ઉપરાંત, ઓછી ઊંઘ, અંતઃસ્ત્રાવી વિક્ષેપકો (જેને ઓબેસોજેન્સ પણ કહેવાય છે), આનુવંશિકતા અને આંતર-પેઢી અસરો, માતા- પિતાની મોટી ઉંમર, ચોક્કસ દવાઓ અને ધૂમ્રપાન કરનારા જ્યારે તેને ઓછું કરવા લાગે જેવા વિવિધ પરિબળો પણ અસર કરે છે.

આ ઉપરાંત, પ્રારંભિક તબક્કામાં વધારાનું વજન અને ચરબીના સંચયને ઓળખવા માટે અસરકારક આરોગ્ય પ્રણાલીનો અભાવ સ્થૂળતાનો વ્યાપ વધારી રહ્યો છે.

આમ જુઓ તો વધારે વજન હોવા અને સ્થૂળ હોવા વચ્ચે ભારે પાતળી ભેદ રેખા છે. ઉદાહરણ તરીકે, પુખ્ત વયના લોકો માટે, 'ડબ્લ્યુએચઓ' વધુ વજન અને સ્થૂળતાનો ભેદ બતાવતા કહે છે, વધુ વજન એટલે ૨૫ અથવા તેનાથી વધુ ઇખઈ (બોડી માસ ઈન્ડેક્સ) અને સ્થૂળતા એટલે ૩૦ અથવા તેનાથી વધુ ઇખઈ. નોંધનીય છે કે, સ્થૂળતા ટાઇપ ટુ ડાયાબિટીસ અને હૃદય રોગનું જોખમ વધારી શકે છે, તે હાડકાના સ્વાસ્થ્ય અને પ્રજનનને અસર કરી શકે છે, તે ચોક્કસ કેન્સરનું જોખમ વધારે છે. સ્થૂળતા જીવનની ગુણવત્તાને પ્રભાવિત કરે છે, જેમ કે ઊંઘવું અથવા હલનચલન કરવું. પ્રમાણ કરતાં વધુ ઇખઈને કારણે કાર્ડિયોવેસ્ક્યુલર રોગો, ડાયાબિટીસ, કેન્સર, ન્યુરોલોજીકલ ડિસઓર્ડર, ક્રોનિક શ્વસન રોગો અને પાચન વિકૃતિઓ જેવા બિન-ચેપી રોગોથી ૨૦૨૧-૨૨માં અંદાજિત ૩.૭ મિલિયન મૃત્યુ થયા. બાળપણ અને કિશોરાવસ્થામાં જો બાળકો સ્થૂળ હોય તો એમના આરોગ્ય પર ભવિષ્યમાં આવી અસર દેખાવાનું જોખમ વધી જાય છે.

થોડાં વર્ષો પહેલાં સ્થૂળતાને પૈસાદારોનો રોગ માનવામાં આવતો હતો. જેમ આપણે ત્યાં ડાયાબિટીસને પણ રાજરોગ કહેતા એવી રીતે. જોકે હવે તો ઓછી અને મધ્યમ આવક ધરાવતા લોકોમાં પણ સ્થૂળતાના દરમાં ઝડપી વધારો સમસ્યા બની રહ્યો છે.

સ્થૂળતાની આવી સમસ્યાઓનો સામનો કરવા કેટલાક મહત્ત્વપૂર્ણ પગલાં લેવાની જરૂર છે, જેમકે પ્રોસેસ્ડ ફૂડમાં ચરબી, ખાંડ અને મીઠાનું પ્રમાણ ઘટાડવું- ખાતરી કરવી કે સ્વસ્થ અને પૌષ્ટિક પદાર્થો બધા ગ્રાહકો માટે ઉપલબ્ધ અને પોસાય તેવા હોય- ખાંડ, મીઠું અને ચરબીવાળા ખોરાકના માર્કેટિંગ પર પ્રતિબંધ મૂકવો, ખાસ કરીને બાળકો અને કિશોરો માટે બનાવાયેલો ખોરાક અને આરોગ્યપ્રદ ખોરાકની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવી તથા કાર્યસ્થળ પર નિયમિત શારીરિક પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવું.

આ સાથે, બાળકોનું વજન ઓછું છે કે વધારે તે ધ્યાનમાં લીધા વિના, આરોગ્યપ્રદ આહાર, શારીરિક પ્રવૃત્તિ, તે બેઠાડુ ન બની જાય અને ઊંઘની પેટર્ન યોગ્ય હોય તેનું ધ્યાન રાખવું જોઈએ. સ્ક્રીન સમય મર્યાદિત કરો. ખાંડવાળા મીઠા પીણાં અને ઊર્જાથી ભરપૂર ખોરાકનો વપરાશ મર્યાદિત કરો અને અન્ય સ્વસ્થ ખાવાની વર્તણૂકોને પ્રોત્સાહન આપો. આ બધાની સાથે રોજિંદા જીવનમાં શારીરિક પ્રવૃત્તિઓ વધારવા પર ભાર આપો. ■

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

# પ્રાણાયામ એક સમર્થ અધ્યાત્મસાધન છે…



૭. પ્રાણાયામનાં મુખ્ય લક્ષણોઃ

પ્રાણાયામ ખરા અર્થમાં પ્રાણાયામ ક્યારે બને છે? ક્યાં ક્યાં લક્ષણો છે, જેમનાથી પ્રાણાયામ પ્રાણાયામ બને છે?

(૧) પ્રાણાયામના અનેક પ્રકારો છે. પ્રત્યેક પ્રકારના પ્રાણાયામની વિશિષ્ટ પદ્ધતિ હોય છે. જે કોઈ પ્રકારનો પ્રાણાયામ કરવામાં આવે તેની વિશિષ્ટતા અને પદ્ધતિ બરાબર સમજીને તે પ્રમાણે તે પ્રાણાયામ કરવામાં આવે, તે આવશ્યક છે.

(૨) પ્રાણાયામમાં રેચક અને પૂરક ખૂબ ધીમે ધીમે કરવાના હોય છે. मंदं मंदं पिबेद्वायुं मंदं मंदं वियोजयेत (ગોરક્ષશતક)પૂરક અને રેચક દરમિયાન શ્વાસ પરનું આ નિયંત્રણ એક નસકોરું બંધ કરીને અથવા શ્વસનમાર્ગ આંશિક રીતે બંધ કરીને સાધવામાં આવે છે. ભસ્ત્રિકા પ્રાણાયામના પ્રથમ વિભાગમાં પૂરક-રેચક ખૂબ ઝડપથી કરવામાં આવે છે. આ એક અપવાદ છે, તેમ સમજવું.

(૩) પ્રાણાયામનું કોઈ અંગ, વિશેષતઃ કુંભક કોઈ પણ તબક્કે કષ્ટપ્રદ ન બને તે આવશ્યક છે, તેથી જ તેનું પ્રમાણ પોતાની શક્તિ પ્રમાણે નક્કી કરવું જોઈએ. પ્રાણાયામને અંતે સંપ્રસાદનો અનુભવ થવો જોઈએ, થાક કે કષ્ટનો નહીં. પ્રાણાયામનો અભ્યાસ ધીમે ધીમે અને સાવચેતીપૂર્વક વધારવો જોઈએ. જો આ બાબતની કાળજી ન લેવામાં આવે તો પ્રાણાયામ જોખમી બની શકે છે.

(૪) પૂરક, કુંભક અને રેચકના સમયનું એક નિશ્ચિત પ્રમાણ હોય છે. આ પ્રમાણ પહેલેથી છેલ્લે સુધી એકધારું જળવાવું જોઈએ.

તેનો વિનિયોગ કરવો જોઈએ.

(૬) પ્રાણાયામના આગળના અભ્યાસમાં ત્રિબંધનો વિનિયોગ કરવામાં આવે છે. સૌથી પ્રથમ ઉડ્ડિયાન બંધ,પછી કુંભક દરમિયાન જાલંધર બંધ અને છેલ્લે મૂલબંધ ઉમેરવામાં આવે છે.

(૭) પ્રાણાયામના અભ્યાસથી કોઈ પણ બેઠક દરમિયાન ઓછામાં ઓછાં અમુક આવર્તનો આવશ્યક છે,કારણ કે તો જ પ્રાણાયામની અસર થાય છે. પ્રથમથી અંતિમ આવર્તન સમય સરખો રહેવો જોઈએ.

(૮) પ્રણાલિકા એવી છે કે પ્રાણાયામના અભ્યાસ દરમિયાન નાસાગ્ર દૃષ્ટિ, ભ્રૂમધ્ય દૃષ્ટિ કે અમાવસ્યા દૃષ્ટિ(આંખો બંધ રાખવી) રાખવામાં આવે છે. અનુભવવાની હોય છે અને તે રીતે ધ્યાન ધીમે ધીમે અંદર વાળવાનું હોય છે.

(૧૦) પ્રત્યેક અધ્યાત્મસાધન માટે આદેશ છે- मनोयोगेन समाचरेत् । (સાધન) મનોયોગપૂર્વક કરવું જોઈએ. અને कुर्यात् अध्यात्म चेतसा । (સાધન) આધ્યાત્મિક દૃષ્ટિબિંદુથી થવું જોઈએ.

(૧૧) પ્રાણાયામની બહિરંગ પ્રક્રિયા આખરે તો પ્રાણના પ્રવાહો પર સંયમ સિદ્ધ કરવા માટે છે. જ્યારે આ સંયમ સિદ્ધ થાય ત્યારે જ પ્રાણાયામ (પ્રાણ+ આયામ= પ્રાણાયામ) સિદ્ધ થયો ગણાય.

(૧૨) પ્રાણાયામ એક સમર્થ અધ્યાત્મસાધન છે અને હઠયોગનું તો કેન્દ્ર છે.

૮. પ્રાણાયામ અને શ્વાસોચ્છ્વાસના વ્યાયામ વચ્ચે ભિન્નતાઃ

અનેકવાર પ્રાણાયામને શ્વાસોચ્છ્વાસના વ્યાયામની એક પદ્ધતિ માની લેવામાં આવે છે, પરંતુ બંને મૂળભૂત રીતે જ ભિન્ન છે. આપણે બંનેના ભેદને સમજવાનો પ્રયત્ન કરીએઃ

(૧) પ્રાણાયામ અધ્યાત્મસાધન છે. શ્વાસોચ્છ્વાસના વ્યાયામ એક વ્યાયામપદ્ધતિ છે. શ્વાસોચ્છ્વાસના વ્યાયામનો હેતુ શારીરિક સ્વાસ્થ્ય છે. પ્રાણાયામનો હેતુ પ્રાણસંયમ અને પ્રાણજાગરણ છે.પ્રાણાયામથી પણ શારીરિક સ્વાસ્થ્યની પ્રાપ્તિ થાય છે. આ સ્વાસ્થ્ય વધારે સાચું અને વધારે ઊંડું હોય છે, છતાં તે પ્રાણાયામની આડપેદાશ છે; લક્ષ્ય નહીં.

(૨) શ્વાસોચ્છ્વાસના વ્યાયામમાં પેડુ, પેટ કે છાતીના હલનચલન પર કોઈ નિયંત્રણ રાખવામાં આવે તેવી અપેક્ષા નથી. પ્રાણાયામમાં આ સ્વરૂપનું નિયંત્રણ રાખવામાં આવે છે.

(૩) શ્વાસોચ્છ્વાસના વ્યાયામમાં કુંભકને સ્થાન નથી. પ્રાણાયામમાં કુંભક મુખ્ય અંગ છે. કેટલાક યૌગિક ગ્રંથોમાં તો પ્રાણાયામના પર્યાયવાચક તરીકે ‘કુંભક’ શબ્દનો પ્રયોગ થયો છે. અહીં એ નોંધવું રસપ્રદ, ઉપયોગી અને આવશ્યક છે કે જો કોઈ વ્યક્તિ માત્ર શારીરિક સ્વાસ્થ્ય માટે પ્રાણાયામનો અભ્યાસ કરવા ઈચ્છે તો તેને માટે કુંભક કરવાનું આવશ્યક નથી.

ઘેરંડસંહિતા, શિવસંહિતા વગેરે યૌગિક ગ્રંથો થોડા ફેરફારો સાથે હઠપ્રદીપિકાને અનુસરે છે.

આ વર્ગીકરણમાં ગણાવવામાં આવેલ ભિન્ન ભિન્ન પ્રાણાયામમાં કુંભકના સ્વરૂપમાં ભિન્નતા નથી, પરંતુ દરેકમાં પૂરક અને રેચકના સ્વરૂપમાં તફાવત છે. તેથી એમ કહી શકાય કે આ વર્ગીકરણ પૂરક રેચકના સ્વરૂપને ખ્યાલમાં રાખીને કરવામાં આવેલ છે.

આ બધા ગ્રંથોમાં કેવલકુંભકને સૌથી મહત્ત્વપૂર્ણ કુંભક ગણવામાં આવેલ છે અને તેનો ઉલ્લેખ અલગ રીતે કરવામાં આવેલ છે. આમ કરીને બાકીના પ્રાણાયામના અભ્યાસનું પર્યવસાન કેવલકુંભકમાં થાય છે, એમ સૂચવવામાં આવેલ છે.

(૪) વસિષ્ઠસંહિતામાં પ્રાણાયામના વર્ગીકરણની એક કરતાં વધુ પદ્ધતિઓ આપેલ છે.:

(अ) સગર્ભ (મંત્ર સહિત) પ્રાણાયામ અને અગર્ભ (મંત્ર વિના) પ્રાણાયામ

(ब) સહિત કુંભક (રેચકપૂરક સહિત) અને કેવલ કુંભક (રેચક પૂરક વિના)

(क)) બાહ્યકુંભક અને આંતર કુંભક

(ड) ઉત્તમ પ્રાણાયામ, મધ્યમ પ્રાણાયામ અને અધમ પ્રાણાયામ

આ ત્રણ પ્રકારો પાડવાની પણ જુદી જુદી પદ્ધતિઓ છે. કોઈક ગ્રંથમાં આ ત્રણ પ્રકારો પરિણામને આધારે પાડવામાં આવેલ છે. ગોરક્ષનાથ કહે છે-

अधमे च घनोघर्मः कंपो भवति मध्यमे ।
उत्तिष्ठत्युत्तमेयोगी बद्ध पद्मासनो मुहुः ।।

– गोरक्षशतकम्; ४९

‘અધમ પ્રાણાયામમાં ખૂબ પરસેવો થાય છે. મધ્યમ પ્રાણાયામમાં કંપ થાય છે અને ઉત્તમ પ્રાણાયામમાં બદ્ધ પદ્માસનસ્થ યોગી વારંવાર ઉન્નયન અનુભવે છે.’

અન્ય સ્થાને આ પ્રકારો માત્રાને આધારે પણ પાડવામાં આવેલ છે. ઘેરંડ કહે છે-

उत्तमाविंशतिर्मात्रा मध्यमा षोडशी स्मृता ।
उधमा द्वादशी मात्रा प्राणायामस्त्रिधा स्मृता ।।

–घेरण्डसंहिता ; ५-५४

‘વીશ માત્રાયુક્ત ઉત્તમ, સોળ માત્રાયુક્ત મધ્યમ અને બાર માત્રાયુક્ત અધમ’.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com
ટૂંકુ ને ટચ
નિધિ ભટ્ટ

# એરંડા તેલના જાણો છો અગણિત લાભ?



તમે તમારા ઘરની આસપાસ ઘણી વખત એરંડાનું ઝાડ જોયું હશે અને તેના બીજ પણ જોયા હશે. આ ઝાડના પાંદડાથી લઈને બીજ સુધી, જે સરળતાથી ગમે ત્યાં ઉગે છે, તે ખૂબ જ ફાયદાકારક છે. એરંડાનું તેલ બજારમાં ખૂબ જ ઊંચી કિંમતે ઉપલબ્ધ છે. ચાલો જાણીએ તેનો ઉપયોગ કરવાની ૫ રીતો અને તેના ફાયદા.

કુદરતી સારવાર અથવા ઘરગથ્થુ ઉપચાર વિશે વાત કરીએ તો, એરંડા તેલનો ઉપયોગ પ્રાચીન સમયથી કરવામાં આવે છે. તેનો ઉપયોગ આયુર્વેદમાં ઘણી પ્રકારની દવાઓ બનાવવા માટે પણ થાય છે. સ્પર્શ કરવા માટે ખૂબ જ જાડું અને ગંધહીન આ તેલ ઘણા ગુણધર્મોથી ભરપૂર છે. તેમાં રિસિનોલિક એસિડ નામનું ફેટી એસિડ હોય છે, જેને બળતરા વિરોધી અને પીડા નિવારક માનવામાં આવે છે. એરંડા તેલમાં એન્ટિ-બેક્ટેરિયલ, એન્ટિ-ઇન્ફ્લેમેટરી તેમજ મોઇશ્ચરાઇઝિંગ ગુણધર્મો હોય છે. આધુનિક જીવનશૈલીમાં, લોકો વાળ ખરવા, અકાળ વૃદ્ધત્વ જેવી અનેક પ્રકારની સમસ્યાઓથી પરેશાન છે. આને ટાળવા માટે, મોટાભાગના લોકો હજુ પણ કુદરતી વસ્તુઓ પર વધુ આધાર રાખે છે. વાસ્તવમાં, આ પાછળનું કારણ એ છે કે કુદરતી વસ્તુઓ ધીમી અસર દર્શાવે છે, પરંતુ તેની આડઅસરો ખૂબ જ દુર્લભ છે. ચાલો જાણીએ કે એરંડા તેલના પાંચ ઉપયોગો શું છે?

નેશનલ સેન્ટર ફોર બાયોટેકનોલોજી ઇન્ફર્મેશન મુજબ, ‌ઋઉઅ એ એરંડા તેલને રેચક તરીકે માન્યતા આપી છે, એટલે કે, તે કબજિયાત વાળ માટે ફાયદાકારક છે. તે લિપિડ મેટાબોલિઝમ અને એન્ટિમાઇક્રોબાયલ ગુણધર્મો માટે પણ જાણીતું છે. આ લેખમાં, આપણે જાણીશું કે એરંડા તેલનો ઉપયોગ તમે કઈ ૫ રીતે કરી શકો છો.

## વાળના વિકાસમાં મદદરૂપ

એરંડા તેલ વાળ માટે ખૂબ ફાયદાકારક માનવામાં આવે છે. તે ખોપરી ઉપરની ચામડીમાં રક્ત પરિભ્રમણ સુધારવામાં મદદ કરે છે, જે વાળના મૂળને પોષણ આપે છે અને વાળને મજબૂત બનાવે છે. આ વાળના વિકાસમાં પણ સુધારો કરે છે. જોકે તે ખૂબ જ ભારે તેલ છે, તેથી તેને નાળિયેર તેલ સાથે ભેળવીને અને ગુણોત્તરને યોગ્ય રાખીને લગાવવું જોઈએ.

## ત્વચા માટે મોઈશ્ચરાઈઝર

તે એક ઉત્તમ કુદરતી મોઇશ્ચરાઇઝર છે. તેને સૂકી અને તિરાડવાળી ત્વચા પર લગાવવાથી તે નરમ અને હાઇડ્રેટેડ રહે છે. તે ખાસ કરીને એડી અને કોણી પર અસરકારક છે.

## ઘા અને સોજો ઘટાડે છે

હેલ્થ લાઇનમાં આપેલી માહિતી અનુસાર, એરંડા તેલમાં હાજર તત્વ રિસિનોલિક એસિડ બળતરા ઘટાડવામાં મદદરૂપ છે. આ ઉપરાંત, તમે હળવા ઘાને મટાડવા માટે પણ આ તેલનો ઉપયોગ કરી શકો છો. આ તેલ લગાવવાથી સ્નાયુઓના દુખાવામાં પણ રાહત મળી શકે છે.

## ત્વચા માટે ફાયદા

હેલ્થ લાઇન કહે છે કે એરંડાનું તેલ એક ઉત્તમ ત્વચા મોઇશ્ચરાઇઝર છે. તમે તેને ત્વચાને અનુકૂળ હોય તેવા હળવા તેલ સાથે ભેળવીને લગાવી શકો છો. તે ત્વચાને પોષણ આપે છે અને તેને નરમ રાખે છે. જો કે, તેને લગાવતા પહેલા પેચ ટેસ્ટ કરો.


## ભમરને જાડી કરવા માટે

એરંડાનું તેલ વાળના વિકાસમાં સુધારો કરે છે. જો તમે એવા લોકોમાંથી એક છો જેમની પાંપણ અને ભમર ખૂબ જ હળવા હોય છે, તો તમે એરંડાનું તેલ લગાવી શકો છો. આનાથી તમને ખૂબ સારા પરિણામો મળી શકે છે. જો કે, તેનો ઉપયોગ ખૂબ જ મર્યાદિત માત્રામાં કરો. ■

feedback@bombaysamachar.com
ફોકસ
રશ્મિ શુક્લ

# કલાકો સુધી બેસી રહેવું એ નોતરે છે વિવિધ બીમારી…

### એક જ ઠેકાણે વધુ સમય સુધી બેસી રહેવું એ સ્વાસ્થ્ય પર માઠી અસર કરે છે. ડોક જકડાઈ જવી અને પીઠમાં પીડા સામાન્ય લક્ષણ છે.



આજે લોકોની લાઇફ-સ્ટાઇલ એવી બની ગઈ છે કે તેઓ ના તો સમયસર જમે છે અને ના તો પૂરતી ઊંઘ લે છે. એવામાં તેમની વર્ક-લાઇફ પણ એવી છે કે તેમને કલાકો એક જ જગ્યાએ બેસી રહેવું પડે છે. એને કારણે તેમને સુસ્તી આવે છે. સાથે જ પીઠ અને પગ જકડાઈ જાય છે. આ સિવાય સાંધામાં દુઃખાવો ઉપડે છે. તમે જ્યારે પોતાના કામમાં સતત પોરવાઈ જાવ છો ત્યારે શરીરનું હલનચલન અગત્યનું છે એ પણ ભૂલી જાવ છો.

એક જ જગ્યાએ બેસી રહેવાથી હાર્ટ-અટેક, ડાયાબિટીસ અને અકાળ મૃત્યુનું જોખમ તોળાય છે. નેશનલ ઈન્સ્ટિટ્યુટ્સ ઑફ હેલ્થ મુજબ નિષ્ક્રિય થઈને કલાકો સુધી બેસી રહેવું જેમ કે ટીવી જોવું, કોમ્પ્યુટર પર કામ કરવું અથવા લાંબા અંતરનું ડ્રાઈવિંગ કરવું. એને કારણે એનાં પરિણામ ખૂબ માઠાં આવી શકે છે.

રિસર્ચમાં જાણવા મળ્યું છે કે જો કોઈ વ્યક્તિ સ્વસ્થ રહેવા માટે એક્સરસાઈઝ કરે છે અને સામે કલાકો સુધી બેઠાડું જીવન જીવે છે તો તેને સ્થૂળતા, હૃદયની તકલીફ અને ડાયાબિટીસનું જોખમ રહે છે. આમ તો સતત બેસી રહેવામાં આપણને કોઈ સમસ્યા નથી દેખાતી, પરંતુ લાંબા ગાળે એ ટેવ તમને નુકસાન કરી શકે છે.

અનેક રિસર્ચમાં એ મળી આવ્યું છે કે વધારે પડતું સુસ્ત રહેવું અને સમય પહેલા મૃત્યુ એ બન્ને પરસ્પર સંબંધ ધરાવે છે, કેમ કે લાંબા સમય સુધી બેસી રહેવાથી શારિરીક પ્રવૃત્તિ ઘટી જાય છે.

એથી એવી સલાહ આપવામાં આવે છે કે તમારે થોડો સમય સુધી ઊભા રહેવું કે ચાલવું જોઈએ, જેથી કરીને જોખમ થોડું ઓછું થાય.

લાંબા સમય સુધી બેસી રહેવાનું પરિણામઃ

વજનમાં વધારોઃ વધારે સમય બેસી રહેવાથી મેટાબોલિઝમ ઘટી જાય છે અને કેલેરી બર્ન થતી નથી. એને કારણે ચરબીમાં વધારો થાય છે. ખાસ કરીને પેટના ભાગ પાસે. જેથી મેદસ્વિતા આવે છે.

હૃદયની બીમારીનું જોખમઃ સતત બેસી રહેવાથી બ્લડ પ્રેશર અને કોલેસ્ટ્રોલ વધે છે. અમેરિકન હાર્ટ અસોસિએશને સલાહ આપી છે કે તમે ભલે કસરત કરતાં હોવ તો પણ હૃદય સંબંધિત રોગોની શક્યતા વધી જાય છે.

નબળાં સ્નાયુઃ બેસી રહેવાને કારણે સ્નાયુ નબળાં પડી જાય છે. સાથે જ કરોડરજ્જુમાં પણ સમસ્યા ઊભી થાય છે.

સાંધા જકડાઈ જવા અને દુખાવોઃ જો તમે સતત બેસી રહેતા હોવ તો સાંધા જકડાઈ જાય છે. ધ આર્થરાઇટિસ ફાઉન્ડેશને એ સંદર્ભે ચેતવણી આપતાં જણાવ્યું છે કે નિષ્ક્રિય બનીને બેસી રહેવાથી ઓસ્ટિયોઆર્થરાઈટિસની સમસ્યા વધવાની સાથે જ ઘૂંટણ અને સાથળમાં વિવિધ તકલીફ વધી જાય છે.

પાચનક્રિયા ધીમીઃ બેસી રહેવાથી પાચનક્રિયા મંદ પડી જાય છે. એને કારણે કબજિયાત થાય છે. બેઠાડું વર્તન જઠરાંત્રિય કાર્યોને અવરોધે છે અને પાચનમાં તકલીફ ઊભી કરે છે.

ડાયાબિટીસનું જોખમઃ વધુ સમય સુધી બેસી રહેવાથી ઈન્સ્યુલિન ઘટે છે, એને કારણે ટાઇપ-૨ ડાયાબિટીસનું જોખમ વધે છે. એને કારણે સમય જતાં બ્લડ સુગર હાઈ થવાની શક્યતા વધી જાય છે.


પીઠ અને ગરદનમાં દુખાવોઃ બેસવાની ખોટી પદ્ધતિને કારણે પીઠ અને ગરદનના સ્નાયુ પર દબાણ આવે છે. આ પ્રેશરને કારણે દુખાવો, તણાવ અને કરોડરજ્જુમાં તકલીફ ઊભી થાય છે.

બ્લડ સર્ક્યુલેશન ઘટવુંઃ ઘણાં સમય સુધી બેસી રહેવાથી રક્તના પ્રવાહ પર અસર પડે છે. એને કારણે પગમાં સોજા આવે છે. સાથે લોહીની ગાંઠ બનવાની પણ શક્યતા રહે છે. રક્તનું રૂધિરાભિસણ ધીમું પડવાથી વેરિકોઝ વેઇન્સ એટલે કે નસો ફુલેલી રહે છે.

માનસિક થાક અને સ્વભાવમાં પરિવર્તનઃ છેલ્લે આવી રીતે સતત બેસી રહેવાથી દિમાગ સુધી ઑક્સિજન ઓછી માત્રામાં પહોંચે છે. એને કારણે માનસિક થાક, સ્વભાવમાં બદલાવ અને તણાવનો અનુભવ થાય છે. ધ નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેન્ટલ હેલ્થના જણાવ્યા પ્રમાણે વ્યક્તિ ડિપ્રેશનમાં પણ જઈ શકે છે.

feedback@bombaysamachar.com
મોજની ખોજ
સુભાષ ઠાકર

# સાચ્ચે જ ખાઓ તો મોસમના સમ…




‘અરે બેન, તમને હજાર વાર કીધું તો પણ સમજતા કેમ નથી કે આ અઢી ઈંચની જીભડી સાડા પાંચ ફૂટના શરીરની પથારી ફેરવી નાખે છે. સ્વાદનો ચટાકો જીભ કરે ને ભોગવવું આખા શરીરે પડે છે. રોજ જમતી વખતે જાણે જીવનનું આ અંતિમ ભોજન હોય એમ એના પર તૂટી ન પડાય, સમજ્યા? પેટનો તો સ્વભાવ છે માગ્યા કરવાનો. ખાવામાં થોડુ ધ્યાન રાખો.’ ડોક્ટર તો સરોજ પર ખરા અર્થમાં ભડક્યા.

‘અરે સર, મારું ધ્યાન હંમેશાં ખાવામાં જ હોય છે તોયે પેટમાં..’ .

‘એટલે જ દુઃખે છે. પણ હવેથી રાતના ૨૦૦ ગ્રામ ઇસબગુલ ને ૨૫૦ ગ્રામ ત્રિફલા નઈ લો ત્યાં સુધી પેટની તકલીફ રહેવાની. ગઈકાલે રાત્રે સૂતા પહેલાં છેલ્લે શું ખાધેલું યાદ છે?’ ડોકટરે પૂછ્યું.

‘બગાસા, સર… ઉપવાસમાં બગાસા તો ખવાય ને?’ ડૉક્ટરનો ચહેરો બારણામાં આંગળી ફસાઈ ગઈ હોય એવો થઇ ગયો ને મને નવાઈ કરતાં આઘાત વધુ લાગ્યોઃ

‘સોરી ડૉક્ટર, અમે પછી આવશું’ એટલું બોલી નીકળી ગયા.

ત્યાં છગનલાલ દલાલનો ફોન આવ્યો :

‘અરે ઠાકર, પેલી ભાયંદરવાળી રૂમ જોવા કેમ ના આવ્યા?’

‘અરે મારા ચંબુએ કાલે જોઈ ને મને કીધું : ‘પપ્પા રૂમ ખૂબ જ નાની છે એક માણસને પણ સૂઈ જવું હોય તો ઈંડા આકારમાં ટુટિયું વાળીને પડ્યા રહેવું પડે. સાલું, નથી તમારી રૂમમાં રસોડું કે નથી શૌચાલય. માત્ર એક દર્પણ, એક સ્ટુલ..ઉપર રમકડા જેવો પંખો…’

‘અરે, શાંત મારા પ્રભુ શાંત’ છગનલાલ બોલ્યા :

‘તમારા ચંબુએ રૂમ જોઈજ નથી એ લિફ્ટ જોઇને જ ‘આટલી રૂમમાં ફેમિલી કેમ સમાય? ન ચાલે’ એટલું બોલી તરત ભાગ્યો… હું બૂમ મારું એ પહેલા તો સ્કૂટરને કિક મારી સડસડાટ ભગાવી મૂકી… બોલો! તમે પોતે આવોને?.’

‘અરે મારે મારા વાઈફને…’

‘જોવાનીને…. હું ક્યાં વાઈફને જોવાની ના પાડુ છું, પણ એકની એક વાઈફને તો રોજ શું જોવાની? વાઈફ તો અમે પણ વસાવી છે…’

‘અરે, પણ વાઈફને પૂછવું તો પડે ને?’

‘પૂછો. વાઈફ તમારી, વિચાર તમારો, રૂમ લેવાની તમારે. હું કેમ ના પાડું? પણ ધ્યાનથી સાંભળો : વાઈફ તો બીજી પણ મળશે પણ એક વાર રૂમ જો હાથમાંથી ગઈ તો હાથ ઘસતા રહી જશો પછી કહેતા નઈ કે છગનલાલ બોલ્યા નઈ…’

‘ધીરે છગનલાલ ધીરે ..તમે યાર, સિત્તેર વર્ષે બીજી વાઈફની લાલચ આપી લલચાવો નઈ..હમણાં સાંભળી જશે તો છૂટાછેડા આપવા પડશે…ચાલો કાલે મળું…’ ફોન કટ કર્યો.

બીજા દિવસે રૂમ જોઈ તો રૂમમાં શિવલિંગ પર ગળતીમાંથી પાણીના બુંદ ટપકે એમ છતમાંથી પાણી ટપકતું જોઈ મેં પૂછ્યું : ‘છગનલાલ, આ ટપક-ટપક ક્યાં સુધી ચાલશે?’

‘ક્યાં સુધી એટલે? હું થોડો હવામાનશાસ્ત્રી છું? અને મેં તમને ચોવીસ કલાક પાણીની સગવડ કીધેલી એ આ જ …પણ

ચોમાસા પૂરતી જ છે એ કહેવાનું ભુલાઈ ગયું, પછી શિયાળામાં વાંધો નઈ આવે ને જે કાણામાંથી પાણી ટપકે છે એજ કાણામાંથી ઉનાળામાં તડકો આવશે યુ સી વેન્ટિલેસનની મગજમારી નઈ…’

‘પણ આ દીવાલમાંથી તો ભેજ આવે છે એ..’

‘અરે ઘર હોય તો ભેજ તો આવે ને. ભેજ વિનાનું ઘર ને ઘર વગરનો ભેજ ન હોય, સમજ્યા?’

‘એ બધું સમજ્યા, પણ રસોડાની કે શૌચાલયની મૂળભૂત સગવડ જ…’

‘અરે પ્રભુ, પણ તમે રસોડાને કે શૌચાલયને શું કરશો? અત્યારે મોંઘવારીમાં બે ટંક ભોજનના ફાંફા છે… લોકોને પૂરતું ભોજન ન મળતું હોય તો રસોડામાં જમી ને શૌચાલયમાં શું કેરમ રમવા જવાનું? તમે સમજો જરા… છતાં બધાએ ભેગા મળી સરકારને અરજી કરી છે કે શૌચાલયનો ઉપયોગ બરાબર કરવો હોય તો પહેલાં બે ટંકના રોટલાની વ્યવસ્થા કરો. સામેની ચાલીમાં ૨૭ રૂમના ૧૧૫ જણા વચ્ચે ચાર શૌચાલય છે’

‘ને આ બહાર ગટરની બાજુમાં ખાડા પડ્યા છે. એ ખાડામાં કોઈ પડી જાય… આટલો ભ્રષ્ટાચાર ’ મેં કીધું.

‘અરે વ્હાલા , એ ભ્રષ્ટાચાર નથી એ ભક્તિ છે. જુઓ, ખાડામાં જે પડે એને ડોક્ટર પાસે જવું પડે એટલે ડોકટરનો અને કમ્પાઉન્ડરના પેટનો ખાડો પુરાય,

જ્યાંથી દવા લે મેડિકલવાળાના પરિવારના પેટનો ખાડો પુરાય, વીમો ઉતરાવ્યો હોય તો એમના પેટનો ખાડો પુરાય અને પડેલા ખાડા પૂરવા ફરી રેતી સિમેન્ટ જોઇએ એટલે વેપારીના પેટનો ખાડો ને જે મજૂરો ફરી એ ખાડો પૂરે એટલે એમના પેટનો ખાડો… કેટલા ગણાવું? રસ્તા પર પડેલો એક ખાડો કેટલાના પેટના ખાડા પૂરે છે?’

ત્યાં મારી નજર એમની છત્રી ઉપર પડી ‘તમારી છત્રી ઉપર જ ‘છત્રી’ કેમ લખ્યું છે?’

‘એ છત્રી એટલે છગનલાલ ત્રિપાઠી…વચ્ચેનું ટપકું પલળી ગયું છે!’

‘યુ નો, મારી પાસે એવી છત્રી હતી કે વરસાદ આવે ત્યારે ઉઘાડવા બેસું તો વરસાદ બંધ થાય ત્યારે જ ઉઘડી શકે અને આમેય અમારા એરિયામાં તો કોઈ લાંબા કાળાભમ્મર વાળવાળી સુંદર તરુણીએ સૂર્યોદય સમયે માથાબોળ નાહીને ભીજાયેલ કેશની લટોમાં હાથ ફેરવીને એના સુંદર નયનની આડે આવેલી રેશમી લટોને હટાવીને એની લાંબી ડોકને હળવેથી ઝાટકો આપે ને ત્યારે જેટલું પાણી ઊડે એટલો ઝરમર ફોરા જેટલો જ પડે છે ને સાચું કહું તો મને તો આવા વરસાદમાં પલળવાનું ગમે છે, કારણકે એ વખતે મને કોઈ રડતા જોઈ શકતું નથી…!’

આ વરસાદ એટલે શું? વર એટલે શ્રેષ્ઠ ને સાદ એટલે અવાજ

…કુદરતનો શ્રેષ્ઠ અવાજ.

તો હે રૂપિયામાં રમતા માણસો ઈશ્વર કૃપાથી આપના ત્યાં રૂપિયાનો વરસાદ વરસતો હોય તો બહાર નીકળી પેલા ફૂટપાથ પર છત અને દીવાલ વગરના ઘરમાં રહેતા ગરીબોની આંખમાંથી નીતરતા શ્રાવણ-ભાદરવાને લુંછવા પ્રયત્ન કરજો, કારણ કે તમારા બંગલા ફ્લેટ કે સોસાયટીના દરવાજા પર ઊભેલો વોચમેન તમારા દરવાજા સુધી તેને નહિં પહોંચવા દે મોસમના સમ ખાઈને કહો કે તમે એની આંખોના વરસાદને લુંછશો ને? શું કહો છો? ■

feedback@bombaysamachar.com

આજની ટૂંકી વાર્તા

રાજેશ અંતાણી

# રાતરાણીની સુગંધ

અચાનક બારી ખૂલી ગઇ....

રિયા ચમકી.

બારીમાંથી આવતો ધીમો ધીમો પવન-ગમે એવો. આખાય શરીરને સ્પર્શીને પવન આગળ નીકળી ગયો.

રિયાના શરીરમાંથી ઝણઝણાટી પસાર થઇ ગઇ. આ પવન કંઇક જુદો હતો. ધીરે ધીરે અસ્ત થતા શિયાળા પછીનો માદક પવન... આ પવનમાં કશુંક જુદુ હતું. જે આખાય શરીરને હચમચાવી ગયો. અંદર ઊંડે સુધી પહોંચી ગયેલી ઇચ્છાઓ પ્રદિપ્ત થવા લાગી.

રિયાએ ઊંડો શ્વાસ લીધો.

આસપાસ જોયું. આખાય ફલેટમાં પથરાયેલો અંધકાર. એ પલંગને અઢેલીને અંધકારને તાકી રહી હતી. બાજુના રૂમમાં વૃંદા અને શોભા ઘસઘસાટ ઊંઘી રહ્યાં હતાં. અત્યારે હવા સ્થિર થઇ ચૂકી હોય એવું લાગ્યું. પણ ખુલી બારીમાંથી મંદમંદ પવન તો આવી રહ્યો હતો. એ પવન શરીર સાથે ઘસાઇને કંઇ કેટલું યાદ કરાવી રહ્યો હતો.

રિયાએ કૌશલને ફોન જોડયો.

કૌશલનો ફોન સ્વિચ્ડ ઑફ-

રિયાએ વૉટ્સએપ મૅસેજ પણ જોયા. ક્યાંય કૌશલનો મૅસેજ ન દેખાયો. નૉન્ સૅન્સ- શું સમજે છે એના મનમાં? મારે એની સાથે ખાસ અગત્યની વાત કરવાની છે અને એ મને સતત ટાળતો રહ્યો છે.

રિયા ઉશ્કેરાઇને મનોમન બબડી. ફોન એક તરફ ફેંકીને લૅપટોપ નજીક ખેંચ્યું-ઑન કરીને જોવા લાગી. સ્ક્રીન પર આજે પૂરા કરેલાં ટાસ્ક-પ્રોગ્રામ્સ સરકવા લાગ્યા. કૌશલ અત્યારે કદાચ ઑનલાઇન હતો. રિયાએ એની પર્સનલ આઇ.ડી.માં મેઇલ કર્યો. થોડીવારે મેઇલ ડિલિટ થઇને એની આંખે સામે સ્થિર થયો.

રિયા ખુલી ગયેલી બારી બહાર જોવા લાગી.

આકાશનો અંધકાર ભરેલો ટુકડો... ક્યાંક દૂર સુધી વિસ્તરેલા તારાઓનું ઝુમખું... કેવી સ્વચ્છ અને માદક રાત છે...

રિયાની આંખો સામે કૌશલનો ચહેરો સ્થિર થયો. કૌશલની મોહક બદામી સ્થિર આંખો ચશ્માના સફેદ કાચ પાછળ, સતત ખોવાયેલી રહેતી આંખો... કૌશલને પહેલીજ વાર જોઇને મોહિત થઇ જવાયું. રિયા કૌશલને અચાનક જ મળી હતી. એ પણ એની ઑફિસમાં - પછી-

રિયાનું મન અવશ બની ગયું.

એ કૌશલને સતત યાદ કરી રહી છે.

હમણાં તો કેટલાય સમયથી મળાયું પણ નથી. વર્ક ફ્રોમ હોમને કારણે વાતો પણ એ ઑફિસના કામની. સાંજે રિયા પરવારીને કૌશલ સાથે વાતો કરવાનો પણ પ્રયત્ન કરતી. પણ એ એનો પ્રયાસ નિષ્ફળ જતો. રાતે પણ એ કામમાં ડૂબેલો હોય.

અંધકારના ટુકડાને જોતાં રિયા વિચારી રહી એ જે રીતે કૌશલને યાદ કરી રહી છે એમ એને કૌશલ યાદ કરતો હશે?

આકાશના અંધકારમાં આ પ્રશ્નનો ઉકેલ શોધવાનો હતો. રિયા વિચારતી હતી કે મારે મારા જીવન વિશે એક નિર્ણય લેવાની ક્ષણ આવી ગઇ છે. ત્યાં આ કૌશલ...

રિયા બારી બહાર ફેલાયેલા આકાશના અંધકારને તાકી રહી. રિયા બી.ઇ. કૉમ્પ્યુટર પૂરું કરીને કૅમ્પસમાં આવેલી એક-બે કંપનીમાં જોડાઇ હતી પણ ક્યાંય ફાવતું ન હતું. એ જોબ છોડીને એને ઘેર જ ભુજ પાછી ફરી હતી. પપ્પાની સલાહથી કેટલીક કંપનીઓમાં એપ્લાય કરેલું. અચાનક અમદાવાદની એક આઇ.ટી. કંપનીમાં ઑનલાઇન ઇન્ટરવ્યૂ થયો. એ સિલેક્ટ થતાં ભુજથી અમદાવાદ આવી. ગાંધીનગરમાં એના ચંદ્રા માસી રહેતાં હતાં. પ્રકાશ માસા- પ્રકાશ માસા સચિવાલયમાં સારી જગ્યાએ હતા. એમને કોઇ સંતાન ન હતું. પણ એ લોકોને રિયા પ્રત્યે ખૂબ પ્રેમ હતો.

રિયા ભુજથી આવીને એ લોકો સાથે રહેવા આવી હતી. પહેલે દિવસે કંપનીમાં હાજર થવા પહોંચી અને એમના બૉસે રિયાનું કામ જોયું પછી એમણે કહ્યું કે 'તમારે અમારા સિનિયર વૅબ ડેવલપરને કૌશલ જોશી પાસે થોડો સમય કામ કરવાનું રહેશે. પછી રિક્વાયરમેન્ટ પ્રમાણે સ્વતંત્ર કામગીરી આપવામાં આવશે.' રિયાને એમના બૉસ કૌશલ પાસે મૂકી ગયા-એમણે કૌશલ સાથે પરિચય કરાવ્યો. કૌશલને કેટલીક કામની સૂચનાઓ આપીને ચાલ્યા ગયા.

બૉસ ગયા પછી રિયા કૌશલની નજીક આવી. પી.સી. પર સ્થિર થયેલો ચહેરો ઊંચો થયો. કૌશલે રિયા તરફ જોયું. એની મોહક બદામી આંખો રિયાના ચહેરા પર સ્થિર થઇ ગઇ. રિયાનો સુંદર ચહેરો જોતાં કૌશલના ચહેરા પરના ભાવ ફરી ગયા. રિયાએ અંદર કશુંક અનુભવ્યું. જે એના સમગ્ર અસ્તિત્ત્વને કૌશલ તરફ ખેંચી રહ્યું હતું. ધીમે ધીમે સભાનતા કેળવીને કામની વાત થઇ. કૌશલે રિયાને એક પ્રોજેક્ટ સોલ્વ કરવા આપ્યો.

કૌશલની બાજુની ચેમ્બરમાં રિયા ગોઠવાઇ ગઇ. પી.સી. ઑન થતાં રિયા થડકી ગઇ. સ્ક્રીન ઑના થતાં રિયાને સ્ક્રીન પર કૌશલની મોહક બદામી આંખો સ્થિર થયેલી દેખાઇ... એ ક્ષણ પછી તો કૌશલ સાથેનો સંબંધ આગળ વધતો ગયો. કૌશલ અમદાવાદનો જ હતો. આ કંપનીમાં ઘણા સમયથી હતો. એકાદ વાર તો એ યુ.એસ. પણ જઇ આવ્યો હતો. સંબંધ આગળ વધતો જતો હતો. એકવાર રિયા કૌશલને રેસ્ટોરન્ટમાં લઇ ગઇ. કૌશલ કંઇક કામની ચિંતામાં હતો અને એ રિયા સાથે મન વગર આવ્યો હતો. ખૂણાની ટેબલ પર ગોઠવાતાં રિયાએ કૌશલને કહ્યું 'કૌશલ, આજે મારે તારી સાથે એક અગત્યની ખાસ વાત કરવાની છે.'

'હાં- કહે - બોલ-' કૌશલ બેધ્યાન હતો બહાર સડક પર જોઇ રહ્યો હતો.

આપણે ઘણા સમયથી પરિચયમાં છીએ એકબીજાને લાઇક પણ કરીએ છીએ-તો કૌશલ, આપણે લગ્ન કરી લઇએ તો

'વ્હોટ?વ્હોટ ડુ યુ મીન?'

કેમ? તું મને ચાહતો નથી?

'ના. એવું નથી. રિયા, હું તો તને ચાહું છું - બટ - યુનો- આઇ વોન્ટ ટુ બી ઓન ધ ટોપ ઇન અવર ફિલ્ડ.'

રિયા કૌશલના ભાવુક ચહેરાને જોઇ રહી- એ જાણતી હતી કે કૌશલ કેરિયર ઑરિયેન્ટેડ હતો. એની આંખોમાં સતત સમૃદ્ધ ભવિષ્યનાં સપનાં તર્યા કરતાં રિયાએ કહ્યું - તો? તું શું કહેવા માગે છે? આપણાં લગ્ન પછી પણ એ શક્ય નથી?

કૌશલના ચહેરા પરના ભાવ ફરી ગયા- એનો અવાજ પણ થોડો ભીનો અને ભાવુક થયો. અચાનક બોલ્યો 'ઑ. કે રિયા, મને થોડો સમય આપ.'

રિયાની આંખોની કિનાર ભીની થઇ ગઇ- ભીની આંખો લૂછતાં બોલી: 'વ્હોટ ડુ યુ મીન- કૌશલ - શું સમજે છે તું એક સ્ત્રીને કોઇ સ્ત્રી - કોઇ પુરુષ માટે કેટલો વખત વેઇટ કરી શકે? કૌશલ, તું ભૂલી ગયો છે- આપણા કાર્યક્ષેત્રની બહાર ઘણું બધું છે. કુટુંબ- સમાજ- આપણા- મમ્મી- પપ્પા બધા સાથે લાગણીના સંબંધો પ્રેમ...' રિયાનો અવાજ ભીનો થઇ ગયો.

કૌશલે રિયાના હાથ પર હાથ મૂક્યો. રિયાના ચહેરા પર મોહક આંખો સ્થિર કરીને કહ્યું- 'ઓહ! સૉરી રિયા, મેં તને હર્ટ કરી- નૉ વે- તારી વાત સાચી છે- હું વિચારીને મારો નિર્ણય જરૂર કહીશ.'

રિયા કૌશલનું વિચિત્ર આશ્વાસન પામી ગઇ.

એ ઊભી થઇ.

રેસ્ટોરન્ટની બહાર નીકળી ગઇ.

સમય સરકતો રહ્યો અને રિયા કૌશલના નિર્ણયની રાહ જોતી રહી.

પણ - એ પછી રિયાના જીવનમાં એક ઘટના બની હતી...

કૌશલનો કોઇ જવાબ આવ્યો ન હતો. બસ-ઑફિસના કામના કલાકોમાં, કામની વાતો થતી હતી. કોરોનાને કારણે હવે વર્ક ફ્રોમ હોમ શરૂ થયું હતું.. હવે રિયા ચંદ્રામાસી-પ્રકાશ માસા સાથે રહેતી ન હતી. એણે લૉકડાઉન પહેલાં જ વૃંદા- અને શોભા સાથે વસ્ત્રાપુરમાં ફ્લેટ ભાડે લઇ લીધો હતો. વૃંદા અને શોભા સાથે મુલાકાત પણ અચાનક એ પણ રિક્ષામાં થયેલી. વાતો કરતાં રિયા સાથે એ લોકો પણ રહેવા આવી ગયાં હતાં. વૃંદા અને શોભા બન્ને બૅન્કમાં નોકરી કરતી હતી. એ લોકોને બૅન્કમાં જવું પડતું હતું. આમ પણ બૅન્ક ત્યાંથી નજીક જ હતી. મોડેથી ઘેર આવતી અને પછી સૅનેટાઇઝ થઇને બૅન્કની વાતોમાં મચી પડતી. સાથે મળીને રસોઇ બનાવતાં- શોભા કચ્છ માંડવીથી આવતી હતી. એ વળી ક્યારેક રિયા સાથે કચ્છીમાં વાતો કરી લેતી. વૃંદા અમરેલીથી આવતી હતી - એ વાતનો અર્થ પૂછતી પછી એ લોકો હસતાં રિયાના મમ્મી-પપ્પાના ફોન સતત આવતા રહેતા... ફક્ત.

આજે સવારે રિયા કામ શરૂ કરતી હતી ત્યાં મમ્મીનો ફોન આવ્યો હતો. ટૂંકો જવાબ આપીને બપોરે લન્ચ બ્રેકમાં મમ્મી સાથે વાત કરી. મમ્મી કહેતી હતી 'રિયા, ચંદ્રાએ તારા માટે છોકરો જોઇ રાખ્યો છે. ચંદ્રાની નજીક જ રહે છે. કુટુંબ સારું છે અને છોકરો.'

'હા મમ્મી, મને ચંદ્રામાસીએ વિગતે વાત કરી છે અને પ્રકાશ માસા છોકરાનો બાયો ડેટા મેઇલ કર્યો છે. હમણાં કોરોના અને લૉકડાઉનને કારણે જઇ શકાશે નહીં. છતાં હું પ્રયત્ન કરી જોઇશ. છતાં હું પ્રયત્ન કરીશ- પપ્પાને પણ કહીં દે જે રિયા સડસડાટ બોલી ગઇ.'

મમ્મીનો ફોન કટ થયો.

મમ્મી સાથે વાત કરી લીધા પછી રિયા શૂન્ય બેસી રહી. એણે છોકરો જોવાની હા કેમ પાડી? એ તો કૌશલ- પણ કૌશલ ક્યાં જવાબ આપે જ છે?

એ રાતે રિયાએ પ્રકાશ માસાએ ઇ-મેઇલમાં મોકલેલો છોકરાનો બાયોડેટા ફરીથી જોયો. છોકરાનું નામ અંકિત હતું. એ પણ બેંગ્લૂરની કોઇ આઇ.ટી. કંપનીમાં સારી જગ્યાએ હતો. ફોટામાં એ દેખાવડો લાગતો હતો. કોણ જાણે કેમ રિયાને અંદરથી જ થયું. મારે આ અંકિતને મળવું જોઇએ કદાચ મારી નિયતિ.

એ પછી અનુકૂળ દિવસ આવી ગયો. રિયાએ ચંદ્રામાસી સાથે અને પ્રકાશ માસા સાથે વાત કરી લીધી. રિયા રવિવારે ચંદ્રામાસીને ત્યાં ગાંધીનગર પહોંચી ગઇ. સાંજે એ લોકો બધાં આવ્યા-માસ્ક પહેરીને. ચંદ્રામાસી અને પ્રકાશ માસા સાથે એ લોકોનો સંબંધ આત્મીય જણાયો. ઔપચારિક વાતો પછી રિયા અને અંક્તિ એકાંતમાં બેઠાં.

> **રિયા કૌશલના ભાવુક ચહેરાને જોઇ રહી- એ જાણતી હતી કે કૌશલ કેરિયર ઑરિયેન્ટેડ હતો. એની આંખોમાં સતત સમૃદ્ધ ભવિષ્યનાં સપનાં તર્યા કરતાં રિયાએ કહ્યું - તો? તું શું કહેવા માગે છે? આપણાં લગ્ન પછી પણ એ શક્ય નથી?**

અંક્તિની આંખો રિયાના ચહેરા પર સ્થિર હતી.

અચાનક હસીને અંકિતે રિયાને કહ્યું, 'આપણે માસ્ક ઉતારી લઇએ આપણા ચહેરા કેવા છે એ આપણને એકબીજાને કેમ ખબર પડશે?'

બન્ને હસ્યાં.

ઘણી વાતો થઇ.

પ્રાસંગિક પછી વ્યવસાયની વગેરે-

થોડીવારના મૌન પછી અંકિતે કહ્યું 'તમારો બાયોડેટા મને પ્રકાશ કાકાએ મોકલ્યો હતો. તમે માનશો ? મેં બાયોડેટા જોઇને મનથી જ અને આજે રૂબરૂ મળીને એની વે-મારી તમારી સાથે લગ્ન સંબંધમાં જોડાવાની ઇચ્છા એટલે કે હા છે- પણ ડોન્ટ માઇન્ડ તમારી ઇચ્છા જાણ્યા પછી જ.'

'હા. મારે તમને એ જ વાત કરવી હતી. હું મારો નિર્ણય તમને જો કંઇ વાંધો ન હોય તો થોડા સમય પછી - મને થોડો સમય આપોએવી વિનંતી-ઇફ્યુ.'

'અફકોર્સ -વ્હાય નોટ. હું તમારા નિર્ણય પછી જ મારો નિર્ણય જાહેર કરીશ. ડોન્ટ વરી પણ એક વાત તમને પૂછી શકું?'

'કહોને.'

'તમે ક્યાંય બીજે કોઇ સાથે જોડાયેલાં હોતો-રિયા સહમી ગઇ પછી કહ્યું, ના-એવું કશું નથી પણ મારાં કેટલાક અંગત કારણો.'

'અચ્છા કંઇ વાંધો નહીં. હું તમારા નિર્ણયની રાહ જોઇશ. તમને કદાચ ખ્યાલ હશે અમે ત્યાં સામે દેખાય છે તે મકાનમાં રહીએ છીએ-સામે પેલું ફરતી કંપાઉન્ડ વોલ અને કંપાઉન્ડ વૉલ પર ઝૂકેલી રાતરાણી- સફેદ ફૂલો રંજની ગંધાના સફેદ ફૂલોની ડાળીઓ ઝૂકેલી.'

રિયાની આંખોમાં ચમક આવી ગઇ.

રિયા ત્યાં બેસી રહી -

'આપણે બહાર જઇશું?' અંકિતે અચાનક કહ્યું.

રિયા ચમકી - એ લોકો બહાર આવ્યાં.

એ લોકો ઘેર જવા નીકળ્યાં. ત્યારે બહાર મુકવા આવેલી રિયાએ દૂરથી અંકિતનું ઘર જોયું. કમ્પાઉન્ડ વૉલ પર ઝૂકેલી રાતરાણી.

એ દિવસે રિયા, ચંદ્રા માસીને ત્યાં રોકાઇ ગઇ હતી

પણ. એ રાતે રિયાને ઊંઘ નહોતી આવી.

આજે રાતે પણ રિયાને ઊંઘ નહોતી આવતી.

હવે તરત જ નિર્ણય લેવાનો છે. આમ પણ, અંકિતને મળ્યે પણ ઘણા દિવસો પસાર થઇ ગયા છે અને આ કૌશલ-રિયાએ લેપટોપ બંધ કર્યું. બાજુ પર મૂકીને પલંગ પર પડી રહી આંખોને છત પર સ્થિર કરીને.

થોડીવાર પછી અચાનક રિયા પથારીમાં બેઠી થઇ ગઇ. લેપટોપ ઓન કર્યું. કૌશલની પર્સનલ આઇ.ડી.માં મેસેજ મૂકવા લાગી: તારા જવાબની - તારા નિર્ણયની ઘણો સમય રાહ જોઇ. તું તારા મનમાં જે કંઇ પણ વિચારતો હોય તે સમય ઘણો પસાર થઇ ગયો છે. આમ પણ, સમય કોની રાહ જોવા રોકાય છે? હું હવે મારા જીવનમાં બીજી વ્યક્તિ સાથે જોડાવા જઇ રહી છું. આ ક્ષણે આપણા સંબંધ પર પૂર્ણવિરામ હું મૂકી રહી છું- ફૂલસ્ટોપ.

રિયાએ ફરીથી ભીની આંખોથી વાંચ્યો અને કૌશલને ફોરવર્ડ કરી દીધો.

રિયાએ ફોન તરફ જોયું-અંકિત અત્યારે કદાચ જાગતો હશે.

રિયાએ અંકિતને ફોન જોડયો. અંકિતે તરત જ ફોન ઉપાડ્યો.

'યસ બોલો-રિયા...'

'તમને અત્યારે ડિસ્ટર્બ તો નથી કર્યાંને?'

'ના-ના બોલો.'

'હું મારો નિર્ણય કહેવા અત્યારે '

પણ હું તમારો નિર્ણય જાણી ગયો છું. તમારો નિર્ણય મારા નિર્ણય સાથે ભળ્યો છે- હા- કેમ? એક્ઝેટ?

'ઓહ-અરે હા- એમ જ-આપણે હવે મારા મમ્મી-પપ્પા સાથે મળીએ છીએ જેમ બને એમ જલ્દી બરાબર?!'

'હા- ચોક્કસ- હવે હું અત્યારથી જ તમારી ઘેર આવવાની રાહ જોઇશ.'

બન્ને હસી પડયાં.

ફોન મૂકીને રિયા હળવી થઇ ગઇ.

ખુલ્લી બારીની બહાર વિસ્તરેલા આકાશમાં રંગો હવે પુરાઇ રહ્યાં હતાં. અને - અને - રિયા એવું અનુભવતી હતી કે એ અને અંકિત - અંકિતના ઘરમાં નજીક અડોઅડ ઊભાં છે. આસપાસ વહેતી હવા બન્ને વચ્ચેથી પસાર થઇ રહી છે અને એ વહેતી હવામાં ભળેલી રાતરાણીની સુગંધ-એ લોકો વચ્ચેથી પસાર થઇ રહી છે.

(સમાપ્ત)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| જંગી | PEACE |
| જંજાળ | MAGIC |
| જંતર | FORMIDABLE |
| જંપ | INSECT |
| જંતુ | TROUBLE |

### ઓળખાણ પડી?




પર્વાધિરાજ તરીકે ઓળખાતા જૈન સમાજના અત્યંત મહત્ત્વના પર્વ પર્યુષણનો પ્રારંભ કઈ તિથિથી થાય છે એ કહી શકશો?

અ) શ્રાવણ સુદ પાંચમ બ) શ્રાવણ સુદ અગિયારસ ક) શ્રાવણ વદ આઠમ ડ) શ્રાવણ વદ બારસ

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ બા | ળ | ૨ પ | ણ | ■ | ૩ મા | ૪ સૂ | મિ | ૫ ચ | ૬ ત |
| ળ | ■ | ઠા | ■ | ૭ ત | લ | પ | ■ | ૮ દા | ટ |
| ૯ ક | ૧૦ ર | ણી | ય | ■ | દા | ■ | ૧૧ લ | ■ | ■ |
| ■ | હ | ■ | ■ | ૧૨ અ | ર | ૧૩ સ | પ | ૧૪ ર | સ |
| ૧૫ હા | સ્યો | ત્સ | ૧૬ વ | ■ | ■ | ૧૭ પ | ડા | વ | ■ |
| ■ | દ્ | ■ | ૧૮ ચ | મ | ત્કા | રિ | ક | ■ | ૧૯ વા |
| ૨૦ ડ | ઘા | યે | લો | ■ | ■ | વા | ■ | ૨૧ બે | ત |
| ૨૨ ન | ટ | ■ | ■ | ૨૩ મ | ૨૪ ગ | ર | ■ | વ | ■ |
| ૨૫ લો | ન | ■ | ૨૬ અ | ફ | વા | ■ | ૨૭ વા | જ | ૨૮ બી |
| પ | ■ | ૨૯ ઘી | ■ | ૩૦ ત | હ | સ | ન | હ | સ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ■ | ૩ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | | | ■ | ૮ | |
| ૯ | ૧૦ | | ■ | | ■ | | ■ | ૧૧ | |
| ૧૨ | | ■ | ૧૩ | | ૧૪ | ■ | ૧૫ | ■ | |
| ■ | ૧૬ | | ■ | ૧૭ | | ■ | | ■ | ■ |
| ૧૮ | ■ | ■ | ૧૯ | | | | ■ | ૨૦ | ૨૧ |
| ૨૨ | ૨૩ | ૨૪ | ■ | | ■ | | ૨૫ | ■ | |
| ૨૬ | | | ૨૭ | ■ | ■ | ૨૮ | | ૨૯ | |
| | ■ | ■ | ૩૦ | ૩૧ | ૩૨ | ■ | ■ | ૩૩ | |
| | ■ | ૩૪ | | | | | | ■ | |

**આડી ચાવી**

૧. શ્રાવણ વદની ચોથી તિથિ (૪)
૩. નાગપૂજાનો દિવસ (૫)
૭. પર્વતની ટોચ, શિખર (૩)
૮. માઘ મહિનો (૨)
૯. ડુંગર (૩)
૧૧. --- પડવા એટલે બરફનો વરસાદ થવો (૨)
૧૨. --- મૂંડો ટાઉં ટાઉં (૨)
૧૩. --- બા આવી- જાણીતું કાવ્ય (૩)
૧૬. પહેલાં પુરુષો માથે પહેરતા (૨)
૧૭. કિંમતી લાકડું (૨)
૧૯. સાતત્ય, નિરંતરતા (૪)
૨૦. રિસેસમાં આપણે --- ખાતાં (૨)
૨૨. તરુણ (૩)
૨૬. ઓળખાણ, વગ (૪)
૨૮. આગ્રહ, ખેંચાખેંચ (૪)
૩૦. ફજેતી, અંજામ (૩)
૩૩. વાચ, ---, મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે (૨)
૩૪. કૃષ્ણજન્મ પછીનો દિવસ (૬)

**ઊભી ચાવી**

૧. ફિલ્મ (૪)
૨. ઘરનો, આગળનો ભાગ (૩)
૩. 'નાખવું'નું આજ્ઞાર્થ (૨)
૪. ઊનું (૩)
૫. ધ્રૂજારી, તાજુબી, બનાવટી કાપડ (૩)
૬. પૂજા કરાવનાર બ્રાહ્મણ (૪)
૭. ઠંડું ખાવાનો દિવસ (૬)
૧૦. બૂમ, રાડ (૩)
૧૪. માહિતી (૩)
૧૫. મને જમુનાની --- કૃષ્ણ મળ્યા (૨)
૧૮. કૃષ્ણજન્મનો દિવસ (૫)
૨૧. રસોઇ રાંધવાનો દિવસ (૫)
૨૩. 'માગવું'નું આજ્ઞાર્થ (૨)
૨૪. અવાજ (૨)
૨૫. હકીકત, સાચું (૨)
૨૭. ધૂળ, દટાયેલું (૩)
૨૯. કાપડના વીંટા (૨)
૩૧. કાર્ય (૨)
૩૨. સહન કરો (૨)

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'ભાષા સમસ્ત સામે વિદ્રોહ પોકાર્યો' પંક્તિમાં 'વિદ્રોહ' શબ્દનો અર્થ જણાવો.

અ) ગર્જના બ) વાયરો ક) બળવો ડ) પ્રશંસા

### માતૃભાષાની મહેક

વિક્રમ સંવત્સરનો દસમો મહિનો શ્રાવણ પવિત્ર ગણાય છે. તેમાં બળેવ, શીતળા સાતમ, જન્માષ્ટમી વગેરે તહેવાર આવે છે. આ માસ ઊતરતાં વદ તેરસ, ચૌદસ તથા અમાસ એ ત્રણ આરાવારાના દિવસ કહેવાય છે. શ્રાવણ માસની પૂનમે શ્રાવણ નક્ષત્ર હોય છે તેથી આ માસનું નામ શ્રાવણ પડ્યું છે.

### સુડોકુ-૯૦૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧ | | | | ૯ | | |
| | ૯ | ૬ | ૧ | | ૪ | ૩ | ૫ | |
| ૮ | | ૨ | | | | ૧ | | ૪ |
| | ૮ | | ૯ | ૬ | | | ૧ | |
| ૨ | | ૯ | | | | ૭ | | ૮ |
| | ૭ | | | ૨ | ૮ | | ૯ | |
| ૬ | | ૫ | | | | ૪ | | ૯ |
| | ૧ | ૮ | ૨ | | ૯ | ૫ | ૩ | |
| | | ૭ | | | | ૮ | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૪ | ૨ | ૩ | ૫ | ૬ | ૮ | ૧ | ૯ |
| ૯ | ૧ | ૩ | ૭ | ૮ | ૪ | ૨ | ૫ | ૬ |
| ૫ | ૬ | ૮ | ૯ | ૨ | ૧ | ૪ | ૭ | ૩ |
| ૬ | ૨ | ૭ | ૪ | ૩ | ૯ | ૧ | ૮ | ૫ |
| ૧ | ૮ | ૪ | ૫ | ૬ | ૭ | ૯ | ૩ | ૨ |
| ૩ | ૫ | ૯ | ૨ | ૧ | ૮ | ૭ | ૬ | ૪ |
| ૪ | ૯ | ૧ | ૬ | ૭ | ૩ | ૫ | ૨ | ૮ |
| ૨ | ૭ | ૬ | ૮ | ૪ | ૫ | ૩ | ૯ | ૧ |
| ૮ | ૩ | ૫ | ૧ | ૯ | ૨ | ૬ | ૪ | ૭ |

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ AVIOPHOBIA થી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) અવસર બ) ઉડ્ડયન ક) મુસાફરી ડ) ભણતર

### ઈર્શાદ

અમે કાળચક્રની સાક્ષીએ ફર્યું તે દિશામાં ફરી ગયા,
કદી બાથ ભીડી છે મૃત્યુથી કદી જાતથીયે ડરી ગયા.

– આદિલ મન્સૂરી

### માઈન્ડ ગેમ

જો તમને સંગીતમાં રુચિ હોય તો યુરોપનું કયું શહેર 'સિટી ઓફ મ્યુઝિક' તરીકે પ્રખ્યાત છે એ ખબર હોય તો જણાવો.

અ) વિયેના બ) બર્લિન ક) મિલાન ડ) કોપનહેગન

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| દખલ | INTERFERENCE |
| દગડ | STONE |
| દંપતી | COUPLE |
| દળવું | GRIND |
| દળવું | DISLIKED |

ઓળખાણ પડી? આરારૂટ

ગુજરાત મોરી મોરી રે જોકર

ચતુર આપો જવાબ અર્થ જણાવો સંતાપ

માઈન્ડ ગેમ એડિનબર્ગ

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.


(૧) મુલરાજ કપૂર (૨) સુભાષ મોમાયા (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૭) ભારતી બુચ (૮) કિશોરકુમાર જીવણદાસ વેદ (૯) નયના હરીહર (૧૦) નીતા દેસાઈ (૧૧) હર્ષા મહેતા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા ખોના (૧૪) નુતન વિપીન શાહ (૧૫) વિપીન શાહ (૧૬) પુષ્પા પટેલ (૧૭) મીનળ કાપડિયા (૧૮) શ્રદ્ધા આશર (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) રમેશ દલાલ (૨૩) હિના દલાલ (૨૪) ઈનાક્ષી દલાલ (૨૫) જ્યોત્સના ગાંધી (૨૬) મહેશ સંઘવી (૨૭) ધવલ શાહ (૨૮) જયલંત પદમશી ચિખલ (૨૯) મનીષા શેઠ (૩૦) ફાલ્ગુની શેઠ (૩૧) મહેન્દ્ર લોઢાવિયા (૩૨) મહેશ દોશી (૩૩) વિણા સંપટ (૩૪) દેવેન્દ્ર સંપટ (૩૫) પ્રવીણ વોરા (૩૬) ભાવના કર્વે (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) અંજુ ટોલિયા (૩૯) શિલ્પા શ્રોફ (૪૦) અલકા વાણી (૪૧) ડાયના સંતોકે (૪૨) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૩) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૪૪) નયના ગિરીશ મિસ્ત્રી (૪૫) ડો. પ્રકાશ કટકિયા (૪૬) ધીરેન્દ્ર મુલરાજ (૪૭) ગીતા ઉદેશી (૪૮) પ્રતિભા પમાણી (૪૯) કિશોર સંઘરાજકા (૫૦) કમલ માટોલીયા (૫૧) અરવિંદ કામદાર (૫૨) અંબરીષ ઓઝા (૫૩) નિતીન જયંતીલાલ અજમેરા

feedback@bombaysamachar.com

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

# હૃદયનો સાચો સાથી ગણાય છે દૂધી...



સામાન્ય રીતે પ્રત્યેક ઘરમાં એક પ્રશ્ન અચૂક પૂછવામાં આવે છે, આજે સયું શાક બનશે? તેમાં જો દૂધીનું નામ લેવામાં આવે તો પરિવારના કેટલાંક સભ્યોનું નાકનું ટેરવું ઉપર થઈ જતું હોય છે. લીલીછમ પાતળી દૂધીમાં વિવિધ પોષક-ગુણો સમાયેલાં છે. દૂધી જેવું પાતળું શરીર રાખવાની ઈચ્છા હોય તેમણે દૂધીનો ઉપયોગ આહારમાં અચૂક કરવો જોઈએ. તેમાં પણ વરસાદી મોસમમાં વેલાના શાકનું સેવન કરવાની સલાહ નિષ્ણાત આહાર તજજ્ઞો આપતાં હોય છે. દૂધી તો બારેમાસ મળતી શાકભાજી ગણાય છે. દૂધી માટે એવું કહેવાય છે કે જેટલો પ્રેમ આપણે આપણાં હૃદયથી કરતાં હોઈએ છીએ તેટલો જ પ્રેમ આપણે હૃદયના સાચા સાથી તરીકે ઓળખાતી દૂધીથી કરવો જોઈએ. કેમ કે જ્યારે પણ હૃદયના સ્વાસ્થ્યની વાત કરવામાં આવતી હોય છે, ત્યારે દૂધી વરદાન સમાન ગણાય છે. આયુર્વેદની સાથે આધુનિક શોધ દ્વારા સાબિત થયું છે કે દૂધીનું સેવન ખરાબ કૉલેસ્ટ્રોલને ઘટાડવાની સાથે ટ્રાઈગ્લિસરાઈડને ઘટાડવામાં મદદ કરે છે . દૂધીનો ઉપયોગ આહારમાં કરતાં પહેલાં તેનો સ્વાદ કડવો નથી તેની ખાસ ચકાસણી કરી લેવી જોઈએ. કેમ કે અનેક વખત ચાખ્યા વગર દૂધીનો ઉપયોગ કરવાથી તે કડવી હોય તો સ્વાસ્થ્ય માટે ફાયદાને બદલે નુકસાનકારક બની જતી હોય છે.

દૂધી બે પ્રકારની હોય છે એક લાંબી પાતળી તો બીજી ગોળ. આયુર્વેદમાં દૂધીને ઔષધી તરીકે ઓળખવામાં આવે છે. દૂધીને સંસ્કૃતમાં અબાલૂ, મહાફલા કે તુમ્બી તરીકે ઓળખવામાં આવે છે. દૂધીનું વાનસ્પતિક નામ લૈજીનૈરિયા સિસેરેરિયા છે. કુકુરબિચેસી કુળની ગણાય છે. અંગ્રેજીમાં બૉટલ ગૌર્ડ તરીકે ઓળખાય છે. તો હિન્દીમાં તુમ્બી, ઘીયા, લૌઆ, પંજાબીમાં તુમ્બા, ઘીયા કે કેદ્દૂ, મલયાલમમાં ગારાડૂડી કે બેલ્લાશોરા, બંગાળીમાં કોડૂલી કે તિકાલો ગુજરાતીમાં દૂધી, તુંબડ કે દૂધિયો, મરાઠીમાં દૂધ્યા કે ભોપલા કહેવામાં આવે છે.

દૂધીમાં ડાયેટરી ફાઈબરનું પ્રમાણ ભરપૂર સમાયેલું હોય છે. તેમ જ વિવિધ વિટામિન જેવા કે વિટામિન એ, વિટામિન બી, વિટામિન સી, વિટામિન ઈ, વિટામિન કેના ગુણોની માત્રા હોય છે. આયર્ન, પોટેશિયમ, મૅગ્નેશિયમ, ફૉલેટની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી જોવા મળે છે. દૂધીનું સેવન ડાયાબિટીસના તેમજ હૃદય રોગના દર્દીઓ માટે અત્યંત ગુણકારી ગણાય છે. પાચનક્રિયામાં સુધારો લાવવામાં મદદરૂપ ગણાય છે.

દૂધીનો ઉપયોગ આહારમાં વિવિધ રીતે કરી શકાય છે, દૂધીનો હલવો, દૂધીનો દૂધપાક, દૂધીના મૂઠિયાં, દૂધીના થેપલાં, દૂધીનું શાક, દૂધી-ચણાદાળનું મિક્સ શાક, દૂધીના કોફ્તા, દૂધીનું ફરાળી છીણ, હાંડવો બનાવતી વખતે તેમાં ખાસ દૂધીના છીણનો ઉપયોગ કરવામાં આવે છે. જેથી જે વ્યક્તિ દૂધીનું સેવન પસંદ ના કરતી હોય તે પણ કરવા લાગે છે.

### દૂધી અનેક લોકોનું પસંદગીનું શાક ગણાય છે. દૂધીના સ્વાસ્થ્યવર્ધક લાભ

**પાચનતંત્રને સુધારવામાં ગુણકારી :** દૂધીમાં ફાઈબરની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. વળી દૂધીમાં કુદરતી રીતે પાણીની માત્રા વધુ હોય છે. જેથી તેનો ઉપયોગ કરવાથી પેટમાં જમા થયેલ મળ સરળતાથી શરીરમાંથી બહાર નીકળી જાય છે. જેને કારણે વ્યક્તિ તાજગી અનુભવે છે. દૂધી પચવામાં હલકી હોવાથી જેમને પાચન સંબંધિત તકલીફ રહેતી હોય તેને માટે દૂધીનું શાક કે જ્યૂસ સારો ઉપાય ગણાય છે. કબજિયાત કે પેટ ફૂલવાની સમસ્યા ધરાવતી વ્યક્તિ માટે દૂધી એક સારો પર્યાય ગણાવી શકાય.

**ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી :** દૂધીનું સેવન ડાયાબિટીસના દર્દીઓ માટે શ્રેષ્ઠ આહાર ગણાય છે. કેમ કે દૂધીમાં ફાઈબર, પોટેશિયમ સમાયેલાં છે. જેને કારણે લોહીમાં શર્કરાની માત્રાને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

**હૃદય રોગના દર્દીઓ માટે ઉત્તમ શાક :** દૂધીનું સેવન પાચનમાં હલકું હોય છે. હૃદય રોગના દર્દીઓ માટે દૂધીનો વિવિધ રીતે આહારમાં ઉપયોગ ફાયદાકરક માનવામાં આવે છે. વહેલી સવારે દૂધીનો રસ પીવાથી ડાયાબિટીસ નિયંત્રણમાં રહે છે. તેમ જ હૃદયની તંદુરસ્તી જાળવી રાખવામાં મદદ કરે છે.

**ત્વચા માટે ગુણકારી :** દૂધીમાં વિટામિન સી તથા વિટામિન ઈની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જે ત્વચાની તંદુરસ્તી જાળવવાની સાથે ચમકદાર બનાવવામાં મદદ કરે છે. દૂધી પાણીદાર શાકમાં સ્થાન ધરાવે છે. જેથી તેનું સેવન કરવાથી ત્વચા મુલાયમ બની જાય છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં ગુણકારીઃ** શરીરને દૂધી જેવું પાતળું રાખવાની ઈચ્છા હોય તેમણે દૂધીનું સેવન વારંવાર કરવું જરૂરી છે. ૧ કપ દૂધીમાં (૧૪૫ ગ્રામ) ૨૨ કેલરીની માત્રા સમાયેલી હોય છે. દૂધીનું શાક, થેપલાં કે તેનો જ્યૂસ પીવાથી વધી ગયેલું વજન ઝડપથી નિયંત્રણમાં લાવી શકાય છે. કેમ કે દૂધીમાં ફાઈટોન્યૂટ્રિઅન્ટસની માત્રા જોવા મળે છે,

**કૉલેસ્ટ્રોલને વધતું રોકે છે :** દૂધીનો નિયમિત આહારમાં સમાવેશ કરવાથી હૃદય સંબંધિત વિવિધ તકલીફથી બચી શકાય છે. સ્વાસ્થ્ય માટે હાનિકારક કૉલેસ્ટ્રોલને ઘટાડવામાં ઉપયોગી ગણાય છે.

**છાતીમાં બળતરા તથા એસિડીટીની સમસ્યામાં રાહતદાયક :** વધુ પડતાં મસાલાવાળા આહારને કારણે અનેક વખત છાતીમાં બળતરા થતી હોય છે. આવા સંજોગોમાં મસાલાયુક્ત આહારને થોડો સમય બંધ કરવો જોઈએ. દૂધીનું સેવન કરવાથી એસિડીટીની સમસ્યાથી રાહત મળે છે કેમ કે દૂધી ક્ષારીય પ્રકૃતિ ધરાવે છે.

ભારતમાં બિહાર રાજ્ય દૂધીના ઉત્પાદનમાં પ્રથમ સ્થાન ધરાવે છે. પટણા, મુઝફરનગર, ભાગલપુરમાં દૂધીની ખેતી મોટા પ્રમાણમાં થતી જોવા મળે છે. બીજા ક્રમાંકે મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ, પંજાબ, ગુજરાત, હરિયાણા, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ, ઓરિસ્સા તથા આસામ આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ૩.૭૭ મેગાટન દૂધીનું ઉત્પાદન ભારતમાં થયું હતું. ■

### દૂધીનો જ્યૂસ બનાવવાની રીત

**સામગ્રી :** ૧ નંગ પાતળી-કૂણી દૂધી, ૧૦ નંગ ફુદીનાના પાન, ૧ ચમચી છીણેલું આદું,૧ ચમચી શેકેલું જીરૂ, સ્વાદાનુસાર સંચળ-૧ ચમચી લીંબુનો રસ



**બનાવવાની રીત :** દૂધીનો જ્યૂસ બે રીતે બનાવી શકાય છે પ્રથમ રીતમાં દૂધીની છાલ ઉતારીને તેને બાફી લેવામાં આવે છે. તો બીજી રીતમાં દૂધીને છોલીને કાચી મિક્સરમાં ક્રશ કરીને તેનો જ્યૂસ બનાવવામાં આવે છે. દૂધીના ટુકડાને મિક્સરમાં રાખ્યા બાદ તેમાં ફૂદીનાના પાન, શેકેલાં જીરાનો પાઉડર, લીંબુનો રસ, સ્વાદાનુસાર સંચળ ભેળવીને તેને એકરસ કર્યા બાદ તુરંત જ રસ પીવો જોઈએ. રસ જેટલો તાજો પીવામાં આવે છે તેટલો તે વધુ ફાયદાકારક ગણાય છે.

feedback@bombaysamachar.com

આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# ઊંઘ પછી વ્યાયામ પણ એટલો જ જરૂરી છે...

**અત્યાર સુધી આપણે આ કોલમમાં નિરોગી જીવનના બે મુખ્ય સ્થંભઃ આહાર ઊંઘની તબક્કાવાર વિસ્તારથી વાત કરી. હવે ઊંઘની વાત પૂરી કરી આરોગ્યના ત્રીજા અગત્યના એવા વ્યાયામની વાત પર આવીએ...**

અનિયમિત જીવન શૈલીને કારણે ઊંઘ પર આડ અસર વર્તાય છે.

**અનિયમિત જીવનશૈલીઃ**

આજના સમયમાં રાત્રે મોડે સુધી જાગીને કામ કરવામાં જ લોકો આનંદ અનુભવતા હોય છે, પરંતુ ઊંઘની ગુણવત્તા મેલેટોનિન હોર્મોન સાથે જોડાયેલી છે. અને તે હોર્મોન રાત્રિના ૧૦થી સાવરના ૫ વાગ્યા સુધી વધુ સક્રિય હોય છે. તેથી તે સમયની ઊંઘ શરીર માટે વધુ ફાયદાકારક હોય છે. એક જ વ્યક્તિએ રાત્રે સરખા કલાકોની અલગ અલગ સમયે લીધેલી ઊંઘ શરીરમાં તદ્દન અલગ અલગ અસર કરતી હોય છે. તેની વિગત નીચે દર્શાવેલ છે.

ઊંઘની સાંકળ એટલી મહત્ત્વની છે કે, શરીરનું તમામ સંતુલન તેને આધારિત હોય છે. ઊંઘની સાંકળ અસ્ત-વ્યસ્ત થતા શરીરમાં પ્રથમ પાચનતંત્ર સંબંધી બીમારીઓ પ્રવેશે છે. અને ત્યાર પછી શરીરમાં ધીરે-ધીરે અનેક બીમારીઓ પ્રવેશે છે. આથી જે લોકો રાત્રે મોડે સુધી જાગીને કામ કરે છે અને સવારે વહેલા ઊઠતા નથી એ આજીવન નાની ઉંમરથી જ પાચનતંત્ર સંબંધી બીમારીઓના શિકાર બની શકે છે.

**નોંધઃ** રાત્રે સૂતાં પહેલાં નશીલા, ખાટાં અને તીખા પદાર્થો ન લેવા. દારૂ અને સિગારેટનું વ્યસન ઊંઘ સંબંધી કાયમી બીમારી ઉત્પન્ન કરે છે.

સારી નિદ્રા માટે નિમ્ન લિખિત કોઈ પણ પ્રયોગ કરી શકાય છે.

૧. સૂતાં પહેલાં ઠંડાં પાણી વડે હાથ-પગ ધોઈ, પગનાં તળિયે અને કપાળે ઘી ઘસવું.

૨. બંને નાકમાં ગાયનાં ઘીનાં ૨-૨ ટીપાં નાખવાં.

૩. રાત્રે ૨થી ૪ ગ્રામ અશ્વગંધા ચૂર્ણ દૂધ સાથે લેવું.

૪. રાત્રે સૂતી વખતે ૪ ગ્રામ ખસખસ વાટીને સાકર અને મધ સાથે અથવા સાકર અને ઘી સાથે લેવી.

૫. દૂધમાં ખાંડ તથા ગંઠોડાનું ચૂર્ણ નાખી ઉકાળીને પીવું.

૬. ૧ કપ હૂંફાળા દૂધમાં ૨ ચમચી મધ નાખીને પીવું.

૭. ચોથા ભાગના જાયફળનું ચૂર્ણ પાણી સાથે લેવું.

૮. સૂતાં પહેલાં અડધો કપ આમળાનો જ્યૂસ પીવો.

૯. સૂતાં પહેલાં ૨ પાકાં કેળાં ખાવાથી ઊંઘ સારી આવે છે.

૧૦. રાત્રે ગરમ પાણીમાં સહેજ મીઠું નાખી તેમાં પગનાં તળિયાં ૫થી ૧૦ મિનિટ રાખવા. પછી વાટકીથી દેશી એરંડિયું ઘસવું.

૧૧. સૂતાં પહેલાં ભેંશનું દૂધ લેવું નિદ્રા લાવવા માટે શ્રેષ્ઠ છે.

**વ્યાયામ કેટલો અગત્યનો...?**

આજના યુગમાં રોગની માત્રા ખૂબ જ વધતી જાય છે. પહેલાં ક્યારેય સાંભળ્યા પણ ન હોય તેવા અનેક રોગ આજે સાંભળવા અને જોવા મળે છે. આજે ખૂબ જ નાની ઉંમરના વ્યક્તિઓ ડાયાબિટીસ, બ્લડપ્રેશર, કોલેસ્ટરોલ અને હાર્ટએટેક જેવા રોગના શિકાર બને છે, કેમ કે આજે આહારની પસંદગી જંક - કચરા જેવી જ છે. આપણને પીત્ઝા, બર્ગર, સેન્ડવીચ જેવી મેંદાની વાનગીઓમાં વધુ ખેંચાણ છે. તેમ જ ખૂબ જ ભારે ખોરાક ખાઈએ છીએ, પરંતુ



આજની વૈભવશાળી જીવનશૈલીના કારણે જીવનમાં શ્રમનો સદંતર અભાવ છે. વળી, આપણે શાંતિથી જમવાનો કે સૂવાનો સમય પણ નથી આપતા તો શ્રમ માટે સમય આપીએ એવા ડાહ્યા ક્યાંથી હોઈએ ?

આપણે પ્રાણાયામ અને યોગાસનને બિનજરૂરી અને સમયનો બગાડ ગણીએ છીએ, પરંતુ એ નથી જાણતા કે, આ તો આળસુવૃત્તિ જ છે. આજે આપણને નિત્ય વ્યાયામ કરવાની શ્રદ્ધા અને ઉત્સાહ પણ નથી, પરંતુ એ યાદ રાખવું પડશે કે, આવી ખોટી ગાફલાઈ જ આપણને શારીરિક અને માનસિક રીતે સ્વસ્થ નહીં રહેવા દે.

આજે વિશ્વમાં ૮૦% યુવાપેઢી કોઈ પણ પ્રકારના શારીરિક શ્રમ વિનાનું બેઠાડુ જીવન વીતાવે છે. તેમજ વિશ્વમાં થતાં મૃત્યુના મુખ્ય ૧૦ કારણમાંનું એક કારણ આપણું શ્રમરહિત જીવન છે. વળી, વિશ્વમાં રોજ ૨૬૦૦ જેટલા લોકો માત્ર બેઠાડુ જીવન જીવવાને કારણે મૃત્યુ પામે છે.

આજે વિશ્વભરમાં ડાયાબિટીસનો રોગ બનનારામાં ભારતની યુવાપેઢી પ્રથમ નંબરે છે, કેમ કે છેલ્લાં ૨૦ વર્ષમાં ભારતની યુવાપેઢીમાં શ્રમની મહત્તા ખૂબ જ ઘટી ગઈ છે. લોકો ટી.વી., મોબાઈલ, સિનેમાં વગેરે પાછળ ખૂબ જ સમય બગાડતા હોય છે અને તેની ખરાબ અસર તેમના સ્વાસ્થ્ય ઉપર થાય છે.

**ટી.વી.ના કારણે લોકોના શરીર પર થતી અસરઃ**

આજે આપણે નાની બીમારી પણ સહન કરી શકતા નથી અને તેને દૂર કરવા માટે અનેક દવાઓના ખોટા રસ્તે ચડી જઈએ છીએ, પરંતુ જો આપણે પોતાને સુશિક્ષિત ગણતા હોઈએ તો આવી દવાઓના ગુલામ બનવા કરતાં રોજ થોડો શ્રમ કરીને શું સ્વસ્થ જીવન ન જીવી શકીએ...?

ઘણા લોકો એવું માનતા હોય છે કે, માત્ર પૌષ્ટિક આહાર લેવાથી સ્વસ્થ અને નિરોગી રહી શકાય છે, પરંતુ શ્રમ અને આહારનું યોગ્ય સંતુલન જ શરીરને નિરોગી અને સ્વસ્થ્ય રાખે છે.

**આસન પ્રાણાયામ વ્યાયામથી થતા ફાયદા પ્રાચીન ગ્રંથો અનુસાર :**

કસરતથી શરીર હલકું થાય છે, કાર્ય કરવાની શક્તિ આવે છે, જઠરાગ્નિ પ્રદીપ્ત થાય છે, ચરબી ઓછી થાય છે અને શરીરના અવયવો એકબીજાથી જુદા તરી આવે તેવા ઘાટીલા અને સુદૃઢ બને છે.

* શારીરિક શ્રમથી ભારે ખોરાક વ્યવસ્થિત પચી શકે છે, અને તેથી પાચનતંત્રની અનેક બીમારીઓથી વગર દવાએ બચી શકાય છે.

* પાચનતંત્ર તથા શરીરની રોગપ્રતિકારક શક્તિ ખૂબ જ સતેજ બને છે. આથી શરીર અનેક બીમારીઓનો સામનો સહજતાથી કરી શકે છે.

* શરીર વ્યવસ્થિત લોહી બનાવી શકે છે અને આહારમાંથી મહત્તમ પોષકતત્ત્વો ગ્રહણ કરી શકે છે.

**આજ રીતે ‘સુશ્રુતના ગ્રંથ અનુસાર :**

સ્થૂળતા (ચરબી) ઘટાડવા માટે વ્યાયામ સમાન બીજી કોઈ સારવાર નથી...

* પ્રાણાયામ કરવાથી શરીરના તમામ અંગો જેવાં કે, ફેફસાં, હૃદય, પેટ, નાનાં-મોટા આંતરડાં, લીવર, મૂત્રાશય, કિડની, મગજ વગેરે અંગો ખૂબ શુદ્ધ અને સક્રિય થતાં, તે બધાં વધુ નિરોગી અને બળવાન બને છે.

તે કરવાથી વ્યક્તિની સ્મરણશક્તિ, બુદ્ધિશક્તિ, મેધાશક્તિ, એકાગ્રશક્તિ તથા મન ઉપરની નિયંત્રણશક્તિ ખૂબ વધી જાય છે.

તે કરવાથી શરીરમાં એક નવી ઊર્જા અને ચેતના પેદા થાય છે. જેથી સ્ટ્રેસ, ડિપ્રેશન જેવી માનસિક બીમારીઓ નાબૂદ થાય છે.

તે કરવાથી નકારાત્મક વિચારો ઘટે છે અને હકારાત્મક વિચારો વધે છે. આથી સહનશક્તિ, ધીરજતા અને આત્મવિશ્વાસમાં વૃદ્ધિ થાય છે.

તે કરવાથી બ્રહ્મચર્ય અતિ દૃઢ થાય છે. કેમ જે, તે વીર્યની ઊર્ધ્વગતિ કરીને સ્વપ્નદોષ અટકાવે છે.

પ્રાણાયામ ભગવાનનું ધ્યાન કરવામાં ખૂબ જ ફાયદારૂપ છે, કેમ કે તે કરવાથી મન અત્યંત સ્થિર, શાંત અને પ્રસન્ન બને છે તેમજ ઈન્દ્રિયોની ચંચળતા ખૂબ જ ઘટે છે.

તેથી શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ફાયદાઓ માટે આળસ અને ગાફલાઈનો ત્યાગ કરીને શ્રદ્ધા અને ઉત્સાહપૂર્વક નિયમિતપણે ૨૫ થી ૩૦ મિનિટ પ્રાણાયામ અને યોગાસનો તો અવશ્ય કરવા જોઈએ. ■

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# હિડન હંગરઃ એક છુપાયેલી ભૂખ કે કુપોષણ?



આજના આધુનિક સમયની વિશ્વવ્યાપી ફેલાયેલી મોટી તકલીફ એ છે હિડન હંગર (એક છુપાયેલી ભૂખ) એટલે કે એક પ્રકારના કુપોષણની સ્થિતિ જેમાં વ્યક્તિમાં આવશ્યક ખનિજો અને વિટામિનની ઓછપ છે. આના લક્ષણ કે સંકેત જલદી દેખાતા નથી પણ સુક્ષ્મ રીતે પોષક તત્ત્વોની ખામીથી વ્યક્તિ ગ્રસ્ત હોય છે. આનો સ્પષ્ટ પ્રભાવ એટલે એનિમિયા અથવા ઘેંઘા રોગ છે. આ તકલીફ દવા, સિરપ લેવાથી મટતી નથી. પોષક તત્ત્વોથી યુક્ત ભોજનની ઓછપ આજના સમયમાં એક ગંભીર પડકાર છે. આ ઓછપ જયાં ગરીબી કે ભોજનના સંસાધનની ઓછપ છે ત્યાં થાય તો માની શકાય પણ વિકસિત શહેરો, વિકસિત વ્યક્તિઓ કે આર્થિક રીતે સંપન્ન વ્યક્તિઓમાં જયારે દેખાય છે તો તે ગંભીર છે. આ હિડન હંગર આધુનિક શૈલીથી જીવતા લોકો, કામકાજી લોકો, યુવા વર્ગમાં કામકાજ કરતી સ્ત્રીઓ અને તેમના બાળકોમાં હવે વધુ જણાવવા લાગી છે. આર્થિક ઉપાજન માટે સ્ત્રીઓ કામકાજ કે ઓફિસ માટે વધુ સમય આપે છે. ત્યારે તેઓ સંપૂર્ણ ભોજન પોતાના માટે કે બાળકો માટે બનાવી શકતી નથી. યુવા વર્ગ કામકાજના કારણે વધુ સમય બહાર રહેતા હોવાથી કે સમયના અભાવના કારણે પૂર્ણ ભોજન તેમને પ્રાપ્ત થતું નથી. પાતળા દેખાવાની હોડ કે પાગલપનના કારણે લોકો પૂર્ણ ભોજનનો ત્યાગ કરે છે, અથવા અમુક પ્રકારનો ખોરાક અને ઓછો ખોરાક લે છે તેના કારણે આ તકલીફ વધુ જણાય છે, લોકો પૂર્ણ ભોજનનું મહત્ત્વ સમજતા નથી, તેના કારણે હિંડન હંગરનો શિકાર બને છે તેને કારણે એનિમિયા જેવી બીમારીથી પીડાય છે. ભોજન પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ, ખનિજ તત્ત્વ, વિટામિનવાળુ હોવું જરૂરી છે.

સમયની ઓછપના કારણે કે પાતળા રહેવાની ઘેલછાના કારણે પોષણયુક્ત ભોજનને તેઓ લેતા જ નથી. કામકાજ કરતી સ્ત્રીઓ બાળક માટે પૂર્ણ ભોજન નથી બનાવતી તે ચીપ્સ, પીઝા બ્રેડની આઇટમો, બજારું વસ્તુઓથી પેટ ભરે છે. પેટ ભરાય છે પણ તેમાંથી સૂક્ષ્મ પોષણ મળતું નથી. ઘણી સ્ત્રીઓ આળસને કારણે પૂર્ણ ભોજન બનાવતી નથી. ફકત પાઉંભાજી (તે પણ ઘણીવાર બાહ્ય હોય છે) ફક્ત વડા, ફક્ત બર્ગર જેવી એકાદ વસ્તુથી જ પેટ ભરે છે, પોષણ ન મળતા એનિમિયા થઇ જાય છે. સાંઇઠ પછી થતી બીમારીઓ હવે પચ્ચીસથી ત્રીસ વર્ષની આયુમાં દેખાવા લાગી છે.

એક વર્ગ એવો છે જે વિગન વસ્તુઓ જ ફકત ભોજન વાપરે છે. અથવા ફકત ફળો ખાઇને જ રહે છે. અથવા ફકત શાકભાજી ખાઇને રહે છે. તેઓ આ હિડન હંગરના શિકાર બને છે. ઘણી વ્યક્તિ પોતાની ભૂખને મારે છે. તેઓ ફકત સલાડ જ ખાય છે અથવા કીટો ડાઇટ લઇ બહુ જ પાણી પીએ છે. તેમને લાગે છે અમે પેટ ભરી લીધું. બે પ્રકારની જરૂરિયાત શરીરને હોય છે. એક એનર્જી જોઇએ અને બીજી ન્યૂટ્રિએટસ જોઇએ. જયારે પૂર્ણ ભોજન નથી લેતા ત્યારે શરીરમાં ખામી વર્તાય છે. એક વિદેશી મહિલા જે વીગન ડાયટ પર વધુ નિર્ભર હતી તેણે કહ્યું કે દૂધ નહીં પીવું, શાકભાજી અને ફળો ખાઇશ. ધીરે ધીરે તે એનીમીક થઇ ગઇ અને મરણ પામી. પૂર્ણ ભોજન અને એ પણ પોષણવાળુ જરૂરી છે. હિડન હંગરથી અત્યારે યુવા વર્ગ પીડાય છે. એનાથી વિટામિન-બી કેલ્શિયમ અને આયર્નની કમી થઇ જાય છે.

આજની સ્ત્રીઓને પારંપારિક રસોઇ બનાવતા નથી આવડતી. આળસને લીધે જમવાનું એક જ પ્રકારનું બનાવે છે. આને કારણે એનિમિયા થાય છે. જેમાં કાફ મસલ્સનો દુખાવો થાય છે. (ગોઠણની નીચેના મસલ્સ) લિથાર્જ (થકાવટ) આ એવી થકાવટ છે કે સૂઇ જઇએ તો ઉઠવાનું મન ન થાય. પથારીમાં રહેવું જ ગમે. લેક ઓફ કન્સ્ટ્રેશન (ફોકસ) ન થવું, રિપીટેટિવ માઉથ અલ્સર (મોઢામાં છાલા પડવા) વિટામિન બીની ઊણપ ઇરીટેશન થવું (કોઇપણ કામ કે વસ્તુમાં મન ન લાગવું) હિમોગ્લોબીનની ઊણપ જેને કારણે પિરિયડમાં તકલીફો થવી, આખું શરીર દુખવું. પોષક તત્ત્વોની ઓછપ હાર્મોનનું બેલેન્સ બગડતા શરીર ફૂલવા લાગે. થકાવટને કારણે માનસિક સંતુલન બગડે ઘણીવાર વજન વધુ પ્રમાણમાં ઓછું થઇ જાય છે. બાળકોમાં હિડન હંગરને કારણે ખૂબ જ પતલા થઇ જાય છે. ભણવામાં મન લાગતું નથી. ચિડચિડા થઇ જાય છે. હાડકાં નરમ થઇ જાય છે. બાળકો વધુ ચીપ્સ ખાવામાં લે છે તેમાં સોડિયમની તકલીફો થાય છે. ચીપ્સથી પેટ ભરાતું નથી પણ સ્વાદને કારણે તેઓ વધુ ખાય છે. તેથી એક પ્રકારનું કુપોષણ જણાય છે. ચોકલેટના કારણે આયર્ન કમી થાય છે.

હિડન હંગર એ કુપોષણ છે તે સમજાયું હશે. કોઇપણ એક જ ખાદ્ય પદાર્થનો ઉપયોગ વધુ ન કરવો સમતોલ આહાર લેવો ભલે દિવસમાં એકવાર લો પણ પૂર્ણ ભોજન લો. પૂર્ણ ભોજનમાં એક મોટો કપ સુપ, થોડી સલાડ, રોટલી, શાક, ચટણી, દાળ-ભાત, હિંગવાળી છાસ કયારેક પાપડ લેવું (વધુ પડતા પાપડ ન ખાવા) ઢોકળા, હાંડવો, વડા જેવી વસ્તુઓ અઠવાડિયામાં બે વખત રાખવી આમાં પણ કેલ્શિયમ સારા પ્રમાણમાં છે. સાંજના ફળો અને થોડું ભોજન લેવું. કારણ વગર ભૂખ્યા ન રહેવું. કેમિકલવાળા પદાર્થો પ્રીઝર્વવેટીવવાળા પદાર્થો કે બજારું ખાદ્ય-પદાર્થને ટાળવા. તળેલા પદાર્થનું સમતુલન રાખવું.

ભારત સરકાર હિડન હંગરની સમસ્યા દૂર કરવા પ્રયાસ કરી રહી છે. ખાદ્ય અને કૃષિ સંગઠન (ફૂડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઇઝેશન ૠઅઘ)ની ૭૫મી વર્ષગાંઠે આયોજિત એક સમારોહમાં આઠ પ્રકારની ખાદ્ય વસ્તુઓને બાયોફોર્ટીફાઇડ (ઇશજ્ઞ-ૠજ્ઞાિંરશયમ) પ્રજાજાતિયો સમર્પિત કરી છે. એટલે કે ખાદ્ય વસ્તુઓમાં પોષણનું સ્તર વધારવું. જેમ કે બટેટામાં આયર્નનું સ્તર વધારવું બટાટા જયાં ઊગે છે તેની માટીમાં આયર્ન વધારી દેવું જેથી બટેટામાં આયર્નનું સ્તર વધે છે. બટાટા ભારતમાં સૌથી વધુ ખવાય છે. (માટીમાં ખનિજ તત્ત્વોની વૃદ્ધિ કરવી) એક રિપોર્ટ અનુસાર લગભગ ભારતમાં બે મિલિયન મહિલા અને બાળકોમાં આયર્ન અને વિટામિન એ ની ખામી વધુ જણાઇ. વિટામિન ડીની ઊણપથી ડાયાબિટીસની સમસ્યા સર્જાય છે.

અત્યારના યુવા વર્ગને એ સમજવાની જરૂર છે. જંકફૂડથી બચવું. પેટ ભરાય પણ પોષક તત્ત્વોની ખામી થઇ જાય છે. બીમારી આવે છે. કેમિકલવાળા ફોર્ટીફાઇડ ફૂડ ન લેવા. જેમ કે ઘઉંના લોટના પેકેટ પર ૠલિખેલું હોય, તે કેમિકલવાળું છે. નમકમાં આયોડીન કેમિકલવાળું છે. આ કેમિકલથી પોષણ મળતું નથી. તહેવારોની મોસમ છે બહારના ખાદ્ય પદાર્થની જાણકારી લઇ વાપરવું.

પશ્ચિમી અનુકરણ નુકસાન દાયક છે. તેઓ નોનવેજ વધુ ખાય છે. જેથી તેમને પાણીની જરૂર વધુ પડે છે. તેથી આપણે પાણી વધુ પીવું જરૂરી નથી. ફકત તરસ લાગે ત્યારે પાણી પીવું વધુ પાણી પીવાથી સોડિયમ કેલ્શિયમનો લોસ (ઘટાડો) થાય છે. પશ્ચિમમાં ખાવાની પદ્ધતિ જુદી છે. માંસ પચાવા માટે તેમણે વધુ સલાડ (પાણીવાળી વસ્તુઓ)ની જરૂર વધારે પડે છે. ભારતીય ભોજન એ સમતોલ અને શ્રેષ્ઠ આહારની શ્રેણીમાં છે. ડાયટીશ્યન અને પ્રોડકાસ્ટ કરવાવાળા લગભગ ગેરમાર્ગે દોરી રહ્યાં છે. જાણી લો કે કેમિકલ અને પ્રીઝર્વવેટીવથી દૂર રહેવું. આજની સ્ત્રીઓએ બાળકને પૂર્ણ ભોજન મળે તેનું ધ્યાન રાખવું. જુદા જુદા પ્રકારની રાબ આપવી. છાસ કે દૂધ નાખી રાબ બનાવી શકાય છે. જુદા જુદા પ્રકારના દલિયા શાકભાજી નાખીને બનાવવી. મીઠી ખારી રાબ અને દલિયા એ શરીરમાં પોષણ માટેનો મોટો સ્રોત છે.

ભારતમાં અનેકો પ્રકારની પારંપારિક વાનગીઓ બને છે તેને બનાવવાની કળા શીખવી જરૂરી છે. તહેવારોમાં અનેક પ્રકારની સ્વાસ્થ્ય લક્ષી વાનગીઓની ભરમાર છે. ■

# અમેરિકન શૅરબજારોના સુધારા સાથે એફઆઈઆઈના ઈન્ફ્લોના બળે સેન્સેક્સમાં ૭૪૬ પોઈન્ટનો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સપ્તાહના પહેલા દિવસે અમેરિકન શેરબજારોના સુધારા સાથે એફઆઇઆઇના ઇન્ફલોના ટેકાના બળે સેન્સેક્સે સુસ્ત શરૂઆતને ખંખેરીને ૭૪૬ પોઇન્ટનો સુધારો નોંધાવ્યો હતો. બીએસઇ બેન્ચમાર્ક સેન્સેક્સ સોમવારે ૭૪૬ પોઈન્ટ વધીને ૮૦,૦૦૦ પોઇન્ટના સ્તરની ઉપર બંધ થયો હતો. વિદેશી ભંડોળના આંતરપ્રવાહ વચ્ચે ઓઇલ, ઓટો અને બેંકિંગ શેરોમાં નવેસરની લેવાલી જોવા મળી હતી.

સેન્સેક્સ ૭૪૬.૨૯ પોઈન્ટ અથવા ૦.૯૩ ટકાના ઉછાળા સાથે ૮૦,૬૦૪.૦૮ પોઇન્ટના સ્તર પર સ્થિર થયો હતો. બેન્ચમાર્કના ત્રીસમાંથી ૨૬ શેરમાં સુધારો જોવા મળ્યો હતો. દિવસ દરમિયાન, તે ૭૭૮.૨૬ પોઈન્ટ અથવા ૦.૯૭ ટકાના ઉછાળા સાથે ૮૦,૬૩૬.૦૫ પોઇન્ટની સપાટીએ પહોંચ્યો હતો. નિફ્ટી ૨૨૧.૭૫ પોઈન્ટ અથવા ૦.૯૧ ટકા વધીને ૨૪,૫૮૫.૦૫ પોઇન્ટના સ્તરે સ્થિર થયો હતો.

ત્રણ મહિનાના નીચલા સ્તર પછી બજારમાં આ સત્રમાં રાહતનો માહોલ જોવા મળ્યો હતો; સકારાત્મક વૈશ્વિક સંકેત અને એફઆઇઆઇએ ધીમી ગતિએ ફરી લેવાલી શરૂ કરી હોવાથી બજારના સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો. રોકાણકારો આ અઠવાડિયે આગામી યુએસ-રશિયા સમિટનું સકારાત્મક મૂલ્યાંકન કરી રહ્યા છે, જે કદાચ ભૂ-રાજકીય તણાવમાં ઘટાડો લાવવાનો માર્ગ આપી શકે છે, એમ જણાવતાં જિયોજિત ઇન્વેસ્ટમેન્ટ્સ લિમિટેડના સંશોધન વડા વિનોદ નાયરે કહ્યું હતું કે, જ્યારે નજીકના ગાળામાં સાવધાની હજુ પણ પ્રવર્તી શકે છે, ત્યારે યુએસ વેપાર અને વિકાસદર પરની અસરનું વધુ ચોક્કસ મૂલ્યાંકન હજુ સુધી પૂર્ણ થયું નથી.

સેન્સેક્સ કંપનીઓમાં, ટાટા મોટર્સ, ઇટર્નલ, ટ્રેન્ટ, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા, અલ્ટ્રાટેક સિમેન્ટ અને લાર્સન એન્ડ ટુબ્રો ટોચના વધનારા શેરોમાં સામેલ હતા, જ્યારે ભારત ઇલેક્ટ્રોનિક્સ, ભારતી એરટેલ અને મારુતિ ટોપ લુઝરમાં સામેલ હતા. બીએસઇ પર લગભગ ૧૨૦ શેર તેમના બાવન અઠવાડિયાના ઉચ્ચતમ સ્તરને સ્પર્શ્યા હતા, જેમાં સાઈ લાઇફ સાયન્સ, પેટીએમ, ઇન્ડિયન બેંક, ફોર્ટિસ હેલ્થકેર, નુવોકો વિસ્ટાસ, દિલ્હીવેરી, ઇક્લેર્ક્સ સર્વિસીસ વગેરેનો સમાવેશ થાય છે.

સ્ટોક-સ્પેસિફિક કામકાજમાં, નબળા પરિણામને કારણે સીગલ ઇન્ડિયાના શેરમાં ચાર ટકાનો કડાકો જોવા મળ્યો હતો, ગ્રાસીમ ઇન્ડસ્ટ્રીઝના શેર પોઝિટિવ પરિણામોને કારણે બે ટકા વધ્યા, મોટા બ્લોક ડીલ પછી હોમ ફર્સ્ટ ફાઇનાન્સના શેરના ભાવમાં ૬ ટકાનો વધારો થયો, નફા અને આવકમાં ઉછાળાને કારણે ડોમ્સ ઇન્ડસ્ટ્રીઝના શેરમાં ૧૨ ટકાનો વધારો થયો, પરિણામો અંદાજ ચૂકી ગયા હોવાથી વોલ્ટાસના શેરમાં પાંચ ટકાનો ઘટાડો થયો, પરિવારના સભ્ય દ્વારા પ્રમોટરને નોટિસ પાછી ખેંચી લેવામાં આવ્યા પછી સન ટીવીના શેરમાં વધારો થયો અને નિરાશાજનક પરિણામોને કારણે મણપ્પુરમ ફાઇનાન્સના શેરમાં એક ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો.

પ્રાઇમરી માર્કેટમાં શ્રીજી શિપિંગ ગ્લોબલનો રૂ. ૪૧૦.૭૧ કરોડનો બુકબિલ્ડિંગ ઇશ્યૂ ૧૯ ઓગસ્ટના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૧ ઓગસ્ટના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૨ ઓગસ્ટના રોજ અને એનએસઇ, બીએસઇ પર લિસ્ટિંગ ૨૬ ઓગસ્ટે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૪૦થી રૂ. ૨૫૨ પ્રતિ શેર નક્કી કરવામાં આવી છે. અરજી માટે લોટ સાઈઝ ૫૮ શેરનો છે.

એ જ રીતે, પટેલ રિટેલ લિમિટેડનો રૂ. ૨૪૨.૭૬ કરોડનો બુકબિલ્ડિંગ આઇપીઓ ૧૯ ઓગસ્ટના રોજ સબ્સ્ક્રિપ્શન માટે ખુલશે અને ૨૧ ઓગસ્ટના રોજ બંધ થશે. શેરની ફાળવણી ૨૨ ઓગસ્ટે અને એનએસઇ તથા બીએસઇ પર લિસ્ટિંગ ૨૬ ઓગસ્ટે થશે. પ્રાઇસ બેન્ડ રૂ. ૨૩૭થી રૂ. ૨૫૫ પ્રતિ શેર નક્કી કરવામાં આવ્યો છે. અરજી માટે લોટ સાઈઝ ૫૮ શેરનો છે.

એનએસડીએલના શેરમાં આગેકૂચ ચાલુ રહી હતી, આઇપીઓ લોન્ચ થયા પછીથી અત્યાર સુધીમાં તેના શેરમાં લગભગ ૮૦ ટકા જેવો વધારો થયો છે. સવારના સત્રમાં તે ૯.૬ ટકાના વધુ ઉછાળા સાથે રૂ. ૮૦૦ના આઇપીઓ ભાવ સામે રૂ. ૧૪૨૫ બોલાયો હતો. શેરનું લિસ્ટિંગ રૂ. ૮૮૦ના ભાવે થયું હતું. પીજી ઇલેક્ટ્રોપ્લાસ્ટના શેરના ભાવમાં પાછલા સત્રના ૨૩ ટકાના જોરદાર કડાકા બાદ સોમવારના સવારના સત્રમાં વધુ ૧૫ ટકાનો કડાકો બોલાયો હતો. નુવામાએ લક્ષ્ય ભાવમાં ઘટાડો કર્યો છે અને વિશ્લેષકોએ વધુ ઘટાડાની ચેતવણી આપી છે.

એસીના વેચાણમાં વાર્ષિક ધોરણે પ્રથમ ક્વાર્ટરના ચોખ્ખા નફામાં ૫૮ ટકાનો ઘટાડો થયો હોવાના અહેવાલ પછી વોલ્ટાસના શેરમાં આઠ ટકા સુધીનો કડાકો જોવા મળ્યો હતો. હેલ્થ ટેકનોલોજી અને ઇનોવેશન ક્ષેત્રે ગ્લોબલ લીડર ફિલિપ્સે વર્લ્ડ બ્રેસ્ટફીડીંગ વીક નિમિત્તે ભારતમાં ફિલિપ્સ એવેન્ટ હેન્ડ-ફ્રી ઇલેક્ટ્રિક બ્રેસ્ટ પમ્પની રજૂઆત કરી છે. આ ઉપરાંત ફિલિપ્સ એવેન્ટ અને એપોલો ક્રેડલ એન્ડ ચિલ્ડ્રન હોસ્પિટલે આ સંદર્ભે નવા માતાઓને સહાય કરવા માટે વ્યૂહાત્મક ભાગીદારીની જાહેરાત પણ કરી છે.

સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય રૂટ પર કામગીરી ધરાવતી સંકલિત એર કાર્ગો સોલ્યુશન્સ કંપની એફકોમ હોલ્ડિંગ્સ લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પહેલા ક્વાર્ટરના અનઓડિટેડ નાણાકીય પરિણામમાં વાર્ષિક ધોરણે ૧૯૮.૧૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૧,૮૮૯ કરોડની કુલ આવક, ૪,૨૫૫.૫ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૭૦૭ લાખનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

નવા બચત ખાતાઓ માટે લઘુત્તમ બેલેન્સની જરૂરિયાતમાં વધારો થયા પછી આઇસીઆઇસીઆઇ બેંકના શેરમાં પ્રારંભિક સત્રમાં એક ટકાનો ઘટાડો થયો હતો, જોકે, પાછળથી તે રિકવર થઇ ગયો હતો. પ્રથમ ત્રિમાસિક ગાળાના મજબૂત પરિણામો પછી બ્રોકરેજિસે લક્ષ્ય ભાવ વધાર્યો હોવાથી સ્ટેટ બેન્કના શેરમાં ઉછાળો જોવાયો હતો.

એ જ રીતે, પ્રથમ ક્વાર્ટરના પરિણામો જાહેર થયા પછી ટાટા મોટર્સના શેરમાં એક ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો.

અમેરિકન પ્રમુખ ટ્રમ્પના ટેરિફ ટેરરિઝમ અંગેની ચિંતા અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલીએ ભારતીય શેરબજારના બેન્ચમાર્ક ઇન્ડેક્સને સતત છઠ્ઠા સતાહે નેગેટિવ ઝોનમાં ધકેલી દીધા હતા. કોર્પોરેટ સેકટરના મિશ્ર નાણાંકીય પરિણામ, એફઆઇઆઇની એકધારી વેચવાલી, રૂપિયામાં ઘટાડો અને આરીબઆઇની આક્રમક નીતિએ પણ રોકાણકારોના સેન્ટિમેન્ટ પર નકારાત્મક અસર કરી હતી.

પાછલા અઠવાડિયા દરમિયાન, બીએસઇનો બેન્ચમાર્ક સેન્સેક્સ ઇન્ડેક્સ ૭૪૨.૧૨ પોઈન્ટ અથવા ૦.૯૨ ટકા ઘટીને ૭૯,૮૫૭.૭૯ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો, જ્યારે એનએસઇનો બેન્ચમાર્ક નિફ્ટી ઇન્ડેક્સ ૨૦૨.૦૫ પોઈન્ટ અથવા ૦.૮૨ ટકા ઘટીને ૨૪,૩૬૩.૩૦ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો.

એશિયન બજારોમાં, શાંઘાઈનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ હકારાત્મક ક્ષેત્રમાં સ્થિર થયો જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી નજીવો નીચો રહ્યો. જાપાનમાં બજારો રજાને કારણે બંધ રહ્યા હતા. યુરોપિયન બજારો મોટાભાગે નીચા સ્તરે ટ્રેડ કરી રહ્યા હતા. શુક્રવારે યુએસ બજારો ઊંચા મથાળે બંધ થયા હતા.

વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ શુક્રવારે રૂ. ૧,૯૩૨.૮૧ કરોડના મૂલ્યના ઇક્વિટી શેર ખરીદ્યા હોવાનું એક્સચેન્જ ડેટામાં જણાવાયું હતું. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૦.૪૫ ટકા ઘટીને ૬૬.૨૯ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું. શુક્રવારે, સેન્સેક્સ ૭૬૫.૪૭ પોઈન્ટ અથવા ૦.૯૫ ટકા ઘટીને ૭૯,૮૫૭.૭૯ પોઇન્ટ પર સ્થિર થયો હતો. નિફ્ટી ૨૩૨.૮૫ પોઈન્ટ અથવા ૦.૯૫ ટકા ઘટીને ૨૪,૩૬૩.૩૦ પોઇન્ટ પર બંધ થયો હતો. ■

# ખાંડમાં ₹ ૧૦થી ૧૨નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગત શુક્રવારે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૯૦થી ૩૯૪૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિકમાં ગત શનિવારની રક્ષા બંધન તથા નારિયેળી પૂર્ણિમાની રજા તેમ જ ગઈકાલની રવિવારની એમ બે દિવસની રજા પશ્ચાત્ સ્ટોકિસ્ટોની નીકળેલી છૂટીછવાઈ લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં ક્વિન્ટલે રૂ. ૧૦થી ૧૨નો અને મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઉછાળો આવ્યો હતો. તેમ જ નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૧૦ વધી આવ્યા હતા. ■

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

BRIHANMUMBAI MAHANAGARPALIKA

હાઈડ્રોલીક એન્જિનિયર્સ ડિપાર્ટમેન્ટ/ડે. હાઈડ્રોલીક એન્જિનિયર (ભાંડુપ કોમ્પ્લેક્સ)

ઈ-ટેન્ડર નોટિસ

| | |
|---|---|
| બીડ આમંત્રણ નં. | ૨૦૨૫_MCGM_૧૨૦૭૩૭૪_૧ |
| વિષય | કેમીકલ સેક્શન ભાંડુપ કોમ્પ્લેક્સ ખાતે પૂરી ક્લોરીન ન્યુટ્રલાઈઝેશન સિસ્ટમ (લીક એબ્સોર્પ્શન સિસ્ટમ)ની બદલી. |
| બીડનું વેચાણ | તા. ૧૨.૦૮.૨૦૨૫, ૧૧.૦૦ ક. થી તા. ૦૨.૦૯.૨૦૨૫, ૧૬.૦૦ ક. |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક અધિકારી | આસિસ્ટન્ટ એન્જિનિયર (કેમીકલ) B.C. |
| A) નામ | શ્રી બી. ડી. રહાતે (૦૨૨-૨૫૬૫૮૫૪૧, ૦૨૨-૨૫૬૫૮૫૧૨) (૯૮૧૯૯૭૭૫૪૨) |
| D) ઈ-મેલ એડ્રેસ | eetcwbc.he@mcgm.gov.in / dyhebc@yahoo.com |

સહી/-
એક્ઝિક્યુટીવ એન્જિનિયર (T.C.W.)
ભાંડુપ કોમ્પ્લેક્સ i/c.

PRO/1230/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન

W/૬૨૩/NIT/૧ ઈ-ટેન્ડર નોટીસ તારીખ: ૦૮.૦૮.૨૦૨૫

ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી વેબસાઈટ www.ireps.gov.in પર ઈ-ટેન્ડર દ્વારા *ઓપન ટેન્ડર* મંગાવે છે વિગતો નીચે મુજબ છે:-

| ક્ર. નં. | ઈ-ટેન્ડર નં. & કામનું નામ | અંદાજિત મૂલ્ય રૂ. | રૂ.માં બાના રકમ |
|---|---|---|---|
| ૧ | RTM-૨૦૨૫-૨૬-૮૦ | રૂ. ૪,૫૯,૪૭,૯૮૨.૦૯ | રૂ. ૩,૭૯,૭૦૦.૦૦ |
| | લક્ષ્મીબાઈનગર - ડૉ. આંબેડકર નગર સેક્શન - ટ્રેક સાઈડ સાથે અને સ્ટેશન અપ્રોચેસમાં B/વોલની જોગવાઈ (કુલ - ૫.૮૦ કિમી) | | |
| ૨ | RTM-૨૦૨૪-૨૫-૧૫૨R૧ | રૂ. ૧,૯૩,૦૨,૯૬૨.૧૪ | રૂ. ૨,૪૬,૫૦૦.૦૦ |
| | ચાંદેરિયા - રતલામ - ખંડવા સેક્શન :- ઈલેક્ટ્રિક વર્ક સહિત સંપ, ઓવર હેડ ટેન્ક અને વોટર પાઈપ લાઈનની જોગવાઈ દ્વારા વોટરિંગ વ્યવસ્થાની વૃદ્ધિ. | | |
| ૩ | RTM-૨૦૨૫-૨૬-૮૩ | રૂ. ૧,૦૦,૦૦,૦૦૦.૦૦ | રૂ. ૨,૦૦,૦૦૦.૦૦ |
| | RTM-KNW સેક્શન - ADEN DADN સેક્શનમાં બ્રિજોની વાર્ષિક રિપેર અને જાળવણીનું બેલેન્સ વર્ક. | | |
| ૪ | RTM-૨૦૨૫-૨૬-૮૬ | રૂ. ૯૭,૫૨,૩૯૬.૭૮ | રૂ. ૧,૯૫,૧૦૦.૦૦ |
| | DADN:- સ્ટેશન અને કોલોની રોડમાં રિપેર. | | |
| ૫ | RTM-૨૦૨૫-૨૬-૮૨ | રૂ. ૧,૩૫,૩૬,૫૧૩.૪૮ | રૂ. ૨,૧૭,૭૦૦.૦૦ |
| | ગૂડસ શેડ ખાતે કામચલાઉ સુવિધાઓની સનાવાદ વિકાસ. | | |
| ૬ | RTM-૨૦૨૫-૨૬-૮૧ | રૂ. ૨,૩૪,૦૯,૩૪૭.૧૯ | રૂ. ૨,૬૭,૧૦૦.૦૦ |
| | ચાંદેરિયા - ઘોસ્વાસ સેક્શન - સ્ટાફ ક્વાર્ટર્સમાં વોટર સપ્લાય અને ડ્રેનેજ સુવિધામાં સુધારણા (COR, SMP, GRF & NBH Rly કોલોની) | | |
| ૭ | RTM-૨૦૨૫-૨૬-૮૭ | રૂ. ૧,૧૨,૪૦,૧૮૭.૮૩ | રૂ. ૨,૦૬,૨૦૦.૦૦ |
| | ૧. ચાંદેરિયા - રતલામ TFR (ERC & લાયનર્સ) - ૬૧.૮૮૦ Tkm, TFR - (GRSP ફક્ત) - ૭૭.૯૮૫ Tkm સહિત લૂપ લાઈન્સ & ૨. રતલામ ખંડવા - TFR (ERC + લાઈનર + GRSP) -૩૭.૪૮ Tkm, TFR (ERC + લાયનર્સ) - ૩૪.૭૪૭ Tkm, TFR (GRSP ફક્ત) - ૪૪.૭૫૩ Tkm સહિત લૂપ લાઈન | | |

અંદાજિત જથ્થોઃ- ટેન્ડર શેડ્યૂલ મુજબ, ટેન્ડર ફોર્મની કિંમતઃ Nil, પૂર્ણતાનો સમયગાળોઃ- ક્ર.નં. ૧ & ૩, ૧૫ મહિના, ક્ર.નં. ૨, ૪, ૫, ૬ & ૭, ૧૨ મહિના, કામનો સમાન પ્રકારઃ ક્ર.નં. ૧, ૩, ૪, ૫ & ૬, કોઈપણ સિવિલ એન્જિનિયરીંગ વર્ક, ક્ર.નં. ૨, RCC ઓવરહેડ ટેન્ડરનું બાંધકામ, ક્ર.નં. ૭, કોઈપણ ટ્રેક વર્ક, વેબસાઈટ પર અપલોડ કરવાની તારીખઃ ૦૮.૦૮.૨૦૨૫, ટેન્ડરની ખોલવાની તારીખઃ ૦૫.૦૯.૨૦૨૫. વિગતવાર ટેન્ડર નોટીસ, પાત્રતા માપદંડ અને નિયમો અને શરતો વેબસાઈટ www.ireps.gov.in પર ઉપલબ્ધ છે.

5/1/177 ડિવિઝનલ રેલવે મેનેજર (WA) રતલામ

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

# યુક્રેનના મુદ્દે અમેરિકા-રશિયાની વાટાઘાટો પર રોકાણકારોની નજરઃ વૈશ્વિક સોનું એક ટકો તૂટતાં સ્થાનિકમાં શુદ્ધ સોનું ₹ ૯૮૫ તૂટીને ₹ એક લાખની અંદર

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આજે સપ્તાહના આરંભે લંડન ખાતે રોકાણકારોની ખાસ કરીને રશિયા-યુક્રેન વચ્ચે યુદ્ધ વિરામ માટે આગામી ૧૫મી ઑગસ્ટના રોજ યોજાનારી અમેરિકા અને રશિયા વચ્ચેની વાટાઘાટો પર તેમ જ આવતીકાલે મંગળવારે જાહેર થનારા અમેરિકાના જુલાઈ મહિનાના ફુગાવાના ડેટા પર રોકાણકારોની નજર હોવાથી આજે સત્રના આરંભે સોનાના હાજર ભાવમાં એક ટકા જેટલો અને વાયદામાં ખાસ કરીને અમેરિકાની ગોલ્ડ બારની આયાત સામેની ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે બે ટકા જેટલો ઘટાડો આવ્યો હતો. તેમ જ ચાંદીના ભાવમાં પણ એક ટકા જેટલો ઘટાડો આવ્યો હોવાના અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૮૧થી ૯૮૫ના ઘટાડો આવ્યો હતો, જેમાં શુદ્ધ સોનાએ રૂ. એક લાખની સપાટી ગુમાવી હતી, જ્યાર ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૨૩૧નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સોનામાં વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ સાથે સ્ટોકિસ્ટો અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ તેમ જ ઊંચા મથાળેથી જ્વેલરી ઉત્પાદકો તથા રિટેલ સ્તરની માગ પણ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૯૮૧ના ઘટાડા સાથે રૂ. ૯૯,૫૫૭ના મથાળે અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૯૮૫ના ઘટાડા સાથે રૂ. ૯૯,૯૫૭ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે ચાંદીમાં વિશ્વ બજાર પાછળ સ્ટોકિસ્ટો અને રોકાણકારોની છૂટીછવાઈ વેચવાલી સામે ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી તથા જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહેતાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૨૩૧ના ઘટાડા સાથે રૂ. ૧,૧૩,૫૦૧ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગત શુક્રવારના બંધ સામે ૧.૧ ટકા ઘટીને ઔંસદીઠ ૩૩૬૨.૧૪ ડૉલર આસપાસ અને વાયદામાં ખાસ કરીને સોનાના બાર પર અમેરિકી ટૅરિફની સ્પષ્ટતાના અભાવ વચ્ચે ભાવ ૨.૧ ટકા ઘટીને ૩૪૧૮.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ એક ટકો ઘટીને ઔંસદીઠ ૩૭.૯૩ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યાના અહેવાલ હતા.

આગામી ૧૫મી ઑગસ્ટના રોજ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પ અને રશિયન પ્રમુખ વલ્દમિર પુતીન યુક્રેનના મુદ્દે અલાસ્કા ખાતે મળશે, એમ ગત શુક્રવારે ટ્રમ્પે જણાવ્યું હોવાથી ભૂરાજકીય તણાવ હળવો થવાના આશાવાદે આજે સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હોવાનું સિટી ઈન્ડેક્સનાં વિશ્લેષક મેટ્ટ સિમ્પસને જણાવ્યું હતું. વધુમાં આવતીકાલે (મંગળવારે) અમેરિકાના જુલાઈ મહિનાના ફુગાવાના ડેટા જાહેર થતાં ફેડરલ રિઝર્વના નીતિવિષયક વલણ અંગેનો અંદાજ મળે તેમ હોવાથી રોકાણકારોએ સાવચેતીનો અભિગમ અપનાવ્યો હોવાનું જણાવતા તેમણે ઉમેર્યું હતું કે જો ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહે તો સોનાના ભાવ દબાણ હેઠળ આવી શકે છે. તેમ છતાં હાલના ડિસ્કાઉન્ટને ધ્યાનમાં લેતા રોકાણલક્ષી માગનો ટેકો મળી શકે છે.

તાજેતરનાં અમેરિકાના જોબ ડેટા અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બર મહિનામાં વ્યાજદરમાં કાપ મૂકે અને વર્ષના અંત આસપાસ બીજી વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે. વધુમાં અમેરિકા ચીન વચ્ચેની ટ્રેડ ડીલની મુદત આવતીકાલે પૂરી થઈ રહી હોવાથી રોકાણકારોની નજર અમેરિકા ચીન વચ્ચેની વાટાઘાટો પર પણ મંડાયેલી છે. વધુમાં ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમૅક્સ વિભાગ પર દૂર ડિલિવરીનાં ઓળીયાની સંખ્યા ગત આઠમી ઑગસ્ટના રોજની સરખામણીમાં ૧૮,૯૬૫ વધીને ૧,૬૧,૮૧૧ની થઈ હોવાના અહેવાલ હતા. ■

# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: ટ્રમ્પના ટૅરિફની અનિશ્ચિતતા વચ્ચે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ કોપર સહિતની તમામ ધાતુઓમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્ટોકિસ્ટોની માગ અનુસાર મિશ્ર વલણ જોવા મળ્યું હતું. સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટો તથા વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે મુખ્યત્વે નિકલ, લીડ ઈન્ગોટ્સ, કોપર સ્ક્રેપ હેવી, કોપર કેબલ સ્ક્રેપ, કોપર આર્મિચર અને કોપર યુટેનિસલ્સ સ્ક્રેપમાં કિલોદીઠ રૂ. એકથી સાતનો સુધારો આવ્યો હતો, જ્યારે સ્ટોકિસ્ટોની વેચવાલી અને નિરસ માગે ટીન, બ્રાસ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને ઝિન્ક સ્લેબમાં કિલોદીઠ રૂ. એકથી ૧૦નો ઘટાડો આવ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મુખ્યત્વે નિકલ અને કોપર સ્ક્રેપ હેવીમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૩૪૭ અને રૂ. પાંચ વધીને રૂ. ૮૪૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે કોપર કેબલ સ્ક્રેપ અને કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૫૩ અને રૂ. ૮૨૮ તથા કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૭૬૬ અને રૂ. ૧૮૪ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે ટીન તથા બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી અને નિરસ માગ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૩૦૦૧ અને રૂ. પાંચ ઘટીને રૂ. ૬૦૫ના મથાળે રહ્યા હતા, જ્યારે આજે સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૫૬૩ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એકના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૨૫૯ અને રૂ. ૨૭૨ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર વાયરબાર તથા એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં છૂટીછવાઈ માગ જળવાઈ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૨૦ અને રૂ. ૨૧૭ના મથાળે ટકેલા રહ્યાના અહેવાલ હતા. ■

# ડૉલર સામે રૂપિયો ૧૭ પૈસા તૂટ્યો નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે તેલ આયાતકારોની ડૉલરમાં વ્યાપક લેવાલી ઉપરાંત વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં તથા ડૉલર ઈન્ડેક્સમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સત્ર દરમિયાન જોવા મળેલો ૧૦ પૈસાનો સુધારો ધોવાઈ ગયો હતો અને સત્રના અંતે ગત શુક્રવારના બંધ સામે ૧૭ પૈસા નબળો પડીને ૮૭.૭૫ના મથાળે બંધ રહ્યો હતો.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત શુક્રવારના ૮૭.૫૮ના બંધ સામે સાધારણ સુધારા સાથે ૮૭.૫૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૭૫ અને ઉપરમાં ૮૭.૪૮ સુધી મજબૂત થયા બાદ અંતે ૧૭ પૈસાના ઘટાડા સાથે સત્રના નીચા ૮૭.૭૫ના મથાળે રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગત શુક્રવારે ડૉલર સામે રૂપિયો સાંકડી વધઘટે અથડાઈ ગયો હતો.

એકંદરે આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટના સુધારાને ધ્યાનમાં લેતા ડૉલર સામે રૂપિયામાં સત્રના આરંભે ધીમો સુધારો જોવા મળ્યો હતો, પરંતુ વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના ભાવમાં વધારો થવાથી અને ઈક્વિટીમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોનાં બાહ્યપ્રવાહની ભીતિ વચ્ચે રૂપિયામાં સુધારો ધોવાયો હોવાનું મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધીએ જણાવતાં ઉમેર્યું હતું કે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી રૂપિયાને દબાણ હેઠળ રાખે છે, પરંતુ તેની સામે ડૉલરની નરમાઈ અમુક અંશે ટેકો પણ પૂરો પાડી રહી છે.

દરમિયાન આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૦૩ ટકા વધીને બેરલદીઠ ૬૬.૬૧ ડૉલર અને ડૉલર ઈન્ડેક્સ આગલા બંધ સામે ૦.૧૦ ટકા વધીને ૯૮.૨૮ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો.

જોકે, આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનસએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૭૪૬.૨૯ પૉઈન્ટનો અને ૨૨૧.૭૫ પૉઈન્ટનો જોવા મળેલો સુધારો તેમ જ ગત શુક્રવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૯૩૨.૮૧ કરોડની ચોખ્ખી લેવાલી રહી હોવાથી રૂપિયામાં ધોવાણ મર્યાદિત રહ્યું હોવાનું સૂત્રોએ ઉમેર્યું હતું. ■

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ચી. એન્જિ./M&E/૩૦૮૯ તા. ૧૧.૦૮.૨૦૨૫ના

ઈ-ટેન્ડર નોટિસ

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન લાયક બિડરો પાસેથી ''આઈટમ રેટ ધોરણે'' નીચેના કામો માટે ઈ-ટેન્ડરો મંગાવે છે. બીડ પ્રારંભ તારીખ & સમય અને બીડ સમાપ્તિ તારીખ & સમય ''ટેન્ડર'' સેક્શન હેઠળ MCGMની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં ઉલ્લેખેલ છે. ઈ-ટેન્ડર BMC પોર્ટલ (http://portal.mcgm.gov.in) પર તેમજ NIC પોર્ટલ https://mahatenders.gov.in પર ઉપલબ્ધ છે.

| | |
|---|---|
| વિષય | ૧. KEM હોસ્પિટલ, પરેલની પ્રિમાઈસિસમાં મેઈન બિલ્ડિંગનું મેજર સુધારણા. ૨૦૨૫_MCGM_૧૨૦૭૮૫૦_૧<br>૨. ઈસ્ટર્ન ફ્રીવેના અનિક પાંજરાપોળ ટ્વીન ટનલ ખાતે પાવર સપ્લાય વ્યવસ્થાના અપગ્રેડેશનનું કામ. ૨૦૨૫_MCGM_૧૨૦૭૮૫૧_૧<br>૩. મેટ્રો સબવે 'A' વોર્ડમાં એરિંગનો સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. ૨૦૨૫_MCGM_૧૨૦૭૮૫૨_૧<br>૪. આસીસ્ટન્ટ એન્જિનિયર (વોટર વર્ક્સ) ઓફિસ 'A' વોર્ડ ખાતે સંલગ્ન ઇલેક્ટ્રિકલ કામો અને ઓફિસ સેટઅપ સાથે નવીનીકરણ. ૨૦૨૫_MCGM_૧૨૦૭૮૫૭_૧ |
| ટેન્ડર વેચાણઃ | ૧. ૧૨/૦૮/૨૦૨૫ સ. ૧૧.૦૦ ક.થી ૦૩/૦૯/૨૦૨૫ સાં. ૪.૦૦ ક. સુધી.<br>૨. ૧૨/૦૮/૨૦૨૫ સ. ૧૧.૦૦ ક.થી ૦૩/૦૯/૨૦૨૫ સાં. ૪.૦૦ ક. સુધી.<br>૩. ૧૨/૦૮/૨૦૨૫ સ. ૧૧.૦૦ ક.થી ૦૩/૦૯/૨૦૨૫ સાં. ૪.૦૦ ક. સુધી.<br>૪. ૧૨/૦૮/૨૦૨૫ સ. ૧૧.૦૦ ક.થી ૦૩/૦૯/૨૦૨૫ સાં. ૪.૦૦ ક. સુધી. |
| પ્રી બીડ તારીખ | ૧. ૨૧.૦૮.૨૦૨૫ બ. ૦૧.૦૦ ક.<br>૨. ૨૦.૦૮.૨૦૨૫ બ. ૦૧.૦૦ ક.<br>૩. ૨૧.૦૮.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક.<br>૪. ૨૦.૦૮.૨૦૨૫ સ. ૧૧.૦૦ ક. |
| લિગલ/ટ્રેડ નામઃ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| GSTIN નં. | 27AAALM0042L3Z4. |
| સંપર્ક વ્યક્તિઃ | એક્ષિક્યૂટિવ એન્જિનિયર મિકેનિકલ (E.I.) કંસ. |
| a) નામઃ | શ્રી. મનોજ વાનખેડે |
| b) ટેલિ. નં. | ૨૪૯૫૮૧૫૩ |
| c) મોબાઈલ નં. | ૯૬૩૭૩૪૧૦૦૪ |
| d) ઈ-મેલ સરનામુંઃ | eemecheiconst.me@mcgm.gov.in |

ઈચ્છુક ટેન્ડરોએ ટેન્ડરની વધુ વિગતો માટે http://portal.mcgm.gov.in ખાતે મ્યુનિસિપલ વેબસાઈટની મુલાકાત લો.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ દ્વારા ઈશ્યૂ કરવામાં કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-
એક્ષિ. એન્જિ. મિકે. (E.I.) કંસ.

PRO/1257/ADV./2025-26

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

# ટ્રમ્પની ટૅરિફની ભારતીય નિકાસ પર અસર વિવિધ પરિબળોને આધીનઃ નાણાં મંત્રાલય

નવી દિલ્હીઃ ટ્રમ્પનાં ટેરિફની ભારતીય નિકાસ પરની અસર માગ, ગુણવત્તા અને કરારોની સુવિધાઓ જેવાં જુદા જુદા પરિબળો પર અવલંબિત રહેશે, એમ તાજેતરમાં સંસદમાં જણાવાયું છે.

આજે લોકસભામાં એક પ્રશ્નનો લેખિતમાં ઉત્તર આપતા રાજ્યકક્ષાના નાણાં પ્રધાન પંકજ ચૌધરીએ જણાવ્યું હતું કે સરકારે ખેડૂતો, એન્ટરપ્રિન્યોર, નિકાસકારો, એમએસએમસીના કલ્યાણને અને તેનાં પ્રોત્સાહનને વધુ મહત્ત્વ આપ્યું છે અને અમે રાષ્ટ્રીય હિત સાચવવા માટે જરૂરી તમામ પગલાં લેશું. યુએસએ દ્વારા લાદવામાં આવેલા રેસિપ્રોકલ ટૅરિફને કારણે ભારતીય ગૂડ્સની નિકાસ પર થનારી અસર અંગે સરકારે કોઈ આકારણી કરી છે કે કેમ તે અંગેના પ્રશ્નનો ઉત્તર આપતા તેમણે કહ્યું હતું કે અમેરિકી ટૅરિફની ઉત્પાદનમાં વૈવિધ્યતા, માગ, માલની ગુણવત્તા અને કરારો અંતર્ગતની સુવિધાઓ જેવાં વિવિધ પરિબળોની ભારતીય નિકાસ પર સંયુક્તપણે અસર જોવા મળશે. ■

# જુલાઈ મહિનામાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોનો આંતરપ્રવાહ ૮૧ ટકા વધ્યો

નવી દિલ્હીઃ ગત જુલાઈ મહિનામાં ખાસ કરીને થીમેટિક અને ફ્લેક્સિ ફંડમાં રોકાણકારોનો આંતરપ્રવાહ વધતાં ઈક્વિટી મ્યુચ્યુઅલ ફંડોમાં આંતરપ્રવાહ ૮૧ ટકા વધીને રૂ. ૪૨,૭૦૨ કરોડની સપાટીએ રહ્યો હોવાનું એસોસિયેશન ઑફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એમ્ફિ)એ આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

વધુમાં ગત જુલાઈ મહિનામાં આ સેગ્મેન્ટમાં સતત ૫૩માં મહિનામાં ચોખ્ખો આંતરપ્રવાહ જોવા મળ્યો હોવાનું એસોસિયેશને આંકડાકીય માહિતીમાં જણાવતાં ઉમેર્યું હતું કે ગત જુલાઈ મહિનામાં આંતરપ્રવાહ આગલા જૂન મહિનાના રૂ. ૨૩,૫૮૭ કરોડના આંતરપ્રવાહ સામે વધીને રૂ. ૪૨,૭૦૨ કરોડની સપાટીએ રહ્યો હતો.

જુલાઈ મહિનાના ઈક્વિટી ફંડની કેટેગરીમાં જોવા મળેલા આંતરપ્રવાહમાં મુખ્યત્વે થીમેટીક ફંડમાં સૌથી વધુ રૂ. ૯૪૨૬ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો. ત્યાર બાદ અનુક્રમે ફ્લેક્સીકેપ ફંડમાં રૂ. ૭૬૫૪ કરોડનો આંતરપ્રવાહ રહ્યો હતો.

આ સિવાય સ્મોલ કેપ ફંડમાં રૂ. ૬૪૮૪ કરોડનો, મિડકેપ ફંડમાં રૂ. ૫૧૮૨ કરોડનો, લાર્જ અને મિડ કેપ ફંડમાં રૂ. ૫૦૩૫ કરોડનો અને લાર્જ કેપ ફંડમાં રૂ. ૨૧૨૫ કરોડનો ચોખ્ખો આંતરપ્રવાહ રહ્યો હતો. ■

## કબૂતરખાના વિવાદ

# સવારે ફક્ત બે કલાક ચણ નાખવાની પરવાનગી આપવાની માગણી


(અમય ખરાડે)

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: દાદર કબુતરખાનાને પાલિકા દ્વારા ફરી એક વખત તાડપત્રીથી ઢાંકી દેવામાં આવ્યું છે અને પોલીસ બંદોબસ્ત પણ વધારી દેવામાં આવ્યો છે ત્યારે દાદરના કબુતરખાના ટ્રસ્ટે અહીં બોર્ડ લગાવ્યું છે કે કબુતરોને સવારના છથી આઠ વાગ્યા સુધીમાં ખાદ્ય પદાર્થ આપવાની મંજૂરી પાલિકા પાસે પત્ર લખીને માગવામાં આવી છે. જોકે પાલિકા પ્રશાસન દ્વારા આવો કોઈ પણ પત્ર તેમને મળ્યો ન હોવાનો દાવો કરવામાં આવ્યો હતો.

દાદર કબુતરખાના પરની તાડપત્રીને ગયા અઠવાડિયા વિરોધીઓ દ્વારા હટાવી દેવામાં આવ્યા બાદ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા તેને ફરીથી તાડપત્રી નાખીને ઢાંકી દેવામાં આવ્યું છે. તેમ જ કબુતરોને ખાદ્ય પદાર્થ નાખતા નાગરિકોને રોકવા માટે મુંબઈ પોલીસે કબુતરખાનાના આજુબાજુના પરિસરમાં બેરિકેડ્સ ગોઠવી દીધા છે અને સુરક્ષા પણ વધારી દીધી છે. પંચાવન વર્ષના નાગરિક દ્વારા કારની

(જુઓ પાનું ૪) ▸▸

## ૧૧ દિવસમાં રૂ. ૩૨,૦૦૦નો દંડ અને ત્રણ એફઆઈઆર

ગેરકાયદેસર રીતે કબુતરોને ખવડાવતા લોકોને સ્થળ પર જ દંડ કરવામાં આવી રહ્યો છે. પાલિકા કબુતરખાનાની સાથે જ અન્ય જાણીતા સ્થળો કે જ્યાં કબુતરોને ચણ નાખવામાં આવે છે તે સ્થળો પર સીસીટીવી કેમેરા બેસાડવાનો વિચાર છે.

પહેલી ઑગસ્ટથી ૧૧ ઑગસ્ટ, ૨૦૨૫ સુધીના ૧૧ દિવસમાં ૨૪ વોર્ડમાંથી કુલ ૩૨,૦૦૦ રૂપિયાનો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આ દરમ્યાન કબુતરોને ગેરકાયદે રીતે ચણ નાખનારા ત્રણ લોકો સામે પોલીસમાં એફઆઈઆર નોંધવામાં આવી છે, જેમાં ડી વોર્ડમાં એક અને જી-ઉત્તર વોર્ડ (દાદર)માં બે એફઆઈઆર નોંધવામાં આવી છે. સૌથી વધુ દંડ પી-દક્ષિણ વોર્ડ ગોરેગામમાંથી ૬૦૦૦ રૂપિયા અને ૫,૫૦૦ રૂપિયા જી-ઉત્તર વોર્ડ (દાદર)માંથી વસૂલ કરવામાં આવ્યાં છે. ■

## બૉમ્બે હાઈ કોર્ટના આદેશ સામેની અરજી સુપ્રીમે ફગાવી

કબૂતરખાનામાં કબૂતરોને ચણ નાખનારી વ્યક્તિઓ સામે ફર્સ્ટ ઈન્ફોર્મેશન રિપોર્ટ નોંધવાના બોમ્બે હાઈ કોર્ટના હુકમ સામેની અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી હતી. જસ્ટિસ જે. કે. મહેશ્વરી અને જસ્ટિસ વિજય બિશનોઈએ આમાં દરમિયાનગીરી કરવાનો ઈનકાર કરતા કહ્યું હતું કે 'સમાંતર ખટલો' અયોગ્ય છે. અરજદાર હુકમના સુધારા માટે હાઈ કોર્ટ જઈ શકે છે.

સર્વોચ્ચ અદાલત પશુપ્રેમી અને બીજાઓએ બોમ્બે હાઈ કોર્ટના આદેશને પડકારતી અરજી સાંભળી રહી હતી.

હાઈ કોર્ટે હુકમમાં એવું નિરીક્ષણ કર્યું હતું કે આ બાબત લોકોના આરોગ્યની અને બધા વયજૂથના લોકોની તંદુરસ્તી સામેના ખતરાની છે. હાઈ કોર્ટે આ અગાઉ બીએમસીને મહાનગરમાં રહેલા કોઈ પણ જૂના કબૂતરખાનાને તોડવાની મનાઈ ફરમાવી હતી. જોકે કોર્ટે પક્ષીઓને ચણ નાખવાની છૂટ આપવાનો ઈનકાર કર્યો હતો. અદાલતે કબૂતરોના ઝુંડને લીધે માનવ આરોગ્યની સુરક્ષા સામે ઊભા થતા ખતરા અને માનવ આરોગ્યને પ્રાધાન્ય આપવા પર

(જુઓ પાનું ૪) ▸▸

# 'મત ચોરી' મામલે વિપક્ષોનું ઠેરઠેર પ્રદર્શન

## ચૂંટણી પંચના પ્રતીકની પ્રતિકૃતિ સળગાવી

મુંબઈ: રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એસપી)ના કાર્યકરોએ મહાસચિવ જિતેન્દ્ર આવ્હાડના નેતૃત્વમાં સોમવારે થાણે શહેરમાં પાર્ટી કાર્યાલયની બહાર ચૂંટણી પંચ (ઈસી)ના પ્રતીકની પ્રતિકાત્મક નનામી સળગાવી હતી.

પાર્ટીના ઘણા વરિષ્ઠ કાર્યકરો અને કાર્યકરોએ ભાગ લેનારા વિરોધ પ્રદર્શન દરમિયાન, વિપક્ષ એનસીપી (એસપી)એ ચૂંટણી પંચ પર 'દેશની લોકશાહીનો નાશ કરવાનો' અને શાસક ભાજપ સાથે મળીને કામ કરવાનો આરોપ લગાવ્યો હતો.

'નવી દિલ્હી અને અન્યત્ર થયેલા વિરોધ પ્રદર્શનની જેમ, અમે થાણેમાં બંધારણના રક્ષણ

(જુઓ પાનું ૪) ▸▸

## ફડણવીસ 'ભ્રષ્ટ' પ્રધાનોને બચાવી રહ્યા છે: ઉદ્ધવ

મુંબઈ: શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ સોમવારે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર તેમના પ્રધાનમંડળમાં રહેલા ભ્રષ્ટ પ્રધાનોને 'બચાવવા'નો આરોપ લગાવ્યો અને એવો દાવો કર્યો હતો કે શાસક મહાયુતિએ રાજ્યને વિકાસમાં છેલ્લા સ્થાને અને ભ્રષ્ટાચારમાં ટોચ પર ધકેલી દીધું છે.

મુખ્ય હરીફ શિવસેનાના 'ભ્રષ્ટ' પ્રધાનોને બરતરફ કરવાની માગણી માટે અહીં આયોજિત

(જુઓ પાનું ૪) ▸▸

## ઉદ્ધવે જનાદેશ ચોરી લીધો, તેથી લોકોએ ઘરે બેસાડ્યા: ફડણવીસ

મુંબઈ: જન આક્રોશ યાત્રા દરમિયાન, ઉદ્ધવ ઠાકરેએ દેવેન્દ્ર ફડણવીસ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે મને તેમની દયા આવે છે. તેમણે ફડણવીસને ચોરોના વડા પણ ગણાવ્યા હતા. ભાજપ એટલે ભ્રષ્ટ જનતા પાર્ટી એમ પણ કહ્યું હતું. આ વિશે પૂછવામાં આવતા, દેવેન્દ્ર ફડણવીસે ઉદ્ધવ ઠાકરેને જનાદેશ ચોર કહ્યા હતા.

(જુઓ પાનું ૪) ▸▸

## ઉદ્ધવના દાવાથી રાજકારણમાં ખળભળાટ

## 'ભાજપના એક નેતાએ મને ઈવીએમ હેક કેમ થાય તે બતાવ્યું'

મુંબઈ: મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્યપ્રધાન અને શિવસેના યુબીટી પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ ભાજપના એક નેતાનો ઉલ્લેખ કરીને ચોંકાવનારો દાવો કર્યો છે. ભાજપના નેતાનું નામ લીધા વિના તેમણે કહ્યું કે જ્યારે અમારી પાર્ટી ભાજપ સાથે ગઠબંધનમાં હતી, ત્યારે

(જુઓ પાનું ૪) ▸▸










# બેલાસિસ ફ્લાયઓવર ડેડલાઈન કરતા ચાર મહિના પહેલા ખુલ્લો મુકાશે

## તાડદેવ-નાગપાડા અને મુંબઈ સેન્ટ્રલને જોડનારો બ્રિજ હવે ક્રિસમસમાં ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: તાડદેવ-નાગપાડા અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનને જોડનારો બેલાસિસ બ્રિજની નક્કી કરેલી ડેડલાઈન કરતા વહેલા કામ પૂરું કરીને ખુલ્લો મૂકવામાં આવે એવી શકયતા છે. મુંબઈ મહાનગરપાલિકાએ આ ફ્લાયઓવરના બાંધકામ માટેની ડેડલાઈન એપ્રિલ ૨૦૨૬ની રાખી હતી પણ હવે તેનું કામ પચીસમી ડિસેમ્બર સુધીમાં પૂરું કરીને તેની વહેલી તકે વાહનવ્યવહાર માટે ખુલ્લો મૂકવામાં આવવાનો છે.

બેલાસિસ ફ્લાયઓવરના પુનઃબાંધકામનું કામ પશ્ચિમ રેલવે અને મુંબઈ મહાનગરપાલિકા દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી રહ્યું છે, જેમાં બ્રિજનું રેલવે હદમાં આવતું કામ પશ્ચિમ રેલવે અને ફ્લાયઓવરના અપ્રોચ રોડનું કામ પાલિકા દ્વારા કરવામાં આવી રહ્યું છે, જે અંતર્ગત

(જુઓ પાનું ૪) ▸▸

## નાગપુરમાં હૃદયદ્રાવક ઘટના

## પત્નીના શબને બાઈકની સીટ પર બાંધીને લઈ જતો વીડિયો વાયરલ

નાગપુર: નાગપુરમાં હાઈવે પર બનેલી હૃદયદ્રાવક ઘટનામાં અકસ્માત બાદ મદદ માટે કોઈ સામે ન આવતાં પત્નીના શબને બાઈકની પાછલી સીટ પર બાંધી પતિ ઘર તરફ રવાના થયો હતો. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો.


મળતી માહિતી અનુસાર ઘટના નવમી ઑગસ્ટે નાગપુર-જબલપુર નૅશનલ હાઈવે પર બની હતી. પોલીસે શબને બાઈક પર બાંધીને લઈ જતા પતિને રોકવા પહેલાં તેનો વીડિયો શૂટ કર્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ મધ્ય પ્રદેશના સિયોની જિલ્લામાં રહેતો અમિત યાદવ (૩૫) પત્ની ગ્યારસી સાથે બાઈક પર નાગપુરના લોણારાથી પડોશી રાજ્યમાં આવેલા વતન કરનપુર જઈ રહ્યો હતો. તે સમયે પૂરપાટ વેગે આવેલી ટ્રકે યાદવની બાઈકને ટક્કર મારી હતી.

અકસ્માતને કારણે ગ્યારસી બાઈક પરથી જમીન પર પટકાઈ હતી. ગ્યારસી પર ટ્રક ફરી વળતાં તેનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું હતું. અધિકારીના જણાવ્યા

(જુઓ પાનું ૪) ▸▸




"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. RNI Registration No. 1563/1957. ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ samachar.bombay@gmail.com ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. R.N.I. No. 1563/1957.